સરસ્વતી વિદ્યામંડળ

સ્થાપના : ૧૯૪૪

**આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...**

છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૧ | સળંગ અંક : ૪૯૯ | અંક : ૯ | ડિસેમ્બર-૨૦૧૮

**મુ.શ્રી જશીબહેન નાયક ● સરસ્વતી વિદ્યામંડળ**

## શુભેચ્છા રેલી





શતાબ્દી વંદના

અમૃત પર્વ

મુ. શ્રી જશીબહેન નાયક • સરસ્વતી વિદ્યામંડળ

# શુભેચ્છા રેલી














# ઘરશાળા

**ડિસેમ્બર - ૨૦૧૮**

**વર્ષ : ૪૧ સળંગ અંક : ૪૯૯**

સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**, **રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**, **જ્યોતીન્દ્રભાઈ દવે**, **સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**, **અમીતાબહેન પાલખીવાલા**, **અશોકભાઈ સોમપુરા**, **હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**

**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ ¤ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ ¤ |

**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org

## અનુક્રમ


| | |
|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ / ૪ |
| સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે / ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક / ૭ |
| મેલ કરવત... | રતિલાલ બોરીસાગર / ૧૪ |
| શિક્ષણનો અભિગમ બદલવો પડશે | હીરજીભાઈ નાકરાણી / ૧૬ |
| પેરેન્ટિંગ ઉર્ફે માતાપિતાનું પ્રશિક્ષણ | રવીન્દ્ર અંધારિયા / ૨૧ |
| મુ. શ્રી જશીબહેન નાયક 'શતાબ્દી વંદના' તથા સરસ્વતી વિદ્યામંડળ 'અમૃત પર્વ'ની શુભેચ્છા રેલી | |
| ધારા ત્રિવેદી - સંગ્રામ ખેલવાની તમન્ના એ જ સાચી જિજીવિષા | ડૉ. ઉર્મિલાબહેન શાહ / ૨૪ |
| બાહુબળથી અદકેરું આત્મબળ | રણછોડ શાહ / ૨૬ |
| ચમત્કારની કિંમત | હરિત પંડ્યા / ૨૮ |
| દુનિયાના સૌથી ઊંચા શિલ્પના સર્જક - રામ સુતાર | / ૨૯ |
| આપણું વિશિષ્ટ બંધારણ | પાલખીવાલા અમિતા મનુભાઈ / ૩૦ |
| વસિયતનામું | પંડ્યા પ્રમોદકુમાર મુકુન્દચંદ્ર / ૩૪ |
| શિક્ષક છીએ, આટલું કરીએ... | / ૩૬ |
| હું માસ્તર બન્યો | / ૩૮ |
| વિદ્યાર્થી આલમ | |
| "વિસરાયેલી યાદો" | જાદવ મિતાલી વિ. /૩૯ |
| પિતા | જાદવ મિતાલી વિ. /૩૯ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા / ૪૧ |


# "ઘરશાળા" શૈક્ષણિક માસિક

**લેખક જોગ - વાચકો જોગ**

**માહિતી મોકલવા માટે ઈ-મેઈલ**

**gharashala@saraswatividyamandal.org**

**વાંચવા માટે**

**www.saraswatividyamandal.org/publication**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## શિક્ષણમાં લાગણીઓનું મહત્ત્વ

શિક્ષણ અને બુદ્ધિ વચ્ચે વિશેષ નાતો બંધાયેલો હોવાની વાત શિક્ષકો, માબાપ, કેળવણીકારો તેમજ સાધુસંતો વગેરેએ સ્વીકારેલી છે, એટલું જ નહિ, બુદ્ધિ હોય તે જ ભણી શકે એવું સત્ય તારવેલું છે. બુદ્ધિનું પ્રમાણ માપવાનું સૂત્ર પણ નક્કી કરેલું છે, જેને બુદ્ધિ-આંક (I.Q.) કહે છે. સમગ્ર શિક્ષણ પ્રક્રિયામાં બુદ્ધિનું પ્રાધાન્ય અને ભૂમિકા કેન્દ્રસ્થાને પ્રવર્તે છે.

પરંતુ શિક્ષણમાં બુદ્ધિ જેટલું જ, બલકે તેથી વિશેષ મહત્ત્વ જેનું છે, તે મન-લાગણીઓ કે સંવેદનાઓ પિછાણવાનું કે સ્વીકારવાનું જે બહુ ઓછા લોકો સમજે છે.

લાગણીઓ અને ભાવનાઓ શિશુઅવસ્થામાં અતિ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સમગ્ર બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા અને તારુણ્યના વિકાસમાં લાગણીઓ ભાવનાઓનો ફાળો કંઈ ઓછો નથી. વ્યક્તિના ઊર્મિતંત્રના વિકાસની વિશેષ અસર તેના સમગ્ર જીવનની ક્ષમતા, દક્ષતા અને સુખસમૃદ્ધિ ઉપર પડતી રહે છે.

લાગણીઓ સકારાત્મક અને નકારાત્મક હોઈ શકે છે. તે સર્જનાત્મક અને ખંડનાત્મક પણ બની શકે છે. તો અધિક પ્રમાણમાં વિકસેલી ભાવનાઓ વ્યક્તિની સક્રિયતાને બાધક પણ નીવડે છે. એટલું જ નહિ, ક્યારેક નુકસાનકારક પ્રવૃત્તિઓ તરફ દોરી જાય છે. તેથી વ્યક્તિ અશાંત અને દુ:ખી થઈ જાય છે. તો બીજી તરફ સકારાત્મક લાગણીઓ દ્વારા વ્યક્તિમાં આનંદ, ઉત્સાહ અને પ્રસન્નતા રેલાય છે.

બાળઉછેર અને શિક્ષણના વિવિધ ઉદ્દેશો પૈકીનો એક છે બહેતર વ્યક્તિઓ તૈયાર કરવાનો, જેઓ દુ:ખ, દિલગીરી અને હતાશાનો સામનો કરી શકે. જિંદગીના સારા માઠા સંજોગો, કે જે અનિવાર્ય છે, તેમનાથી હાર્યા વિના, જીવનમાં પ્રાપ્ત થતા આનંદોલ્લાસ માણી શકે, તેવાં સ્ત્રીપુરુષો ઘડવામાં લાગણીઓ કે ભાવનાઓના શિક્ષણ થકી ઘણું બધું થઈ શકે એમ છે. માત્ર બુદ્ધિથી પ્રતિભાવિકાસ શક્ય બનતો નથી.

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે

## સરસ્વતી વિદ્યામંડળના
## અમૃત પર્વ (૭૫ વર્ષ)ની પૂર્વ સંધ્યાએ...

સરસ્વતી વિદ્યામંડળ ૭૪ વર્ષ પૂરા કરી ૭૫ વર્ષમાં પ્રવેશ કરે છે. સંસ્થા માટે આ ઐતિહાસિક ઘટના છે. ૭૫ વર્ષના પડાવે ઊભા રહી પાછળ દૃષ્ટિ કરીએ ત્યારે સ્વાભાવિક રીતે ભૂતકાળમાં સરી પડાય.

સરસ્વતી વિદ્યામંડળના સ્થાપના વર્ષ ૧૯૪૪નો સમય આઝાદીની લડતનો અંતિમ તબક્કો હતો. સ્વતંત્રતાના પરોઢ પહેલાનું તોફાન દેશને ઘમરોળી રહ્યું હતું. બીજા વિશ્વયુદ્ધનો અંત, ૪૨ની હિન્દ છોડો ચળવળ, અંગ્રેજ સરકારના અળવીતરા કમિશનોના રિપોર્ટ, કોમવાદ અને ધાર્મિક કટ્ટરતા તેની ચરમ સીમાએ, દેશના રાજકીય પક્ષોમાં મતભેદો અને મનભેદો, નેતાઓનો અહમ્, અંગ્રેજોની રાજ રમતો અને ગાંધીની લાચારી. આવા વિષાદ ભર્યા સમયમાં રાષ્ટ્રીય શાળા અને શાંતિનિકેતનમાંથી શિક્ષિત અને દીક્ષિત પામેલા ડૉ. રઘુભાઈ નાયક અને મુ.શ્રી જશીબહેન નાયક સાથે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં સ્વતંત્ર ભારતના નાગરિકોનું ઘડતર અને સંસ્કાર સિંચન કરવાના સ્વપ્ન સાથે સરસ્વતી વિદ્યાલયની સ્થાપના નવેમ્બર ૧૯૪૪માં કરે છે.

"સા વિદ્યા વિમુક્તયે" મુક્તિ અપાવે તેવી વિદ્યાના મંત્ર સાથે યજ્ઞની શરૂઆત કરે છે. એ સમય હતો જ્યારે લોકો શિક્ષણનું મહત્ત્વ સમજતા નહીં, શિક્ષણનો અભાવ અને નિરીક્ષકોની બહુમતીવાળો સમાજ, ખેડૂતનો દીકરો ખેડૂત જ થાય, મજૂરનો દીકરો મજૂર જ થાય, ધનવાનો અને જમીનદારના વારસો બાપ-દાદાની ગાદી સાચવે, ઊજળિયાતો સરકારી નોકર થાય અને શિક્ષણ ઈજારો કહેવાતા ભદ્ર સમાજનો. પછાત માનસિકતાવાળો સમાજ ગાંધીના નૂતન શિક્ષણના વિચારને પચાવી શક્યો ન હતો. આવી દારુણ સામાજિક પરિસ્થિતિ વચ્ચે સ્વતંત્ર ભારતના નાગરિકોનું ઘડતર કરવાના સંકલ્પ સાથે મુ.શ્રી રઘુભાઈ અને મુ.શ્રી જશીબહેન અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આસન જમાવી સ્થિર ચિત્તે શિક્ષણનું કાર્ય આરંભ કરે છે.

શિક્ષણમાં પડકારો ત્યારે પણ હતા. વાલીઓમાં અક્ષરજ્ઞાનનો અભાવ, બાળમજૂરી, મૂંઝવતા બાળકો અને મૂંઝવતા વાલીઓ, અંગ્રેજોના વારસામાં મળેલી શિક્ષણ પદ્ધતિ, સોટી વાગે ચમ્ ચમ્ વિદ્યા આવે ઝમ ઝમની વ્યાપક માન્યતા. બાળમાનસ અને બાળકોની સ્વભાવગત શક્તિઓનો ઉપહાસ. આવા અંધકારમય સમયમાં શહેરના પછાત, ગરીબ અને મજૂર વિસ્તારમાં શાળા શરૂ કરવાનું સાહસ મુ.શ્રી રઘુભાઈ અને જશીબહેન કરે છે.

એક જર્જરિત બંધ પડેલી મીલના પતરાવાળા ગોડાઉનમાં ગાંધી અને ટાગોરની વિચારધારાનો સમન્વય કરી જ્ઞાનની જ્યોત પ્રગટે છે અને આ જ્યોત જોત જોતામાં અમદાવાદના પૂર્વ વિસ્તારની જ્ઞાનદીપિકા

બને છે. ગોડાઉન આશ્રમ શાળામાં પરિવર્તિત થાય છે. નૂતનશિક્ષણના પ્રયોગોના મંડાણ થાય છે. કલા, વિજ્ઞાન, શ્રમ અને જીવનમૂલ્યોનું શિક્ષણ અપાય છે. સમાજમાં જાગૃતિ આવે છે. શાળાનું સામાજિકરણ થાય છે અને સાચા અર્થમાં શાળા સમાજની બને છે. ઘર અને શાળાનો સમન્વય સ્થપાય છે. સક્રિય વાલી મંડળો કાર્યરત થાય છે, શિક્ષકોની માનસિકતા બદલાય છે, વિદ્યાર્થી સંઘ દ્વારા લોકશાહીના પાઠ ભણાવાય છે, રંગમાધુકરી જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સંગીત, નૃત્ય, નાટકો અને સાહિત્યનો વિદ્યાર્થીઓ આસ્વાદ માણે છે. આ બધુ રઘુભાઈ અને જશીબહેનની શાળાઓમાં ૭૪ વર્ષથી કાર્યરત છે.

આજે ૭૫ વર્ષના ઉંબરે આવી ઊભા છીએ ત્યારે સરસ્વતી વિદ્યામંડળ આનંદ, ગૌરવ અને સંતોષની લાગણી અનુભવે તે સ્વાભાવિક છે. મુ.શ્રી રઘુભાઈ અને જશીબહેનની શૈક્ષણિક વિભાવના અને વિચારધારાને આગળ લઈ જવા અમે સારસ્વતો કૃતનિશ્ચયી છીએ. સંઘર્ષો અને પડકારો અમે ઝીલ્યા છે. ૭૫ વર્ષના ઠહેરાવ ઉપર અમે અમારા સંકલ્પો દોહરાવીએ છીએ.

(૧) શિક્ષણ દ્વારા ચારિત્ર્ય ઘડતર અને નૈતિક મૂલ્યોનું સંસ્કરણ કરવું. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ દ્વારા ઉત્તમ નાગરિકોનું નિર્માણ કરવું.

(૨) શિક્ષણ દ્વારા રાષ્ટ્ર ઘડતર અને વૈશ્વિકસ્તરના જ્ઞાનનો આવિષ્કાર કરવો. આધુનિક ટેક્નોલૉજી અને વૈજ્ઞાનિક અભિગમ દ્વારા માનવીય મૂલ્યો વિકસાવવા.

(૩) આજની વિકાસશીલ સરસ્વતી, વૈશ્વિકરણના પડકારોને ઝીલે, સમજે, અપનાવે અને વિશ્વમાનવનું નિર્માણ કરી વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાને સદીઓ સુધી ગૌરવવંતી બનાવે અને મૂર્તિમંત કરે.

અમારા આ સંકલ્પોમાં અમારી શ્રદ્ધા અને વિશ્વાસ કાયમ ટકી રહે તેવી અભ્યર્થના...


## “ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી”

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ ‘ઘરશાળા’ રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં ‘ઘરશાળા’ આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં ‘ઘરશાળા’ આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં ‘ઘરશાળા’ આવે છે ? આપ સૌ ‘ઘરશાળા’ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતી છે. ‘ઘરશાળા’ના ગ્રાહક ગમે તે માસથી થઈ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/- ● આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**‘ઘરશાળા’ માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org • www.saraswatividyamandal.org/publication**

## સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

**મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.**

# વિદ્યાર્થી ચૂંટણી-મંત્રી મંડળની રચના

"બહેન, રઘુભાઈ આપને એક અગત્યના કામ માટે બોલાવે છે." હું એક વાલી સાથે વાત કરતી હતી ત્યારે લક્ષ્મણે આવીને મને કહ્યું. "હમણાં આવું છું એમ રઘુભાઈને કહેજે." એમ મેં કહ્યું. રઘુભાઈને મારું જરૂરી કામ પડ્યું હશે એમ વિચારતી હું વાલી સાથે વાત પૂરી કરીને રઘુભાઈની ઑફિસમાં પહોંચી. ઑફિસમાં પ્રવેશતાં જ મેં પૂછ્યું, "શું કામ પડ્યું છે ?" વિદ્યાર્થીસંઘની સ્થાપનાનો સમય પાકી ગયો હોવાથી આજે શિક્ષકોને મળવાનું નક્કી કર્યું છે. તેથી પાંચથી સાડાપાંચ આપણે સભાગૃહમાં મળીશું. સૌ શિક્ષકોને ખબર આપી દીધાં છે.

આમ, સાંજે પાંચ વાગ્યે સૌ શિક્ષકો સભાગૃહમાં ભેગા થયા. રઘુભાઈ કહે, "આ વિદ્યાર્થી સ્વરાજની વાત તમે જ શિક્ષકોને સમજાવો, એમ હું ઈચ્છું છું."

હસીને હું ઊભી થઈ. મેં શિક્ષકોને પૂછ્યું, "શાળામાં વિદ્યાર્થીસંઘ શા માટે હોવો જોઈએ. એ માટે તમારામાંથી કોઈ કંઈ કહી શકશે." એક શિક્ષકે કહ્યું, "એ લોકોને પોતાની કંઈ વાત કહેવી હોય તો તે પોતાના સંઘ દ્વારા કહી શકે ને ?" તરત જ બીજા શિક્ષકે કહ્યું, "બાળકો પોતાની જવાબદારી સમજી શકે ને ? તો ત્રીજા ભાઈ કહે, "રોજબરોજના કામમાં વિદ્યાર્થી પ્રતિનિધિઓની આપણને મદદ મળી રહે." તો એક શિક્ષક કટાક્ષમાં બોલ્યા, "તેઓને ન ગમે એવું થાય તો હડતાળ પણ કરે ને ?" તેમને રોકીને મેં તરત જ કહ્યું, "સંઘ શું માત્ર હડતાળ પાડવા માટે છે ? એ વાત આપણે વિદ્યાર્થીઓને શીખવવી છે ? સંઘની અગત્યની વાત અગાઉના શિક્ષકોએ કરી જ છે. ભૂલેચૂકે પણ કોઈ કારણસર આવા વિચારો તરફ બાળકોને આંગળી ચીંધવી તે સંઘની પ્રવૃત્તિને નુકસાનકારક નીવડે. આ ઉંમરના વિદ્યાર્થીને તો જવાબદારીમાં સહયોગ આપતાં શીખવવું એ જ મહત્ત્વનું છે. શિક્ષક મિત્રો હવે હું મારા વિચારો આપની સમક્ષ મૂકું છું. પછી આપને જે પ્રશ્નો પૂછવા હોય તે પૂછી શકો છો."

શિક્ષકમિત્રો,

તમારા વિચારો જાણ્યા પછી હવે હું સંઘની કાર્યવાહી વિશે તમને થોડુંક સમજાવું. મારી વાત તમને ક્યાંય ન સમજાય તો જરૂર પ્રશ્ન પૂછી લેજો. વિદ્યાર્થી સ્વરાજ શાળામાં હોય તે એક લોકશાહીનો મોટામાં મોટો પાઠ છે. લોકશાહી દેશમાં નાગરિક તરીકે તેઓ સ્થાન મેળવે તે પહેલાં થોડા સચ્ચાઈના પાઠો શીખી શકે તે બહુ જરૂરી છે. સ્વતંત્રતાને સમજતાં શીખે એ પણત્ત્વની બાબત છે. હા, તમને મળતી સ્વતંત્રતા સ્વચ્છંદતા તરફ ન વળે એ માટે આપણે સતત કાળજી રાખવી પડે. તેથી આ એક પાઠ છે એ સંપૂર્ણ જવાબદારી નથી. આપણી, શાળાની, વર્ગની વ્યવસ્થામાં, પ્રાર્થનાની, કાર્યક્રમોની વ્યવસ્થામાં શિક્ષકોને કેવી વ્યવસ્થા કરવી પડે છે તેની સમજણ વિદ્યાર્થીઓમાં વધે તેથી ધીરે ધીરે નાની નાની જવાબદારીઓ સમજીને વ્યવહારમાં મૂકતાં શીખે તે મહત્ત્વનું અંગ છે. પિતા જો ઘરમાં બાળકોને જવાબદારી સોંપે કે આટલા રૂપિયામાંથી રસોડાનો સામાન લઈ આવ, ત્યારે તે સામાન ખરીદતાં શીખે છે અને એ સામાનની ઘરમાં શું જરૂરિયાત છે તેની સમજણ વધે છે, આ જ વાત સ્વચ્છંદતા તરફ વળે તો તેલ, ચા, ખાંડ, લોટ કેવી રીતે વાપરવો એવી જોહુકમી મા-બાપ પર કરી ન શકે. વિદ્યાર્થી માતા-પિતાના કાર્યક્ષેત્રમાં મદદરૂપ થાય એ જરૂરી છે. ઉપરાંત સાહિત્ય, વિજ્ઞાન, કલા, સંગીત, સમાજવિદ્યા જેવા અભ્યાસક્રમના વિષયોને સમજીને એને પૂરક પ્રવૃત્તિઓ કરાવવા આપણી મંડળીના સૌ વિષય શિક્ષકો બાળકોને પ્રેરણા આપી શકે જેથી તે રચનાત્મક બને. દા.ત. ભાષાના શિક્ષકો ભાષાઅંગે નાની નાની પત્રિકાઓ બહાર પાડી શકે.

માસિકો લખવાની પ્રેરણા આપી શકે. વિજ્ઞાનના શિક્ષક છેલ્લામાં છેલ્લી શોધ વિષે દીવાલપત્રિકા લખાવી શકે. જેથી આખી શાળાના વિદ્યાર્થીઓને લાભ થાય. તેવી જ રીતે સંગીત અને ચિત્રકલાના શિક્ષકો એ બંને દુનિયામાં શું બની રહ્યું છે તે બતાવી શકે. આમ, આપણે સૌએ પણવિદ્યાર્થીઓની આગેકદમ પ્રવૃત્તિઓમાં કદમ મિલાવીને મદદરૂપ થવાનું રહે. આપણી વ્યવસ્થા આપણે નીચે પ્રમાણે કરીશું. (૧) દરેક વર્ગમાં પ્રતિનિધિઓ પોતાનો પ્રતિનિધિ બનવા માટે ચૂંટણીમાં ઊભા રહે. છ વિદ્યાર્થી કરતાં વધારે વિદ્યાર્થી ચૂંટણીમાં ઊભા રહે તો તેની ચૂંટણી વર્ગશિક્ષક કરે. તેમાંથી છ વિદ્યાર્થીઓ ચૂંટાઈ જાય. આ દરેક વર્ગના છ પ્રતિનિધિઓની સભા ધારાસભા જેવી બને છે. અને એ વર્ગપ્રતિનિધિઓમાંથી પ્રધાનમંત્રીની જેમ એક મહામંત્રી ચૂંટાય છે. આ મહામંત્રી માટે ચૂંટાયેલી ધારાસભા-મહાસમિતિ દ્વારા શાળામાં ચૂંટણી કરી મહામંત્રી તરીકે ઊભા રહેવા માટે ઉપરના વર્ગમાંથી ઊભો રહે તે જોવાનું કામ આચાર્યનું અને શિક્ષકનું બની રહે છે.

આ પદ્ધતિ પ્રમાણે કોઈ એક શનિવારે છેલ્લા બે પિરિયડમાં મહામંત્રીની ચૂંટણી થાય તો આવતા અઠવાડિયામાં દરેક વર્ગ શિક્ષક પોતાના વર્ગમાં અનુકૂળતા પ્રમાણે પ્રતિનિધિઓની ચૂંટણી કરી લે અને ચૂંટાયેલા પ્રતિનિધિઓનાં નામ ફૂલસ્કેપ કાગળમાં વર્ગમાં મૂકવામાં આવે. એ વર્ગ પ્રતિનિધિઓને મહામંત્રીને મત આપવાનો અધિકાર છે એ વાત સૌ વિદ્યાર્થીઓને સમજાવશો એવી હું આશા રાખું છું. મારી વાત પૂરી થઈ.''

મારી આ વાતને રઘુભાઈએ ટેકો આપ્યો તેથી હું પણ ખુશ થઈ.

''દોસ્તો, આ વાત આવતીકાલની પ્રાર્થનામાં વિદ્યાર્થીઓને તમારામાંથી જો કોઈ સમજાવી શકે તો સારું.''

મિ. દવેએ આ જવાબદારી લીધી. તેઓ હસતાં હસતાં કહે કે, ''હું કાંઈ ભૂલી ગયો તો આપ તે સમજાવી દેશોને ?'' અમે બંનેએ હા પાડી.

બીજા દિવસની પ્રાર્થનામાં મિ. દવેએ બાળકોને સમજાય તે રીતે વાત કરી. છેલ્લે રઘુભાઈએ સમજાવ્યું વિદ્યાર્થી દોસ્તો, વિદ્યાર્થી સંઘની ચૂંટણીની આપણી આ પદ્ધતિ આપણાં દેશની ધારાસભા અને પાર્લમિન્ટની ચૂંટણી જેવી જ બની રહે છે. લોકશાહીને ઊંચી લાવવામાં અને જવાબદારીને સમજવામાં તમે સૌ સફળ થાઓ એવી હું આપ સૌને શુભેચ્છા આપું છું. મને આશા છે કે આવતા દસ દિવસમાં સંઘની કાર્યવાહીમાં ચૂંટાયેલા સૌ વિદ્યાર્થી દોસ્તોની ઓળખાણ પ્રાર્થનામાં તમને સૌને હું આપી શકીશ. બાળકોના સ્વરાજ્યને તમે સૌ સમજો અને કાર્ય કરજો.

પ્રાર્થના પૂરી થઈ. વર્ગમાં પ્રતિનિધિઓને ચૂંટવાની વાતો આખી શાળાના વાતાવરણમાં ફેલાઈ ગઈ.

લ્યો, પ્રતિનિધિઓની ચૂંટણીનો દિવસ આવી પહોંચ્યો. એ હતી શનિવારની સવાર. સવારની ઠંડી ઠંડી હવામાં ઘટાદાર વૃક્ષો પરથી પક્ષીઓનો કલરવ સંભળાતો હતો. તો શાળામાં, વર્ગોમાં અને ખુલ્લા મેદાનોમાં બાળકોનો કલરવ સંભળાતો હતો. વિનોદ, પંકજને કહેતો હતો : દોસ્ત પંકજ ''હું તો તને જ મત આપવાનો હોં.'' તો ગુણવંત કહેતો હતો ''મેં તો કયા છ ને મત આપવા તે મેં મનમાં નક્કી કરી લીધું છે.'' દરેક દિશાએ આનંદનું વાતાવરણ છવાઈ ગયું હતું. ક્યાં ક્યાં અને કેવી રીતે યુવાન વિદ્યાર્થીઓના મનના પ્રતિભાવોનો સીધો પરિચય કરવા હું ધીરે પગલે દરેક વર્ગ પાસેથી પસાર થવા લાગી. દરેક વર્ગમાં કોણ કોને મત આપવાનું છે તે જ મુખ્ય વાત હતી. બધાની વાતો ઉપરથી એમ લાગતું હતું કે મોટાભાગના પ્રતિનિધિઓ યોગ્ય હોવા જોઈએ. જ્યારે મનમાં ખૂબ જ ખુશી થતી હતી. **સારા પ્રતિનિધિઓને ચૂંટવાની વિવેકબુદ્ધિ બાળકોમાં વિકસે એમાં તો સારા શિક્ષકોની સફળતા સમાયેલી છે.** આવા અનેક વિચારો કરતી કરતી હું મારી ઑફિસમાં પહોંચી. લક્ષ્મણ પટાવાળાએ ઘંટના બે ટકોરા વગાડ્યા અને વર્ગમાં મતગણતરીનું કામ શરૂ થયું અને

એ જ પિરિયડમાં દરેક વર્ગમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિનું લિસ્ટ અમારી ઑફિસમાં મુકાઈ ગયું.

બીજા દિવસની શરૂઆત શાળાની પ્રાર્થનાથી થઈ. સંગીત, શ્લોક અને સુવિચાર પૂરો થયો અને રઘુભાઈએ દરેક વર્ગના પ્રતિનિધિઓને સંગીત મંડળીની લાઈનમાં ઊભા રાખ્યા. દરેક વર્ગના વર્ગશિક્ષકોએ પોતાના વર્ગમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની ઓળખાણ આપી. વિદ્યાર્થીઓએ સૌને તાળીઓના ગડગડાટથી આવકાર આપ્યો. ત્યાં. મિ. દવે ઊભા થયા અને કહ્યું, "દોસ્તો, આમાંથી હવે તમારે મુખ્ય પ્રધાન ચૂંટવાના છે. આ વિદ્યાર્થીઓ તમારી પાસે ઊભા છે. તેમાંથી જે કોઈ ઉમેદવાર તરીકે ઊભા રહેશે તેઓ તમારા વર્ગમાં પોતાની ઓળખાણ આપશે અને પોતે મહામંત્રી હોય ત્યારે ક્યાં સારાં કામો કરવા માંગે છે તે ઈચ્છા તમારી સમક્ષ પ્રગટ કરશે. તમને ઊભા રહેલા ઉમેદવારોમાંથી જે યોગ્ય લાગે તેને તમે મત આપી શકશો. મહામંત્રી તરીકે ઉમેદવારી નોંધાવનાર વિદ્યાર્થીને હું વિનંતી કરું છું કે તમારી ઉમેદવારીની અરજીની નીચે તમારા વર્ગશિક્ષક તમારા માટે અભિપ્રાય વ્યક્ત કરતી એક નાની નોંધ લખે. જેથી ઉમેદવારની યોગ્યતાનો ખ્યાલ શાળાના આચાર્યને આવે. આવતીકાલની પ્રાર્થનામાં જે લોકો મહામંત્રી તરીકે કામ કરવા ઈચ્છા ધરાવે છે તેઓ સૌ તેમની ઓળખાણ પ્રાર્થનામાં આપશે. મહામંત્રી તરીકે ઊભા રહેવાની એક લાયકાત એટલે બધા વિષયોમાં પાસ થનાર વિદ્યાર્થી. નાપાસ થનાર વિદ્યાર્થી મહામંત્રી બનવા ઈચ્છે તો કદાચ વાલીઓનો સહકાર ન મળે. આમ, નાના-મોટાં બધાં કારણો વિદ્યાર્થીઓને સમજાવી દીધાં. પ્રાર્થનાસભા એક ચૂંટણી સમજણની સભા બની ગઈ. એ સભા પૂરી થતાં બાળકો અનેક નાની-મોટી ચૂંટણીની વાતો કરતાં-કરતાં વર્ગ તરફ ગયા.

**<u>મહામંત્રી બનતા પહેલાની પરીક્ષા :</u>**

બીજા દિવસે મહામંત્રી બનવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પોતાની ઓળખાણ આપી. એક વિદ્યાર્થી જરાક સ્માર્ટ હતો. તેણે પોતાની અરજી નીચે લખેલી નોંધ વાંચી. એ જોઈને બીજા ઉમેદવારોને પણ પોતાની નોંધ વાંચવાનું મન થયું. પણ સમય નહોતો. છ દિવસ પછીનો શનિવાર મહામંત્રીની ચૂંટણીનો હતો. સોમવારથી દરેક ઉમેદવાર પોતાના વિશેની માહિતી આપતા ચાર્ટ મૂકવા માટેની મંજૂરી માગી. એ ચાર્ટની રફ નકલ આચાર્યને આપવી જોઈએ એવો નિર્ણય આચાર્ય અને વર્ગશિક્ષકોએ લીધો. અને એ રફકોપીમાં સારી ભાષા વપરાય એવા સુધારા-વધારા કરી આપ્યા અને રફકોપી વર્ગશિક્ષકને પાછી સોંપી. ગુરુવાર સુધી બે-બે ઉમેદવારને પોતાના વિશે પ્રાર્થનામાં બોલવાની તક આપવામાં આવી. આમ ઊભેલા ઉમેદવારોનો પ્રચાર જોર-શોરથી ચાલ્યો. કેટલાંક માતા-પિતા સાંજે કહી જતા કે "મારો દીકરો મહામંત્રી તરીકે ઊભો રહ્યો છે એટલે રાત્રે પણ કોઈ કોઈ વાર બીજા વર્ગના પ્રતિનિધિઓને વાત કરવા જતો રહે છે. અને હું કહેતી, "વિવેકપૂર્ણ વાતો થતી હોય તો તે પણ એક શિક્ષક જ છે. તમે તેની ચિંતા ન કરશો." આમ મહામંત્રીની યોગ્યતા માટે સૌ પ્રચાર કરતા અને વિવેક જાળવતા. એમને વિવેક જાળવતા જોઈને શિક્ષક તરીકે અમને ખુશી થતી. શુક્રવાર આવી ગયો. તે દિવસે શાળામાં શાંતિ હતી. કારણ ચૂંટણી પહેલાના આગલા દિવસે પ્રચારકાર્ય સંકેલાઈ જતું. પ્રચારબંધ રહેતો. કોઈ કોઈ તોફાની વિદ્યાર્થી બોલ્યા વિના કંઈક લખાણ લખીને ચોંટાડવાનો પ્રયત્ન કરતો તો બીજા વિદ્યાર્થી તેને સમજાવતા કે આજે આમ ન થાય. તે પણ અમારે મન એક શિક્ષણ જ હતું. આમ શુક્રવાર શિસ્તબદ્ધ રીતે પસાર થયો.

**<u>વિદ્યાર્થી સ્વરાજનો એક વિદ્યાર્થી પ્રધાન બને છે :</u>**

શાળાનો ઘંટ વાગ્યો પાછું એનું એ જ ખુશનુમા વાતાવરણ હતું. એ જ ઘટાદાર વૃક્ષમાં પક્ષીઓનો કલરવ અને નીચે બાળકોનો કલરવ સંભળાતો હતો. આજે પ્રાર્થનાસભા ન હતી. ચૂંટણીબૂથ સરસ શણગારાયું હતું.

દરેક વર્ગના છ-છ પ્રતિનિધિઓ લાઈનમાં ઊભા હતા સૌના મોં ઉપર એક પ્રકારની સ્વસ્થતા અને ઉત્સાહ જણાતાં હતાં. સૌના હાથમાં મત આપવાનો કાગળ હતો. ચૂંટણીબૂથમાં દરેક ઉમેદવારનો એક પ્રતિનિધિ અને શ્રેણી ૧૧ના સમજૂ બે વિદ્યાર્થીઓ પ્રવેશ કરતા પ્રતિનિધિઓના હાથ પર નિશાની કરતા હતા. આમ એક કલાકમાં મતદાન પૂરું થયું. મતપત્રકો આચાર્યની ઑફિસમાં આવી ગયાં. આચાર્યની સામે મતગણતરી શરૂ થઈ. મતગણતરીની ઑફિસ બહાર વિદ્યાર્થીઓ વાતો કરતા હતા. ત્રણેય ઉમેદવારોના મત ખૂબ સારા હતા. પણ બે-ચાર મતનો ફરક પડતા આખરે વિક્રમ મહામંત્રી તરીકે ચૂંટાઈ આવ્યો. એ ખરેખર સમજું, જવાબદારી લઈ શકે એવો ગરવો વિદ્યાર્થી હતો. બહાર આવીને આચાર્ય રઘુભાઈએ વિક્રમને અભિનંદન આપ્યા. તેના પછીનો ઉમેદવાર સહમંત્રી બને તે માટે રઘુભાઈએ વિક્રમને કહ્યું. બધા પ્રતિનિધિઓ એક સભાના રૂપમાં બેસી ગયા. રઘુભાઈએ પ્રતિનિધિઓને સંબોધતાં કહ્યું કે, “દોસ્તો, હવે વિક્રમ તમારો મહામંત્રી બને છે. તમે ઈચ્છો એ વિદ્યાર્થી ન આવી શક્યો હોય તો તેનું દુઃખ તમારા મનમાંથી કાઢી નાખજો. આ ત્રણમાંથી બે મહામંત્રી અને સહતંત્રી બને છે અને ત્રીજો ઉમેદવાર શાળાના શિસ્તની જવાબદારી લે તેવી વિનંતી હું વિક્રમને કરું છું અને તેનો નિર્ણય હું વિક્રમ પર છોડું છું. વિક્રમને સૌએ ખૂબ અભિનંદન આપ્યા. મેં કહ્યું, “વિક્રમ આવતા પાંચ દિવસમાં તારે તારું મંત્રીમંડળ રચવાનું છે. તારા મંત્રીમંડળમાં તું દસથી બાર મંત્રીઓને પસંદ કરી શકીશ. શાળાનું શિસ્ત, ઈ. પ્રવૃત્તિમાં તેમજ વિષયોની પૂરક પ્રવૃત્તિઓના મંત્રીઓને નિમવાનું કામ તારું છું.” આમ તે દિવસની સભા પૂરી થઈ.

ત્રણ જ દિવસમાં વિક્રમે મંત્રીમંડળ બનાવી દીધું.

(૧) પંકજ સાહિત્ય મંત્રી બન્યો, ગુજરાતી શિક્ષકની સંમતિ સાથે.

(૨) અશોક ઘણીવાર વિજ્ઞાનની શોધ માટે પ્રાર્થનામાં બોલતો, આથી તે વિજ્ઞાનમંત્રી બન્યો.

(૩) પ્રાર્થનામાં અનેકવાર સમાચાર આપતો રમેશ બન્યો નાગરિક મંત્રી.

(૪) સંગીતમાં આગળ પડતો ભાગ લેનાર રણજિત કલામંત્રી બન્યો.

(૫) ધીરુ બન્યો પૂરક પ્રવૃત્તિઓનો સહભાગી. અને આમ મંત્રીમંડળ સ્થપાઈ ગયું.

શિક્ષકો, રઘુભાઈ અને હું આવા સારા પરિણામથી ખૂબ ખુશ હતા. થયું કે વર્ગની બહારનું શિક્ષણ તો હવે શરૂ થાય છે. બધા મંત્રીઓને તેમની પ્રવૃત્તિ કરવા હવે અમે આગ્રહ રાખ્યો. દરેક મંત્રીઓ અમારા આગ્રહ સાથે સંમત થયા અને અમે એ મંત્રીઓને આશીર્વાદ આપ્યા. આમ વિદ્યાર્થીસંઘ જાણે શાળાનું એક જીવંત અંગ બની ગયું. જાણે શાળાની આત્મા બોલી રહ્યો હતો. આમ, શાળાનું શિક્ષણ અને વિદ્યાર્થી સંઘ બંને કદમ કદમ મિલાવી રહ્યા હતા. આ પ્રવૃત્તિ માટે શિક્ષણકાર હરભાઈ ત્રિવેદી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના અંતરના આશીર્વાદ વરસી રહ્યા હતા. કેવો હતો આ સુમેળ ! અભ્યાસક્રમ અને વિદ્યાર્થીપ્રવૃત્તિ - બે અંગો એક સ્વરૂપ બની ગયા હતા.

એકબીજાને સમજીને પ્રવૃત્તિઓ આગળ વધતી હતી. હું મનમાં વિચારી રહી હતી કે શું આ પાઠ્યપુસ્તક કરતાં આ જ સારું શિક્ષણ ન હોઈ શકે ? પણ અભ્યાસક્રમ એ એમનો પાયો હતો અને આ વિદ્યાર્થી સંઘની પ્રવૃત્તિ જ્ઞાન ઉપર વિશાળ ઈમારત ચણી રહેતી હતી. આ વિદ્યાર્થીસંઘને યોગ્ય રીતે કામ કરવા માટે બે શિક્ષકોએ તેમના સૂત્રધાર નિમ્યા હતા. કોઈવાર એમ લાગતું કે વિદ્યાર્થીઓ શિક્ષકો સાથે ખભેખભો-મિલાવી કામ કરે છે. આ વિદ્યાર્થી સ્વરાજને દરેક શાળામાં આવું સ્થાન મળે તો ? તો સમાજને

ઘણા સારા નાગરિકો મળે.

બીજા અઠવાડિયે મહેમાનને લેવા જવા સ્ટેશન જતાં ઘરની બહાર નીકળી તો શું જોયું ? આ શું કવિતાઓ તો નથી ને ? મનમાં પ્રશ્ન થયો. પણ ના એમ ન હતું. શાળાની દીવાલો ઉપર વિજ્ઞાનપત્રિકા મુકાઈ હતી. ત્યારે થયું કે વિદ્યાર્થી સ્વરાજનું કાર્ય શરૂ થઈ યોગ્ય માર્ગે જઈ રહ્યું છે. મનમાં એક પંક્તિ ગણગણતી હતી.'' નવો અરૂણોદય જય જય જય''.

## પરીક્ષાનો હાઉ

''હલ્લો ! લીલા, આપણી દોસ્ત અમેરિકાથી આવી છે. તું બપોરે અહીં મારા ઘેર આવ. આપણે કલાક સાથે બેસીને મજા કરીશું.''

ત્રણેય દોસ્તો સાથે મળી આનંદ કરી વાતો કરી શકીએ તે માટે મેં લીલાને મેં ફોન કર્યો. લીલાનો જવાબ સંભળાયો. ''દોસ્ત, અત્યારે પિન્કીની પરીક્ષા ચાલે છે, એટલે હું મળવા નહિ આવી શકું. પરીક્ષાના સમયમાં ઘર છોડવું મુશ્કેલ છે. ફરીવાર આપણે મળીશું'' ''પણ પિન્કી તો હજી ત્રીજા ધોરણમાં છે, તેને વળી શું પરીક્ષા ? આપણે ત્રણેય મિત્રો લાંબા સમય પછી મળીશું. મળવાનો આનંદ ઓર હશે. તું આવી જાય તો સારું'' પણ લીલા આવી શકી નહિ. કારણ, લીલાના મન પર પિન્કીની પરીક્ષાનો ભાર ઘણો હતો.

શું ત્રીજા ધોરણની પરીક્ષાનો ભાર આટલો બધો હશે કે લીલા આવી ન શકી ? હું વિચારે ચઢી. મને થયું, પરીક્ષાનો ભય તેના ઘરમાં ખૂબ ભારે હોવો જોઈએ.

'સવિતાબેન, આમ શાક લઈને ક્યાં ભાગો છો ? હું પણ તમારી સાથે જ ક્યારનીય ચાલું છું.'

''શું કરું, જયશ્રીબેન, આ પંકજની પરીક્ષા આવી છે તેથી હું નાછૂટકે જ ઘરની બહાર નીકળું છું. તેના પર ખૂબ ધ્યાન આપવું પડે છે.'' બોલતાં બોલતાં સવિતાબેન મારી આગળ નીકળી ગયાં. હું ફરી વિચારે ચડી કે છઠ્ઠા ધોરણમાં પરીક્ષાનો આટલો બધો ભાર હશે ! વળી મા-બાપ ઘરમાં ન હોય તો શું વિદ્યાર્થી પોતાની જવાબદારી સમજીને પરીક્ષાની તૈયારી નહિ કરી શકતો હોય ?

પડોશમાં રહેતા રજનીભાઈને પોતાની દીકરી રેણુકા ઉપર ગુસ્સો કરતા મેં સાંભળ્યા. ''હરગીજ તને તારા દોસ્તો સાથે ફરવા નહિ દઉં. પરીક્ષા આવી હોય ત્યારે તારે તારા દોસ્તો સાથે ફરવા જવું છે ? ચાલ, ચોપડીઓ કાઢ અને વાંચવા બેસી જ જા.'' તેમનો અવાજ ઊંચો ને ઊંચો થતો હતો. ''જઈશ તો તને મારીશ સમજી ?'' અને રેણુકાના વાંસામાં એક ધબ્બો પડ્યો હોય તેવો અવાજ મને સંભળાવો. રેણુકા રડતાં રડતાં બોલી, ''પણ પપ્પા.... હું અડધા દિવસમાં પાછી આવવાની છું. મારી બહેનપણીનો જન્મદિવસ છે.'' ''બસ મારે કાંઈ સાંભળવું નથી. વાંચવા બેસી જા.'' ગુસ્સાથી ઉભરાતા રજનીભાઈને સ્કૂટર ઉપર બહાર જતાં મેં જોયા. શું આઠમી શ્રેણી માટે આટલી બધી ચિંતા ? આટલો બધો ભાર ?

વરંડામાં હું ઊભી હતી. અમારા ઘરની સામે સ્મિતાબેન રહેતાં હતાં. મેં કહ્યું, ''સ્મિતાબેન, આવો ને, બપોરની ચા સાથે પીએ.'' ''શું કહું ? મારા કમલની પરીક્ષા છે. હમણાં નહિ. પાછી આવીશ. હું આવું અને છોકરો વાંચે નહિ તો ?'' દસમીની પરીક્ષા તો અઘરી કહેવાયને ?'' સ્મિતાબેનના મોં ઉપર દસમીની પરીક્ષાનો ગભરાટ હું જોઈ શકી.

''બહેન, આ કમલની પરીક્ષા પૂરી થાય અને બીજા જ દિવસે હું આવીશ હોં !''

આ થઈ આધુનિક યુગની શાળાઓની પરીક્ષા માટે માતા-પિતાને થતી ચિંતા. આવું જ કંઈક થોડું દશ્ય ૫૦-૬૦ વર્ષ પહેલાં પરીક્ષા વખતે દેખાતું. વિદ્યાર્થી ચોટલી બાંધીને વાંચતો એવું સંભળાતું. પરીક્ષા પહેલાં મંદિરોમાં જઈને પરીક્ષામાં પાસ થવા માટે નાળિયેર વધેરાતું. આમ પરીક્ષા એ એક બિહામણો બાવો હોય એવું ચારેકોર દેખાતું.

ઉપર વર્ણવેલ દાખલાઓમાંથી પણ વધારે ભયંકર દાખલાઓ ભણેલાં માતા-પિતાના ઘરમાં જોવા મળે છે. ભણેલાં મા-બાપો કુનેહપૂર્વક બાળકોના મન ઉપર દબાણ ઊભું કરે છે. જેથી કાંતો વિદ્યાર્થી ભણે છે અથવા તો ભણતરથી દૂર ભાગે છે. આવી પરીક્ષાને હળવી બનાવવા માટે અમારા મનમાં વારંવાર નાના-મોટા રસ્તાઓ શોધી કાઢવા અમે વિચારતાં હતાં.

પ્રાચીનકાળમાં આશ્રમ વ્યવસ્થા હતી. બાળક આશ્રમમાં રહીને ભણતો ત્યારે ઉપર વર્ણવેલ ભયનું વાતાવરણ, પરીક્ષાની ઘેરી છાયા આશ્રમ વ્યવસ્થામાં દેખાતી નહિ. કારણ, ભણતર અને જીવન બાળકોના જીવનમાં તાણા-વાણાની જેમ વણાઈ જતાં અને બાળકો સ્વસ્થ ચિત્તે આશ્રમનો અભ્યાસ પૂરો કરીને સ્વસ્થ મને માતા-પિતા પાસે જતાં.

અમારી શાળા સરસ્વતીમાં વિદ્યાર્થીઓને પરીક્ષાનો હાઉ કેમ ઓછો કરવો અને હાઉ ઓછો કરીને અભ્યાસક્રમમાં તેને સમજાય તે રીતે પરીક્ષાની કોઈ પદ્ધતિ શરૂ થાય તો બાળક સરસ રીતે ભણે અને તેનાં માનસિક અને શારીરિક વિકાસ સમતોલ રીતે આગળ વધે. પરીક્ષાની પદ્ધતિએ અમારા મનને એક ખૂબ ગંભીર વિચારણા કરવા તરફ અમને વાળ્યા. એકબાજુ પરીક્ષા આપીને આગળ વધવું અગત્યનું હતું તો બીજી બાજુ પરીક્ષા ભય વિનાની બને એ હતું.

મને ને રઘુભાઈને પરીક્ષા પદ્ધતિ પર વાતો અને વિચારણા કરતા જોઈ શિક્ષણમાં રસ ધરાવનાર શિક્ષકો એમ પૂછતાં કે હમણાં હમણાં તમે કોઈ ગંભીર વિચારણા હેઠળ હો એમ લાગે છે. અમે એમાં તમને કોઈ મદદ કરી શકીએ ખરાં ? આવું પૂછનાર બન્ને શિક્ષકો નૂતન શિક્ષણના વિચારોમાં શ્રદ્ધા ધરાવતા હતા. રઘુભાઈ બોલ્યા, "તમારી કલ્પના સાવ સાચી છે. વિદ્યાર્થીઓને આપણે જે ભણાવીએ છીએ તે આપણે બરાબર ભણાવ્યું છે કે નહિ અને તેઓએ તે બરાબર પચાવ્યું છે કે નહિ એ માપદંડ માટે આજે પરીક્ષાઓ અસ્તિત્વમાં આવી છે. અને આ પરીક્ષામાં વિદ્યાર્થીના જીવનમાં ક્યારેક ક્યારેક એક નાઈટમેર બની જાય છે. એ નાઈટમેર ન રહે, એ ભયગ્રસ્ત વાતાવરણ એના મન ઉપર છવાઈ ન જાય અને એ વમળામાંથી એને બહાર લાવવા માટે ચકાસણીને આપણે હળવી કેવી રીતે બનાવી શકીએ ? એ ભયમાંથી એ બહાર નીકળે અને રમતાં રમતાં પરીક્ષાઓ આપે એ માટે આપણે શું કશું જ ન કરી શકીએ ?

પ્રાચીનકાળના ઋષિ મુનિઓએ તો આ ભયના વાતાવરણને કોઈ દિવસ ઓળખ્યું જ નહોતું. પરંતુ આશ્રમ વ્યવસ્થા, આશ્રમની શાળા પદ્ધતિ અદશ્ય થઈ, શાળાઓ જયાં વસતી હતી ત્યાં આવું શિક્ષણ આપવા લાગી. ત્યારે આ પરીક્ષાપદ્ધતિએ બાળકોના મન ઉપર એક ભરડો લઈ લીધો છે. મિ. મહેતા કહે, "રઘુભાઈ, તમે વધારે ગંભીર વિચારણા કરો છો." રઘુભાઈ કહે, "મને એમ લાગે છે કે આ ભયના વાતાવરણને તમે સમજી શકો અને એ માટે વિદ્યાર્થીઓ આપસ-આપસમાં વાતો કરતા હોય એ સાંભળો. ઘરના વાતાવરણમાં મા-બાપો બાળકોને કઈ રીતે હેન્ડલ કરે છે તે જુઓ." પછી રઘુભાઈ શાંત રહ્યા અને અમે છૂટાં પડ્યાં.

બાળકોને પરીક્ષાનું ભારણ ઓછું થાય તે માટેની અનેક પદ્ધતિઓ વિશેની વાત ચર્ચા ઠીક ઠીક સમય સુધી શિક્ષકો સાથે અમે કરતાં રહ્યાં.

ત્યારપછી સરસ્વતીનાં આવતાં પહેલાં ભાવનગરની હોમસ્કૂલમાં અમે એક મુક્તિપ્રથાનો પ્રયોગ કરી જોયો હતો. એમાં દર બે મહિને, બાળકોનું એ અભ્યાસક્રમ ઉપર મૂલ્યાંકન કરતાં. આવાં બે મૂલ્યાંકનો પૂરાં થાય ત્યાં સુધીમાં શિક્ષક અને બાળકોને પોતે કયા સ્તર ઉપર છે તેની ખબર પડી જાય. બાળક બીજા કે ત્રીજા ડિવિઝનમાં પાસ થશે તેટલો તો તેને ખ્યાલ આવી જતો. ત્રીજા પરીક્ષા પહેલાં વર્ગના ધોરણે બાળકોનું ચકાસણી ઉપરથી અમને શિક્ષકોને ખ્યાલ આવતો કે બાળકને ત્રીજી પરીક્ષા લીધા વિના અમુક

વિષયોમાં મુક્તિ આપી ઉપર ચઢાવી દેવાતો જેથી એટલું બે કે ત્રણ વિષયનું ભારણ બાળકના મન ઉપરથી ઓછું થાય. આ આખી યોજના અમે કેળવણી ખાતાનાં ઈન્સ્પેક્ટરોને મોકલી તેમની મંજૂરી આપતાં પહેલાં નાના-મોટા અનેક પ્રશ્નો પૂછતા. એક ઈન્સ્પેક્ટર જે શિક્ષણના વિચારો સમજતો હતો એણે વાતવાતમાં અમને કહેલું કે, "આખરે તમે તો બધા કેળવણીકાર. બાળકોનાં હિતમાં યોજના ઘડો છે." આખરે અમને આ પરીક્ષાપદ્ધતિની મંજૂરી થોડા સમય માટે મળી ગઈ હતી. અમને પણ એમ થતું કે બાળકના વિકાસને બરાબર સમજી શકે અને તટસ્થ દૃષ્ટિએ નિર્ણય લઈને ચઢાવો આપી શકે એવા શિક્ષકો લાંબા સમય માટે મળવા મુશ્કેલ હતા. છતાં આ પ્રયોગ ભાવનગરની ઘરશાળા છોડી ત્યાં સુધી ચાલુ રાખી શકેલા. હું મનમાં વિચારતી કે જે શાળાના આચાર્ય એટલે કે વડા જાણે કે મોટી સ્ટીમરના સુકાની-સતત જાગૃત હોય ત્યાં સુધી આવા પ્રયોગો થઈ શકે અને બાળકોની પરીક્ષાનું ભારણ અને પરીક્ષાનો હાઉ હળવો કરી શકાય. આ અનુભવ લઈને અમે સરસ્વતીમાં આવેલા. સારા નસીબે તે વખતે સરસ્વતીમાં પણ અનેક કાર્યકરોનો સહકાર અમને મળી રહેતો.

સરસ્વતીમાં આદરેલો પ્રયોગ :

આ પ્રયોગમાં અનુભવે અમે સરસ્વતીમાં બીજી યોજના ઘડી કાઢી. તેમાં શિક્ષકોનો સહકાર ખૂબ મળી રહ્યો. આજે પણ મળી રહ્યો છે. આખા વર્ષના અભ્યાસક્રમને ૧૦૦ ગુણમાં ગણીએ છીએ. પછી એ ૧૦૦ ગુણને ત્રણ ભાગમાં વહેંચી લઈએ છીએ. પ્રથમ પરીક્ષા ૨૦ ગુણ, બીજી પરીક્ષા ૬૦ ગુણ અને છેલ્લી પરીક્ષાના ૨૦ ગુણ એ ધ્યાનમાં લેવાતાં. લેખન, મૌખિક, પ્રાયોગિક, નકશાવચન વગેરેનું મૂલ્યાંકન કરી બાળકોને જે ગુણ મળે તેમાં ૨૦ ટકા ઉમેરતાં અંતે જે ટકા મળે તે ગણતરીમાં લેવામાં આવે. એ રીતે વિદ્યાર્થીના વર્ષભરના કામનું સરેરાશ મૂલ્યાંકન થાય.

આમ, બીજી પરીક્ષા અમુક દિવસો પછી (આશરે ૬૦ શૈક્ષણિક દિવસો પછી) લેવામાં આવે. આ બીજી પરીક્ષામાં પહેલી પરીક્ષાના અભ્યાસક્રમમાંથી અમુક થોડા પ્રશ્નો પૂછવામાં આવે. જેથી બાળક પહેલી પરીક્ષાના અભ્યાસક્રમનું પુનરાવર્તન કરી લે. પણ પહેલી પરીક્ષાના અભ્યાસક્રમમાંથી માત્ર મર્યાદિત પ્રશ્નો જ મૂકવામાં આવે. બીજા બધા પ્રશ્નો બીજા સેમિસ્ટરના અભ્યાસક્રમમાંથી પૂછવામાં આવે. બાળકોને પોતાની બન્ને પરીક્ષાની ઉત્તર પોથી પાછી આપવામાં આવતી. તેથી વાલીઓ પોતાના સંતાનોને કેટલા ગુણ મળ્યા છે તે જામી શકે. આમ, બીજી પરીક્ષામાં ૩૦ માર્કનો અભ્યાસક્રમ પૂરો થતો.

વર્ષ પૂરું થતાં પહેલાં બાકીના ૪૦ માર્ક્સના અભ્યાસક્રમની પરીક્ષા લેવામાં આવતી. આ ત્રીજા સેમિસ્ટરની પરીક્ષા ગણાતી. આ ત્રીજી પરીક્ષામાં પહેલી પરીક્ષાના અભ્યાસક્રમનો એક પણ પ્રશ્ન પૂછવામાં આવતો નહિ. વિદ્યાર્થીઓ પણ જાણતા કે પહેલા સેમિસ્ટરનો અભ્યાસક્રમ હવે વાંચવાની તેમને જરૂર નથી. પરંતુ બીજી પરીક્ષાના અભ્યાસક્રમમાંથી મર્યાદિત ત્રણ પ્રશ્નો જરૂર મૂકવામાં આવતા. જેથી કેટલાક પાઠોનું પુનરાવર્તન બાળકો કરી લેતા. આમ ઓછા ભારણે પરીક્ષાઓ થતી અને બાળકો રમતાં-રમતાં હસતાં-હસતાં પરીક્ષા આપતા. કોઈવાર આખા વર્ષના લખાણો, નિબંધો, પ્રયોગો વગેરે લેવામાં આવતું. મૌખિક પરીક્ષા પણ લેવાતી. લખાણો-મૂલ્યાંકનોના ગુણ આપવામાં આવતા.

આ મૂલ્યાંકનોને જુદા જુદા ટકા આપવામાં આવતા અને એમાં બાળકને પાસ થવું પડતું. વિદ્યાર્થી પોતાની નિબંધપોથી, પ્રયોગપોથી, ઘરકામ પોતે કેવી રીતે કર્યું છે તે જાણતા હોવાથી આ મૂલ્યાંકનનો ભાર તેમના મન ઉપર રહેતો નહિ. આ આખી ઉપલા ધોરણમાં ચઢાવાની યોજના લેખિતરૂપે વાલીઓને અને કેળવમી ખાતાને મોકલી આપવામાં આવતી. આ મંજૂરી મેળવતી વખતે પણ

**અનુસંધાન પૃષ્ઠ ૩૩ ઉપર**

# મેલ કરવત...

**રતિલાલ બોરીસાગર**

(‘ફાજલ શિક્ષક’ આપણા શિક્ષણજગતની અદ્‌ભુત વિશિષ્ટતા છે. કોઈ શાળાના અમુક વર્ગો, વિદ્યાર્થીઓની સંખ્યાના બંધ થાય ત્યારે કેટલાક શિક્ષકો ‘ફાજલ’ (એટલે કે વધારાના) બને. આવા શિક્ષકોને જ્યાં સુધી અન્યત્ર સમાવી લેવામાં ન આવે ત્યાં સુધી એમને ઘેર બેઠાં પગાર મળે. આવા એક ‘ફાજલ શિક્ષક’ની આ કથા છે.)

‘ફાજલ શિક્ષક’ તરીકે પાંચ વરસ સુધી ઘેર બેઠાં પગાર મેળવીને નિવૃત્ત થયેલા શિક્ષકે કાશીએ જઈને કરવત મેલાવવાનો વિચાર કર્યો. એમણે સાંભળ્યું હતું કે કાશીએ જઈને કરવત મુકાવનારને એની ઈચ્છા મુજબનો પછીનો જન્મ મળે છે. ફાજલ શિક્ષક નિવૃત્ત થયા પછી સાવ ફાજલ થયા. આમ તો જોકે શિક્ષક થયા ત્યારથી ફાજલ જેવા જ હતા. પણ છેલ્લાં પાંચ વરસથી ‘શુદ્ધ’ ફાજલ હતા. કેટલાક લોકો કોમામાં સરી પડે છે પછી કોમામાં અને કોમામાં એમનું ફૂલસ્ટોપ આવી જાય છે એ રીતે મજકૂર શિક્ષક ફાજલાવસ્થામાં જ નિવૃત્ત થયા.

નિવૃત્ત થયા પછી એમણે કાશીએ જઈ કરવત મેલાવવાનો વિચાર કર્યો. એમણે સાંભળ્યું હતું કે કરવત મેલાવવા માટેની ન્યૂનતમ ઉંમર એંશી નક્કી કરવામાં આવી છે. એટલે બાવીસ વરસ પેન્શન મેળવીને એંશીમે વર્ષે કાશીએ પહોંચી જવું એવો એમણે નિર્ણય કર્યો, પરંતુ કરવત મેલાવવા અંગેની માહિતી વેળાસર મેળવી લેવી જોઈએ એમ લાગવાથી તેઓ જાત તપાસ માટે કાશીએ ગયા.

કાશીમાં કરવત મૂકવાનું કામ કરનારી જુદી જુદી સહકારી મંડળીઓ હતી. એક સરકારી કંપની પણ હતી, જે વર્ષોથી ખોટમાં ચાલતી હતી. આ કંપનીની કરવત વારંવાર બગડી જતી હતી. એને રિપેર કરવા માટેની મંજૂરી મેળવવાની કાર્યવાહી એટલી લાંબી ચાલતી કે કોઈ વાર તો કરવત મેલવાનું કાર્ય આખું વરસ બંધ રહેતું. સરકારી કરવતના રિપેરિંગમાં આજ સુધીમાં એટલો બધો ખર્ચ થયો હતો કે એટલી રકમમાંથી પાંચ નવી કરવત ખરીદી શકાય. પરંતુ, ‘ચાલુ કરવત રિપેર થઈ શકે એમ નથી’ એવું પ્રમાણપત્ર ન મળે ત્યાં સુધી નવી કરવત ન ખરીદી શકાય એવો નિયમ હતો. લોકોને આને કારણે ઘણી હાલાકી પડતી, પણ વર્ષો પહેલાં ‘કરવતીકરણ’નું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું એટલે સરકાર સિવાય પ્રજાને ગળે કરવત મૂકવાની કોઈને છૂટ નહોતી. છેવટે પ્રજાની હાલાકી ધ્યાનમાં લઈ, સરકારે સહકારી મંડળીઓને કરવત મેલવાની છૂટ આપી. સહકારી મંડળીઓ પણ આમ તો ખોટમાં જ ચાલતી. સહકારી મંડળીઓના ડિરેક્ટરોનાં સગાંવહાલાં મફતમાં કરવત મુકાવી જતાં. કરવતની ખરીદીમાં પણ પાર વગરના ગોટાળા થતા. ઊંચી ગુણવત્તાવાળી કરવતોના ભાવ મંજૂર થતા અને હલકાં પ્રકારની કરવતોની ડિલિવરી થતી. છેલ્લાં વરસોમાં ઉદારીકરણની નીતિ અમલમાં આવી. એ પછી ગળાં કાપવાના ક્ષેત્રે ખાનગી કંપનીઓનો પણ પ્રવેશ થયો. કેટલીક બહુરાષ્ટ્રીય કંપનીઓએ પણ કરવત મેલવાના ક્ષેત્રે ઝંપલાવ્યું. ગળાં કાપવાની બાબતમાં કંપનીઓ વચ્ચે ગળાકાપ હરીફાઈ થવા માંડી. ગળું કપાઈ જાય ને તોય ખબર ન પડે એવી એનેસ્થેટિક કરવતો પરદેશથી આવી. પ્રજા રાજી-રાજી થઈ ગઈ. આવી સઘળી માહિતી મેળવી, કરવત મૂકનારી જુદી જુદી કંપનીઓનાં પ્રોસ્પેક્ટ્સ લઈ, શિક્ષક કાશીએથી પાછા ફર્યા.

વર્ષો વીત્યાં. એંશી વર્ષની ઉંમર થઈ એટલે ફાજલ શિક્ષક કરવત મેલાવવા કાશીએ ચાલ્યા. કાશી પહોંચીને તેઓ કરવત મેલતી એક બહુરાષ્ટ્રીય કંપનીની ઑફિસમાં ગયા. ઑફિસના રજિસ્ટ્રારે એમને જુદાં જુદાં ફોર્મ ભરવા આપ્યાં. કાશીએ ગયા પછી અંગ્રેજીમાં ફોર્મ ભરવાં પડશે એની શિક્ષકને ખબર હતી. એટલે એ અંગ્રેજી ડિક્શનરી

સાથે લઈ ગયા હતા. દરેક સ્પેલિંગ ડિક્શનેરીમાં જોઈ-જોઈને એમણે ફોર્મ ભર્યાં પછી એમને મેડિકલ ચેકઅપ માટે જવાનું હતું. શિક્ષકને ઘણી નવાઈ લાગી. એમણે રજિસ્ટ્રારને પૂછ્યું, 'હવે તો કરવત મેલાવી આ શરીરનો ત્યાગ કરવાનો છે, પછી મેડિકલ તપાસ શા માટે ?' રજિસ્ટ્રારે આ પ્રશ્નના ઉત્તર માટે સબ-રજિસ્ટ્રારને મળવાનું કહ્યું. શિક્ષક સબ-રજિસ્ટ્રારને મળ્યા. સબ-રજિસ્ટ્રારે કહ્યું, 'કરવત મેલાવનાર તન-મનથી ખાસ તો મનથી સ્વસ્થ છે એની ખાતરી કર્યા પછી જ કરવત મેલવાની કાયદામાં જોગવાઈ કરવામાં આવી છે. કવિઓ અને લેખકોને તો મનોચિકિત્સકોની આખી પેનલ તપાસે અને સર્વાનુમતે સ્વસ્થ હોવાનું પ્રમાણપત્ર આપે તો જ કરવત મૂકી શકાય છે.'

બધાં ફોર્મ ભરીને, જરૂરી પ્રમાણપત્રો મેળવીને, શિક્ષક ફરી રજિસ્ટ્રારની ઑફિસમાં હાજર થયા. અહીં તેમને છેલ્લું ફોર્મ આપવામાં આવ્યું. આ ફોર્મમાં કરવત મુકાવ્યા પછી આવતો જન્મ શેનો જોઈએ છે એની વિગત ભરવાની હતી. એ વિગત ભરી કેશિયરની બારીએ જવાનું હતું. ત્યાં મુકરર ફી ભરવાની હતી. ફોર્મ ભરી શિક્ષકે કેશિયરની બારીએ આપ્યું. કેશિયરે પૂછ્યું, 'તમારે ટીચર થવું છેને ?'

'ટીચર નહીં, સરપ્લસ ટીચર' શિક્ષકે કહ્યું.

'સરપ્લસ ટીચર ? એ શું ?' આવો કેસ પહેલી જ વાર આવ્યો હતો, એટલે કેશિયરને મૂંઝવણ થઈ.

'સરપ્લસ ટીચર એટલે ફાજલ શિક્ષક. આવા શિક્ષકને ઘેર બેઠાં પગાર મળે.'

'એવી તે કોઈ નોકરી હોય, જેમાં ઘેર બેઠાં પગાર મળ્યા કરે ?' કેશિયરને કશી સમજ પડતી નહોતી. એણે કેટલીયે વાર કમ્પ્યૂટરની કળો દબાવ્યા કરી, પણ સરપ્લસ ટીચર માટેની ફીનો નિર્દેશ મળ્યો નહિ. કેશિયર મૂંઝાયો. એણે સબ-રજિસ્ટ્રારને વાત કરી. સબ-રજિસ્ટ્રારે રજિસ્ટ્રારને વાત કરી. એમ કરતાં-કરતાં જનરલ મૅનેજર સુધી વાત પહોંચી. જીએમે કરવતનાં કી-બોર્ડના એન્જિનિયરોની મિટિંગ બોલાવી. કરવતના કી-બોર્ડમાં કૉલેજ ટીચર, હાયર સેકન્ડરી ટીચર, સેકન્ડરી ટીચર વગેરેની સ્વિચો હતી, પણ સરપ્લસ ટીચરની સ્વિચ જ નહોતી. નોકરીના સ્થળે ગયા સિવાય ઘેર બેઠાં પગાર મળે એવી કોઈ નોકરી હોઈ શકે એવું માનવા જ કોઈ તૈયાર નહોતા. પણ ગુજરાતમાંથી આવેલા આ શિક્ષક કહેતા હતા કે એમણે પાંચ વરસ સુધી સરપ્લસ ટીચર તરીકે ઘેર બેઠાં પગાર લીધો છે. અને એટલે જ એમણે બાવીસ વરસ પહેલાં જ નક્કી કરી લીધું હતું કે કરવત મેલાવીને આવતા ભવે ફાજલ શિક્ષક જ થવું છે.

કંપનીએ પંદર દિવસની મહેતલ માગી. શિક્ષકને રહેવા માટે કંપની તરફથી સરસ વ્યવસ્થા કરી આપવામાં આવી. 'સરપ્લસ ટીચર' એટલે શું અને સરપ્લસ ટીચરોમાંથી કેટલા ટકા ટીચરો આવતા જન્મે સરપ્લસ ટીચર થવા ઈચ્છે છે એનો અભ્યાસ કરવા નિષ્ણાતોની એક ટુકડીને કંપનીએ ગુજરાતના વિવિધ ભાગોમાં મોકલી. નિષ્ણાતોએ આવીને અહેવાલ આપ્યો. ફાજલ ટીચરો તો બધા આવતા જન્મે ફાજલ ટીચર થવા માગે જ છે, પણ આ જન્મે ફાજલ નહિ થઈ શકેલા ટીચરો પણ આવતા જન્મે ફાજલ ટીચર થવા માગે છે. એવું તારણ નિષ્ણાતોએ રજૂ કર્યું. બીજા ક્ષેત્રના માણસો પણ ફાજલ ટીચર થવા માટે કરવત મુકાવે એવા સંભવ તરફ પણ નિષ્ણાતોએ અંગુલિનિર્દેશ કર્યો. ફાજલ ટીચર થવા માટે કરવત મુકાવવાની ફી આ કારણે વધુ રાખવાની નિષ્ણાતોની પેનલે ભલામણ કરી.

નિષ્ણાતોનો અહેવાલ મળ્યા પછી કંપનીએ પરદેશથી ખાસ નિષ્ણાતોને બોલાવી, કરવતના કી-બોર્ડમાં ઘટતા ફેરફાર કરાવ્યા. સરપ્લસ ટીચરની કી ઉમેરવામાં આવી. સરપ્લસ ટીચરનો જન્મ મેળવવા માટેની ઊંચામાં ઊંચી ફી મુકરર કરવામાં આવી. અલબત્ત, ફાજલ ટીચર માટેના

**અનુસંધાન પૃષ્ઠ ૩૭ ઉપર**

# શિક્ષણનો અભિગમ બદલવો પડશે

**હીરજીભાઈ નાકરાણી**

મો. ૯૪૨૭૬૫૨૦૯૯

જે દિવસથી શિક્ષણ એક ધંધો કે વ્યવસાય બની ગયું છે તે દિવસથી શિક્ષક એક ઉદાહરણરૂપ ગુરૂ બનવાની તાકાત ખોઈ બેઠો છે અને પૈસાનો અતિ લાલચુ એક સામાન્ય નોકર બની બેઠો છે. શિક્ષણ તો ધર્મનો માર્ગ છે. ધર્મનો માર્ગ કદી અપવિત્ર ન હોઈ શકે અને જો હોય તો તે ધર્મનો માર્ગ નથી નથીને નથીજ.

છેલ્લા પચીસ-ત્રીસ વર્ષમાં શિક્ષકે ગુરૂ બનવાની હેસિયત ગુમાવી દીધી છે. પરિણામે આજની શિક્ષણ સંસ્થાઓ શિક્ષકો પેદા કરવાના કારખાના બની ગયા છે. વિદ્યાર્થીઓ પ્રયોગશાળાના પ્યાદા બની ગયા છે. આવી શિક્ષણ સંસ્થાઓએ શિક્ષણના મૂળ તત્ત્વનો સત્યાનાશ વાળી દીધો છે. અને બીબાઢાળ માલ પેદા કરવાના કારખાના બની ગયા છે. કારખાનાના યંત્રને મગજ નથી હોતું. પછી એ યંત્ર પાસે મંત્રની અપેક્ષા ન રાખી શકાય. આમ આજનું શિક્ષણ મૂળ આત્મા ખોઈ બેઠું છે; હ્રદય ખોઈ બેઠું છે અને માહિતીના કેન્દ્રો બનીને કમ્પ્યૂટર જેવું કામ કરી રહ્યું છે.

માહિતીનું શિક્ષણ એ મૂલ્ય નિષ્ઠ વાસ્તવિક શિક્ષણ નથી. જીવન મૂલ્ય પેદા કરનારૂં વાસ્તવિક શિક્ષણ તો માનવની લાગણીઓ, સંવેદનાઓ અને આત્મા સાથે સંબંધ ધરાવે છે. કમ્પ્યૂટર આ સંવેદનાઓ, લાગણીઓ અને આત્માને પોષણક્ષમ ખોરાક ક્યારેય પૂરા પાડી શકવાનું નથી. કેમકે તેનામાં આત્મા જેવું, ધબકતા પ્રાણ જેવું કોઈ ઉમદા તત્ત્વ નથી હોતું. કરુણા અને પ્રેમનું સરોવર તેમાં નથી હોતું. માનવને કમ્પ્યૂટર ઘડી શકતું નથી. તેની સંવેદનાઓ અને લાગણીઓ તેને ઘડે છે. આમ માનવ સંવેદનાઓ કે લાગણીઓ થકી ઘડાય છે. અને તેનામાં વિવેક બુદ્ધિનું નિર્માણ થાય છે. આ કઠિન કામ કમ્પ્યૂટર ક્યારેય કરી શકવાનું નથી. અપેક્ષા પણ ન રાખી શકાય. આજે જૂની અને નવી પેઢી વચ્ચે બે માધ્યમો કામ કરી રહ્યા છે. તેમાં પ્રથમ આવે છે માતા-પિતા અને બીજા નંબરે છે શિક્ષક. પરિસ્થિતિ આજે એવી પેદા થઈ ગઈ છે કે પહેલા દીકરાનો બાપ વધુ જ્ઞાની ગણાતો હતો અને વિદ્યાર્થી કરતા શિક્ષક વધુ જ્ઞાની ગણાતો હતો. આજે આખી બાજી પલટાઈ ગઈ છે. આજનો દીકરો બાપ કરતા વધુ જ્ઞાન ધરાવતો થયો છે અને શિક્ષક કરતા વિદ્યાર્થીની દોડ ઝડપી બની ગઈ છે. છેલ્લા વીસ-પચીસ વર્ષમાં માહિતી અને જ્ઞાનનો જ વિસ્ફોટ થયો છે. અગાઉ ક્યારેય આવું નહોતું.

જે જમાનામાં પિતા આંગળીના વેઢા ગણીને હિસાબ કરતો હતો. તેની જગાએ દીકરો બટન દબાવીને ક્ષણમાં હિસાબ કરી નાખતો થઈ ગયો છે. આ જોઈને બાપને અચૂક આશ્ચર્ય પણ થાય છે કે આ કેવો જાદુ ? શું જમાનો આવ્યો છે ! પછી દીકરાને કહે છે વાહ દીકરા ! તે તો જાદુ કર્યો તું મારાથી આગળ નીકળી ગયો. બાપને આ સમયે કેટલો હરખ થતો હશે ? દરેક મા-બાપ પોતાના સંતાનને પોતાના ખભે બેસાડવાના ખ્વાબ જોતો હોય છે. સંતાન બાપના ખભે બેસીને બાય કરતા બે ડગલા જોતો હોય છે. ડિઝિટલ અને કમ્પ્યૂટરની દુનિયાનો એક જાદૂઈ ચમત્કાર છે. જ્ઞાનની નવી ક્ષિતિજ પર પહોંચનાર પોતાના સંતાનને જોઈને ક્યો બાપ ન હરખાયે ? બેટા, તને શું ખબર પડે ? એવી માનસિકતા બાપ બહાર નીકળી ગયો છે. બેટો ધન્યવાદને પાત્ર બન્યો છે. જ્ઞાન મર્યાદિત સીમાડા ભેદીને આગળ નીકળી ગયું છે.

પહેલા બાપ જરૂર કહી શકતો હતો કે બેટા, તું હજુ નાનો છે, તને શું ખબર પડે ? આ માથે ધોળા અમથા નથી આવ્યા ? આજે તે આમ કહી નહીં શકે કેમકે દીકરો બાપ કરતાં પાંચ ડગલાં આગળ નીકળી ગયો છે. આવો પડકાર આજે શિક્ષક માટે પણ થઈ રહ્યો છે. આજનો વિદ્યાર્થી ઈન્ટરનેટના માધ્યમથી આગળ નીકળી જવાની દોડ કરી

રહ્યો છે, તે નિત્ય જાગૃત થઈ વિકસતો, વિસ્તરતો રહ્યો છે.

આજના ડિઝિટલ ટૅક્નૉલૉજીના યુગમાં બાળક અને વૃદ્ધ વચ્ચેનો એક નવો યુવાન પેદા થઈ રહ્યો છે. આજ સુધી વૃદ્ધો પોતાના સંતાનો માટે પ્રેરણાદાયક હતા એટલે સંતાનોને નાનપણથી દોરવણી આપતા હતા તેથી સંતાન અને વૃદ્ધો વચ્ચે કોઈ સંઘર્ષ પણ નહોતો. સંતાનો આજ્ઞાંકિત થઈ આજ્ઞાધિન રહેતા હતા. પણ આજે નવા યુવાનનું નિર્માણ થયા પછી બંને વચ્ચે સંઘર્ષ અને વિરોધ શરૂ થયો છે. કારણ કે યુવાનને પોતાની યુવાનીમાં કંઈક નવું કરી બતાવવું છે. નવું કરી બતાવવાનો નવો પડકાર ફેકવાના સંજાગો પણ ઊભા થયા છે. વૃદ્ધો સામે બાળકો પડકાર શી રીતે ફેંકી શકે ? એ કામ તો યુવાનોનું જ છે. આ રીતે વૃદ્ધો અને યુવાનો વચ્ચે સંઘર્ષ શરૂ થઈ ગયો છે. આમ જોઈએ તો વૃદ્ધો એ ભૂતકાળ છે અને યુવાન વર્તમાનકાળ છે. તેની ગતિ વર્તમાનમાંથી ઉજ્જવળ ભવિષ્ય તરફની ગતિ છે.

એક જમાનો એવો પણ હતો કે સંતાન યુવાન થાય તે પહેલા જ બાળલગ્ન થઈ જતા હતા. આ રીતે સંતાન યુવાનીમાં પ્રવેશે તે પહેલાં જ પ્રૌઢતામાંથી વૃદ્ધત્વ તરફ ગતિ કરતો થઈ જતો હતો. બીજી રીતે જોઈએ તો યુવાની પ્રગટ કરવાનો અવકાશ જ અપાતો નહોતો એટલે બધુ સરળ બની સમુ-સુતરું થઈ જતું હતું. પણ નવો યુવાન પેદા થયા પછી ઘણી સમસ્યાઓ પેદા થઈ ગઈ છે. યુવાન બાળલગ્નને કારણે કાચી વયે એક સંતાનનો બાપ બની ગયો એટલે થયું એવું કે હજુ યુવાની આવે તે પહેલાં જ તેની યુવાની ખતમ થઈ જતી હતી. આજે આ પરિસ્થિતિમાં બગાવત થઈ રહી છે. અને આવી બગાવત કોણ કરી શકે ? આ તાકાત તો યુવાનમાં છે.

બાળકો ક્યારેય બગાવત કરી શકવાના નથી તેમ વૃદ્ધો પણ બગાવત કરી શકવાના નથી. આવી બગાવત યુવાન સિવાય કોઈ નહીં કરી શકે. વૃદ્ધોને બગાવત કરીને કંઈક નવું પ્રાપ્ત કરવામાં રસ નથી અને બાળક તો નાદાન છે. અશક્ત છે. આજના યુવાનમાં બગાવતી તાકાત ઊભરી રહી છે. આ નવો યુવાન એટલે આજની દુનિયા; જેમાં વૃદ્ધોનું અસ્તિત્વ સતત ભુલાઈ રહ્યું છે. અને વૃદ્ધો પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે યુવાનો સાથે સતત સંઘર્ષમાં ઊતરી રહ્યા છે. બે પેઢી વચ્ચેનો ગેપ સતત પહોળો થઈ રહ્યો છે. આ ગેપ બે પેઢી વચ્ચે સંઘર્ષ કરાવી રહ્યો છે. આજના વૃદ્ધોએ આવી પડેલા સંઘર્ષને સમજીને ટાળવાનો પ્રયત્ન કર્યા વગર છૂટકો નથી. સંઘર્ષને ટાળવા મૌન પાળવું તે જ તેના હિતમાં છે.

એક જમાનામાં વૃદ્ધો પોતાના સંતાનોને નવું નવું શિખવતા હતા. આજે પરિસ્થિતિ સાવ પલટાઈ ગઈ છે. આજે વૃદ્ધો જ્ઞાન શૂન્ય થઈ રહ્યા છે અને યુવાન જ્ઞાની થઈ રહ્યો છે. એટલે યુવાનો શિખવે અને યુવાનો શીખે એવી સમાન ભૂમિકા પેદા થઈ ગઈ છે. પરિણામ એવું આવ્યું છે કે જે સંતાનો, જે બાળકો વૃદ્ધોને માન-સન્માન આપતા હતા તે યુવકો બની ગયા છે. પોતાની હરોળના યુવકોને માન-સન્માન કે આદર આપે તે અસંભવ બની રહ્યું છે.

આજ કાલ શિક્ષકની ફરિયાદ હોય છે કે વિદ્યાર્થીઓ અમારું માનતા નથી. અમારું માન-સન્માન જાળવતા નથી. અમારી આમન્યા રાખતા નથી. વાત સાવ સાચી છે આપણી સામે દેખાતું દર્પણ આપણને ઘણું શિખવી દેતો હોય છે. આપણી જાતને દેહરૂપે આપણી સામે નગ્ન સત્ય તારવીને મૂકી દે છે. પણ તે સત્યમાં છુપાયેલા આત્માને આપણે ઓળખી શકતા નથી. જો તેની સાચી ઓળખાણ-પીછાણ થઈ જાય તો જ બીજાના આત્માને આપણને ઓળખતા આવડે બસ આટલું આવડી જાય તો ગુરૂ તરીકેની લાયકાત ઊભી થઈ શકે. આજે ગુરૂ ગુમ થઈ ગયો છે, તે પડદા પાછળ ધકેલાઈ ગયો છે. અને તેની સામે શિક્ષક જેવું વિચિત્ર પ્રાણી સમાજ સમક્ષ પ્રગટ થઈ ગયું છે.

આપણે જોઈ રહ્યા છીએ કે એક જમાનામાં ગુરૂને અતિ માન-સન્માન મળતું હતું. પાંચ માણસમાં તે પૂછાતો અને પૂજાતો હતો. હવે આજના શિક્ષકને ગુરૂનું માન-સન્માન મળતું બંધ થઈ ગયું છે એટલે શિક્ષણમાં અનેક

સમસ્યાઓ ખડી થઈ ગઈ છે. અને પોતાના પગ પર પોતે જ કૂહાડો માર્યો છે. સંસ્થાઓ કમાય છે. વિદ્યાર્થીના માતા-પિતા શોષાય છે, શિક્ષક પણ શોષાય છે. આ બહેની વચ્ચે વિદ્યાર્થી ભીંસાઈ રહ્યો છે. તે દિશાહિન થઈ રહ્યો છે. શિક્ષકોએ આજે માન-સન્માન મેળવવું હોય તો ગુરૂ બનવાની લાયકાત-ક્ષમતા મેળવવી પડશે. કામ ઘણું અઘરું છે કપરું છે પણ અશક્ય નથી. જે શિક્ષકો પોતાનું શિક્ષકત્વ છોડી ગુરૂત્વ પ્રાપ્ત કરવાની યાત્રામાં ખેલદિલી દાખવી ખરા દિલથી પ્રયત્ન કરશે તે ફાવશે, ગુરૂત્વને પામશે અને તેનું માન-સન્માન પણ જળવાઈ રહેશે. પણ આવા સન્માનનીય ગુરૂ કેટલા ?

શિક્ષક ક્યારેય શિષ્યના હ્રદયમાં પ્રવેશ નહીં કરી શકે; જ્યારે તે ગુરૂત્વ પ્રાપ્ત કરી લેશે ત્યારે તે શિષ્યના હ્રદય પ્રદેશમાં સરળતાથી અને સહજતાથી આપો આપ પ્રવેશ પામશે. એમાં કોઈ શંકાને સ્થાન નથી. હ્રદય પ્રદેશમાં પ્રવેશ કરવો એટલે શું ? પ્રથમ પ્રેમ આપીને પ્રેમ પ્રાપ્ત કરવો. પ્રથમ અનપેક્ષિત પ્રેમનાં ત્યાગમાંથી જ પ્રેમયોગ પેદા થાય છે. અહીં પ્રથમ આપવાની વાત આવે છે તે પણ અનાસક્ત ભાવે આવો શિક્ષક જ ગુરુતા પ્રાપ્ત કરી શકે છે. જે શિક્ષક પોતાના શિષ્યના આત્માને ઢંઢોળીને જગાડી શકતો નથી તે નવી પેઢી તૈયાર કરી શકતો નથી.

માહિતી એ જ્ઞાન નથી. સ્મૃતિના ભંડારમાંથી બહાર કાઢેલો એક અંશ છે. જ્ઞાન તો કર્મમાંથી પેદા થાય છે. અનુભવથી અનુભૂતિમાંથી પેદા થાય છે. માહિતી તે અનુભવ નથી. માહિતી જડ હોય છે. જ્ઞાન જીવંત હોય છે, કમ્પ્યૂટર જડ છે. તે માહિતીનો મહા ભંડાર છે, પણ તેમાં આત્મા નથી, નથી મન, વિચાર કે લાગણી ભર્યા સંવેદનો. માહિતીનો સંબંધ માત્ર સ્મૃતિ સાથે છે. જ્યારે જ્ઞાનનો સંબંધ વિચારો સાથે, મન સાથે, સંવેદનાઓ અને ઈચ્છાઓ સાથે છે, આત્મા અને બુદ્ધિ સાથે છે. માહિતી તો નગદનાણું છે તે જ્યાં-ત્યાં વટાવી શકાય જ્યારે જ્ઞાન જ્યાં-ત્યાં વટાવી ન શકાય તેના માટે પાત્રતા ઊભી કરવી પડે છે. અને સુપાત્રની શોધ કરવી પડે છે. સુપાત્રો શિક્ષકથી ક્યારેય પેદા થવાના નથી. એ કામ તો ગુરૂપદ થકી જ નિષ્પન્ન થઈ શકે. તેઓ જ શિષ્યના હ્રદય પ્રદેશમાં પ્રવેશવાના અધિકારી હોય છે. કારણ કે ગુરૂ જ તેના મન, આત્મા અને હ્રદય પ્રદેશ સુધી પહોંચી શકે છે. ગુરૂ સુટેવો ઘડી શકે, કુટેવોમાંથી શિષ્યને મુક્ત કરાવી શકે અને સુટેવોને વિકસાવી શકે, સંસ્કાર ઘડતર કરી શકે. દેશ અને સમાજના સાચા નાગરિત્વનું ઘડતર કરી શકે છે. તેમનું જીવન જ એક દર્પણ બનીને ઊભરી આવે છે.

બાળકોને શું આપવું જોઈએ ? શું આપવા જેવું છે ? ક્યારે આપવા જેવું છે ? કેટલા પ્રમાણમાં આપવા જેવું છે ? શું આપવું, શું ન આપવું વગેરે અનેક બાબતો અંગે માત્ર ગુરૂ જ મંથન કરી શકે. કમ્પ્યૂટર બની ગયેલો શિક્ષક આવું મંથન ક્યારેય કરી ન શકે.

એક જમાનામાં શિક્ષકને પોતાનો અહંકાર પીડતો હતો. તેથી શિષ્ય કરતા પોતે અનેક ગણો આગળ છે એવું તે પોતે માની બેઠો હતો. આજે આવો અહંકાર જરાય ચાલી શકે એમ નથી. તેનું અક્કડપણું કે કડકાઈ ચાલી શકે તેમ નથી. પોતાના અહંકારને ઓગાળીને જે નમ્ર બની સૌને નમતો થશે તે જ સૌને ગમતો થશે. એક નાનકડા કુંડાળામાં સંકોચાઈ ગયેલા શિક્ષકને કુંડાળાની બહાર રહેવાનું કહી રહ્યો છે. જે શિક્ષક પોતાની જાતને કેન્દ્રમાં રાખીને વિદ્યાર્થીને કુંડાળાની બહાર કાઢવાનો પ્રયત્ન કરશે તો પોતે જ કુંડાળાની બહાર ફેંકાઈ જવાનો છે. બંને વચ્ચે ઊભી થઈ ગયેલ ખાઈ ને દૂર કરવા માટે એક જ ઉપાય બચી રહ્યો છે. તે પ્રેમતત્ત્વ, પ્રેમ હોય ત્યાં નમ્રતા આવે જ. અને નમ્રતા હોય ત્યાં ઉદારતા અને આદર પણ આવે જ. આ બધાનું મૂળ તત્ત્વ છે નિભેળ, નિર્વ્યાજ અને અનપેક્ષિત નિર્મળ પ્રેમ.

આજે આદર વગરના શિષ્ટાચારમાં આપણે જીવી રહ્યા છીએ. ઘણી વખત માનનીય, સન્માનનીય, આત્મીય, આદરણીય, પૂજ્ય, પરમપૂજ્ય કે પ.પૂ.ધ.ધૂ. વગેરે શબ્દોથી સંબોધતા હોઈએ છીએ. આ સંબોધનને લાયક ન હોય દિલમાં તેના પ્રત્યે આદરભાવ કે સન્માન

ન હોય તો પણ આવા રૂપકડા સંબોધનોથી પત્રનો પ્રારંભ કરીએ છીએ. વાસ્તવમાં નફરત કે અનાદર જ હોય છે. છતાં આજે એક પ્રકારનો ખોટો શિષ્ટાચાર બની ગયો છે. જ્યારે ખરા પ્રેમમાં, વાસ્તવિક પ્રેમમાં આવો શિષ્ટાચાર સહજ ધર્મ બની જતો હોય છે; જેમાં અનાદર કે નફરતની માત્રા હોતી નથી.

પરાણે ઠોકી બેસાડેલ શિષ્ટાચાર ભ્રષ્ટ બનીને ક્યારે બગાવત કરી બેસશે એ નક્કી નથી હોતું. ક્યારે આક્રોશ કે અનાદર કરી બેસશે તેનો કોઈ ભરોસો કે વિશ્વાસ નથી હોતો. પણ જે આદર અંતરના સહજ અને વાસ્તવિક પ્રેમથી નીતરતો હોય કે પ્રેમથી તરબોળ હોય તે ક્યારેય બગાવતનો વિચાર સુદ્ધાં નહીં કરી શકે. જો શિક્ષક પોતાને પીડતા અહંકાર સાથે વિદ્યાર્થી પાસેથી કામ લેવાનું પસંદ કરશે તો વિદ્યાર્થી તેના પ્રતિઘોષમાં જરૂર અવળચંડાઈ આચરશે. વિદ્યાર્થીને આદર, વિવેક અને નમ્રતાના પાઠ ભણાવવા માટે કડકાઈ કે જોહૂકમની જરૂર નથી. પડઘો કેવો પાડવામાં આવે છે તેના પરથી પ્રત્યાઘાતની તીવ્રતા અને ગુણવત્તા ઊભરે છે.

એક જમાનામાં શિક્ષકનું સ્થાન પિતા જેવું ગણાતું હતું. તેમાં આજે બદલાવ આવતા વડીલ કે બંધુ જેવું બની ગયું છે. તેમાં મૈત્રી ભાવનો ઉમેરો થયો છે. એટલે બીજા અર્થમાં શિક્ષક શિક્ષક રહ્યો નથી. પણ મિત્ર બની રહેશે; ગુરૂ બનવાની વાત તો એક બાજુ રહી. આ નવો અભિગમ આજના નવા યુગમાં સ્વીકારવો જ રહ્યો. એક જમાનામાં હૂકમ કરી શકે તેવા શિક્ષકની જરૂર હતી. આજે આ અભિગમમાં બદલાવ આવી ગયો છે. હૂકમ કરી શકે એવા શિક્ષકની આજે જરૂર પણ નથી. જ્ઞાન આપી શકે એવા શિક્ષકની જરૂર ઊભી થઈ છે. તેથી શિક્ષકે પોતાની આસપાસ જે જૂની વિચારધારા ઘુમરાઈ રહી છે તેનો ત્યાગ કરી મૈત્રી ભાવની નવી વિચારધારા અપનાવવી પડશે. તે માટે શિક્ષકે નિત્ય જાગૃત રહી મૈત્રીભાવ કેળવી નમ્ર બન્યા વગર છૂટકો નથી. આજ સુધી શિક્ષકે બાળકોને નમ્રતાના પાઠો ખૂબ ભણાવ્યા છે હવે નમ્રતાના પાઠો શિક્ષકે પહેલા ભણવા પડશે. પોતે નમ્ર બન્યા વગર હવે નમ્રતાના પાઠો બાળકોને ભણાવી શકશે નહીં. આ સત્ય આજે પૂરવા થઈ રહ્યું છે.

આજ સુધી શિક્ષકે પોતાના અહંકારના બળે જૂની પેઢીને પોતાના પગમાં પડાવી છે. હવે એ અસંભવ છે. શિક્ષકની અહંવાદી મનોવૃત્તિએ બાળકોને સ્વતંત્ર રીતે સહજ વિકસવા દીધા નથી તેના વ્યક્તિત્વ ઉપર નાનપણથી સતત પ્રહારો થતા રહ્યા છે. તેના સ્વતંત્ર વિચારોની સતત હત્યા થયા કરી છે. જેને કારણે અંધશ્રદ્ધા ઓછી થવાને બદલે વધવા પામી છે. હવે જો આમાં વિદ્રોહ થાય તો જ બધું ઘટી શકે પણ વિદ્રોહ કરે કોણ ? બાળક કે વૃદ્ધ વિદ્રોહ કરી શકે એમ નથી. યુવાનો સિવાય બીજાનું કામ નથી. યુવાનો વિચારશીલ હોય છે. વિચારશીલ યુવાન સિવાય વિદ્રોહ કોઈ કરી શકે એમ નથી. આમ જે વિચાર કરી શકે તે જ વિદ્રોહ કરી શકે. હા માં હા મિલાવનાર ક્યારેય વિદ્રોહ ન કરી શકે. યસમેન યુદ્ધમેન ન બની શકે. યુદ્ધમેન તે જ થઈ શકે જે હા માં હા મિલાવવાનો વિચાર ન કરે. જે હા માં હા ન મિલાવે તે જ વિચાર કરી શકે વિદ્રોહ કરી શકે. સાચું શિક્ષણ બાળકને વિચાર કરતો કરી મૂકે છે.

વિચારક્રાંતિ હા માં હા મિલાવવાથી ન થાય અને સમાજ વ્યવસ્થા કે રાજ્ય વ્યવસ્થા બદલાય નહીં. સમાજને વિકાસ પામતો કરવા માટે રચનાત્મક વિદ્રોહ જરૂરી છે. વિકાસના બીજ હકારમાં નથી હોતા એ તો નકારમાં પડ્યા છે. બંધિયાર પાણી ગંધાઈ ઊઠે છે. વહેતું પાણી જ નિર્મળ રહે છે. નિત્ય તાજું પણ રહે છે.

નવી વિચારધારને કોઈ સીમાડા નથી હોતા. બંધિયાર પાણીના સીમાડા તોડી નાખ્યા પછી તે વહેતું થાય છે. સીમાડા તોડવા માટે જ્યાં સુધી નવો શિક્ષક પેદા નહીં થાય ત્યાં સુધી સીમાડા તૂટશે પણ નહીં. જે માહિતી કે જ્ઞાન છે તે આપી દેવાથી સીમાડા હરગીજ નહીં તૂટે. સીમાડા તો અજ્ઞાતથી તૂટશે. શિક્ષકે તો જે અજ્ઞાત છે તે ઢંઢોળીને પકડવાનું છે. શિક્ષક ઢંઢોળવાનું કામ નહીં કરે,

પોતે સંશોધક નહીં બને ત્યાં સુધી તે અજ્ઞાતમાં પ્રવેશ નહીં કરી શકે. જૂનું જ્ઞાન કે માહિતી સતત આપ્યા કરીશું તો નવા જ્ઞાનનો ઉઘાડ શી રીતે થશે ? એટલે શિક્ષકે વિદ્યાર્થીને એ પણ બતાવવું પડશે કે આપણે જે બાબત આજે જાણીએ છીએ તે આવતી કાલે જૂનું અને વ્યર્થ બની જવાનું છે. તો જ નિત્ય નવા જ્ઞાનનો ઉઘાડ થઈ શકશે.

આપણા પ્રાચીન શિક્ષણનો ઢાંચો અંદરથી બહાર કાઢવાનો હતો જ્યારે આજનું શિક્ષણ બહારથી અંદર લઈ જાય છે; જે વાસ્તવિક નથી. વાસ્તવિક અને ખરું શિક્ષણ તો એ છે કે જે અંદર છે તેને બહાર કાઢે. આજે બહારથી બધું અંદર ભરી દઈને પછી પરીક્ષા વખતે તેથી યથા સ્વરૂપે બહાર કાઢવાની પ્રક્રિયા થયા કરે છે. પૂછેલા પ્રશ્નોનો જવાબ આપવા અને તે પણ અંદર ભરેલા ભંડારમાંથી જ. આ થઈ સ્મૃતિ ભંડારમાં ઉમેરવાની પ્રક્રિયા. પરીક્ષા વખતે ભંડારમાં ભરેલ જથ્થામાંથી પૂછેલા પ્રશ્નોનો યથાવત જવાબ આપવો. આમાં નવું શું પ્રગટ થયું ? જે છે તે આપવું એમાં શિક્ષકનું ગૌરવ નથી. પણ જે નથી તે ઢંઢોળીને બહાર કાઢવું તેમાં જ શિક્ષકનું ગૌરવ સમાયેલું છે. આજની પરીક્ષા સ્મૃતિનો વ્યાયામ છે. બુદ્ધિનો નહીં. સ્મૃતિ તો એક યાંત્રિક બાબત ગણાય છે જ્યારે બુદ્ધિ એ કંઈક જુદી જ વાત છે. સ્મૃતિ એ એવી યાંત્રિક શક્તિ છે જે ભૂતકાળ સાથે નીકટનો સંબંધ ધરાવે છે ત્યારે બુદ્ધિનો સંબંધ ભવિષ્યકાળ સાથે છે. સ્મૃતિનો સંબંધ જ્ઞાત સાથે છે. જ્યારે બુદ્ધિનો સંબંધ અજ્ઞાત સાથે છે. સ્મૃતિનું કામ બહારથી અંદર લેવાનું છે જ્યારે બુદ્ધિનું કામ અંદરથી બહાર કાઢવાનું છે. આ રીતે બન્ને શક્તિની એકબીજાથી તદ્દન ભિન્ન છે. વિજ્ઞાનનો જન્મ અજ્ઞાતમાંથી જ થાય છે એટલે જે અજ્ઞાતમાં પ્રવેશ કરી શકે છે તેમાંથી જ ચિંતક કે સંશોધક પેદા થાય છે. આ રીતે જોઈએ તો જે વ્યક્તિ જ્ઞાતને જાણે છે તે વિદ્વાન કે પંડિત કહેવાય અને જે અજ્ઞાતને જાણે છે તે જ્ઞાની કહેવાય, વિજ્ઞાની પણ કહેવાય. આ રીતે જોઈએ તો કોઈ પંડિત જ્ઞાની નથી બની શકતો અને કોઈ જ્ઞાની પંડિત નથી બની શકતો. બંને માર્ગો જ ઉત્તર-દક્ષિણ ધ્રુવ જેવા અલગ છે.

કમ્પ્યૂટર શું છે ? સ્મૃતિનું ભૌતિક સ્વરૂપ જ ને ? આજનો પંડિત તે કમ્પ્યૂટર છે. કમ્પ્યૂટરને મન કે મગજ નથી હોતું, કમ્પ્યૂટરને વિચાર, તર્ક કે કલ્પના શક્તિ નથી હોતી. તે તો એનો જ સંગ્રહ કરી શકે છે જે છે. જ્યારે જ્ઞાની નિત્ય નવું નવું પેદા કરી શકે છે.

આપણા દેશને આવા જ્ઞાનીઓની ખૂબ જરૂર છે, કેમકે ક્રાંતિ લાવવી હોય તો જ્ઞાનીઓની જ જરૂર પડવાની છે. પંડિતોની નહીં. આજના શિક્ષણ માટે બહુ મોટો પડકાર ઊભો થયો છે. જે શિક્ષક બાળકને અજ્ઞાતમાં પ્રવેશ કરાવવાની ક્ષમતા કેળવશે તે શિક્ષક આ પડકારને જીલી શકશે. તેવો શિક્ષક જ સાચું સન્માન પ્રાપ્ત કરવાનો અધિકારી બનશે. આજ સુધી શિક્ષણ જ્ઞાતમાં જ રમમાણ થતું રહ્યું છે. જેનાથી આજનો વિદ્યાર્થી ઊબી ગયો છે. હવે તો જે શિક્ષક વિદ્યાર્થીને અજ્ઞાતમાં પ્રવેશ કરાવવાની ક્ષમતા પ્રાપ્ત કરશે તે શિક્ષક સફળ થવાનો છે. તેને જ આજનો વિદ્યાર્થી સન્માન આપશે અને પ્રેમ કરશે.

સંદેહનો ઉકેલ વિશ્વાસથી નહીં પણ વિચારથી થઈ શકશે. આસ્થાથી નહીં પણ નકારથી થશે. આમ નકારનો સ્વીકાર કરતા જે શિક્ષક વિદ્યાર્થીને શીખવી શકશે તે જ સંદેહ કરવાનું પણ શીખવી શકશે. માત્ર જવાબ આપવાનું શીખવી દેવું તે મહત્ત્વનું નથી પણ જવાબ સંદેહ યુક્ત હોય કે જેમાંથી વિદ્યાર્થી કંઈક નવું જાણવા કે કરવા માટે વ્યાકુળ બની જાય. શિક્ષકનું ખરું કામ તો વિદ્યાર્થીને વ્યાકુળ બનાવનારા પ્રશ્નો ખડા કરી દેવાનું છે. જેથી સાચા જવાબો શોધવાની મથામણ કરવી પડે. જેના માટે અંદરનું વ્યક્તિત્વ ઊકળી ઊઠે, સત્ય પામવા માટે તત્પરતા પેદા કરી શકે તે શિક્ષક જ સફળતા પ્રાપ્ત કરી શકવાનો છે.

શિક્ષણની પ્રક્રિયા આંતરિક હોય છે. એટલે વિદ્યાર્થીના અંતરને ઢંઢોળવું, તેને જ્ઞાનની તૃષા લગાડવી,

**અનુસંધાન પૃષ્ઠ ૨૭ ઉપર**

# પેરેન્ટિંગ ઉર્ફે માતાપિતાનું પ્રશિક્ષણ

**રવીન્દ્ર અંધારિયા**

પ્લોટ નં.૨૨૨૫ બ/૧/બ પૂજાપાર્ક, વરલ હાઉસ પાસે, વાઘાવાડી રોડ,ભાવનગર,૩૬૪૦૦૨

ઈ-મેઈલ : rrandhariy@gmail.com

જો આજનું બાળક આવતી કાલનો નાગરિક હોય તો તેને નાગરિક ધર્મના પાઠ બચપણથી જ શીખવવા જોઈએ ને ? પરંતુ આવું થતું નથી. પરિણામે સમાજમાં છડે ચોક અરાજકતા જોવા મળે છે. અરે, નાગરિક દેશદ્રોહ જેવાં વ્યવહારો કરતાં પણ અચકાતો નથી. આ સમાજ માટે કશુંક કરવું પડશે કે નહિ? સૌ કોઈ કહેશે કે હાં, હાં. તો ક્યાંથી શરૂઆત કરશું? તો એનો જવાબ હું આપીશ, શરૂઆત બાળપણથી કરવી જોઈએ.બાળપણ એ સદ્‌વર્તનનું ધરૂવાડિયું છે. નાગરિક ધર્મનું પાલન એ સદ્‌વર્તનનો પર્યાય છે. સદ્‌વર્તનનાં બે પરિમાણો છેઃ

૧ . વ્યક્તિલક્ષી પરિમાણ એટલે કે વ્યક્તિગત જીવન વ્યવહારોને સ્પર્શતાં વર્તન વ્યવહારો.

૨ . સમાજલક્ષી પરિમાણ એટલે કે સમાજ સંબંધિત વ્યવહારો. નાગરિક ધર્મનું પાલન એ સદવર્તનની ઓળખ છે. સદ્‌વર્તનનાં આ બંને પરિમાણો નાગરિકનાં જીવન વ્યવહારોમાં ઓતપ્રોત થાય એ ઇચ્છનીય છે કે નહિ? પ્રિય વાચકો! જવાબ મળશે હાં, હાં. મિત્રો, અહીં થોડીવાર અટકો અને વિચારો. આ કેવી રીતે શક્ય બને? મારા અભિપ્રાય મુજબ આ હકાર આપણા સૌનાં વાણી વર્તનમાં ઊતરે ત્યારે આપનો હકારાત્મક જવાબ ફળદાયી બને.

બાલ્યાવસ્થામાં થતાં બાળ વર્તનો મોટાભાગે મોટેરાઓનાં વર્તનની કાર્બન કોપી હોય છે . આમેય તે અવસ્થા અનુકરણશીલ હોય છે. ત્યારે મોટેરાઓનાં વર્તનો સદ્‌વર્તનનાં પરિઘમાં આવતાં હોવાં જોઈએ. જો કે આ એક અપેક્ષા છે. અપેક્ષાઓ સર્વથા ખરી ઊતરતી હોતી નથી.બલકે સમાજમાં આવું જોવાં મળે છેઃ પિતા સોફા ઉપર બેસી ગપ્પા મારતા હોય છે. ત્યારે અચાનક ફોનનો રીંગ ટોન ગુંજવા લાગે છે. પિતા ફોન ઉપાડે એ પહેલા તો એમનો લાડકો જિગ્નેશ ફોન ઉપાડી લે છે ને હેલ્લો....હેલ્લો... કરવા લાગે છે. સામેથી જમનાદાસભાઈનો આછોપાતળો અવાજ જિગ્નેશના પિતાને સંભળાય છે. પિતા અવાજ ઓળખી જાય છે. તેથી જિગ્નેશને ધીમા અવાજે સૂચના આપે છે, 'કહી દે પપ્પા ઘરે નથી , બહાર ગયા છે. બાળક પાળેલા પોપટની જેમ ફોનમાં બોલી દે છે. સામેથી ફોન કટ થઈ જાય છે. પણ એ જ સમયે જીગ્નેશનાં મનમાં ફટ દેતોકને એક પ્રશ્ન ઊઠે છેઃ પપ્પા તો ઘરમાં જ છે. છતાં ય એમ કેમ કહ્યું કે તે ઘરે નથી? બહાર ગયા છે. બાળ ચિત્ત દ્વંદ્વ અનુભવે છે. મનમાં પ્રશ્નોની હારમાળા સર્જાય છે. બાળચિત્ત તો એકદમ બિલ્લોરી કાચ જેવું હોય છે. તેની ઉપર ડાઘા હોતા નથી. તેથી તેનું મન બળવો પોકારે છે. છેવટે તે પિતાને પૂછી બેસે છે, 'પપ્પા!તમે તો ઘરમાં જ છો છતાં ફોનમાં એમ કેમ કહેવરાવ્યું કે પપ્પા ઘરમાં નથી, બહાર ગયા છે.'

પપ્પાએ જવાબમાં કહ્યું 'એ તો એમ કહેવું પડે.'

બાળક ફરી પૂછે, 'કેમ આવું ખોટું કહેવું પડે?'

એ તને નહિ સમજાય, તું હજુ નાનો છો. 'પપ્પાએ વાતને ટાળવા કોશિશ કરી. અલબત્ત બાહ્ય દષ્ટિએ વાતનો અંત આવ્યો હોય તેમ લાગે છે પણ આંતરિક દષ્ટિએ વાત હવે જ શરુ થાય છે, બાળકનાં ચિત્તમાં.

પપ્પા ઘરે નથી, બહાર ગયા છે.---આ ધ્રુવ વાક્ય બાળકના ચિત્તમાં અવનવાં વિચાર વલયો રચે છે.

(૧) ઘરે હોવા છતાં ઘરે ન હોવાનું કહી શકાય. ને એમ કહેવામાં કશો વાંધો નહિ.કશું ખોટું થતું નથી.

(૨) સત્યને છૂપાવવા અસત્યનો સહારો લઈ શકાય, એમાં કશું ખોટું થતું નથી.

**અનુસંધાન પૃષ્ઠ ૪૦ ઉપર**



# મુ. શ્રી જશીબહેન નાયક 'શતાબ્દી વંદના' તથા સરસ્વતી વિદ્યામંડળ 'અમૃત પર્વ'ની શુભેચ્છા રેલી





સરસ્વતી વિદ્યામંડળની સ્થાપના સને ૧૯૪૪માં પદ્મશ્રી ડૉ. રઘુભાઈ નાયક તથા મુ.શ્રી જશીબહેન નાયક દ્વારા કરવામાં આવી હતી. જે આજે ૭૫માં વર્ષમાં પ્રવેશ કરે છે. જ્ઞાનની દેવી સરસ્વતી માતા અને ઋષિ નાયક દંપતી દ્વારા સ્થાપવામાં આવેલ આ સંસ્થા ખૂબ જ અથાગ પરિશ્રમ કરીને એક કબીર વડ સમાન બની છે. આ શૈક્ષણિક વડલામાં ૮૦૦૦૦ જેટલા સારસ્વતોનું સિંચન થયું છે. જે રાજકીય, સામાજિક, વ્યાપારિક, ટૅક્નૉલૉજી, કાયદો વ્યવસ્થા, ન્યાય, સંરક્ષણ, તબીબી, સચિવાયલ, જંગલખાતા, બાંધકામ વગેરે ક્ષેત્રોમાં સરસ્વતીએ આપેલા સંસ્કાર અને કાર્યસૂઝ દ્વારા અશક્યની આરાધના કરી રહ્યા છે. સરસ્વતી વિદ્યામંડળના વિદ્યાર્થીઓએ સમગ્ર વિશ્વમાં ડંકો વગાડ્યો છે. તમામ ક્ષેત્રોમાં સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓના વિદ્યાર્થીઓ મોખરે રહ્યા છે. આ ૭૫ની વર્ષની યાત્રામાં કોદાળીથી કમ્પ્યૂટર સુધી અને ગુરુકુળ શિક્ષા પદ્ધતિથી આધુનિક શિક્ષણ પદ્ધતિ સુધી સરસ્વતી વિદ્યામંડળે સાધેલી પ્રગતિ અવર્ણનીય છે.

આજે ખૂબ જ સુંદર સંયોગ પ્રાપ્ત થયો છે. મુ.શ્રી જશીબહેન નાયક ૧૮ નવેમ્બર ૨૦૧૮ના રોજ ૧૦૦ વર્ષ પૂર્ણ કરીને શતાબ્દી વર્ષ (૧૦૧ વર્ષ)માં પ્રવેશ કરે છે. અને સરસ્વતી વિદ્યામંડળ ૭૪ વર્ષ પૂર્ણ કરી અમૃત વર્ષ (૭૫ વર્ષ)માં પ્રવેશ કરે છે. શતાબ્દી અને અમૃત પર્વના સમન્વયને પ્રતિસાદ કરવા સરસ્વતી વિદ્યામંડળના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા શુભેચ્છા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦થી વધુ સારસ્વતો - આચાર્યો - શિક્ષકો અને વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રેલીની શરૂઆત ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલમાંથી કરવામાં આવી હતી.

રેલીના પ્રારંભે મુ. શ્રી ઉપેન્દ્રભાઈ પટેલ અને શ્રી મીતાબહેન મહેતાએ સૌ સારસ્વતો વતી મુ. શ્રી જશીબહેનને જન્મદિનની શુભેચ્છા પાઠવી હતી. ૧૦૧ વર્ષના ૧૦૧ ફુગ્ગાઓ દ્વારા સારસ્વતોના હર્ષની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. મુ. શ્રી ઈરાબહેન, ખ્યાતીબહેન, તરૂબહેન તથા બિપીનભાઈ દ્વારા કૂચગીત 'સરસ્વતી કે નયે સિપાઈ' ગાઈ રેલીનું પ્રસ્થાન કર્યું હતું.

શુભેચ્છા રેલીમાં મ્યુઝિક બેન્ડ દ્વારા સરસ્વતીમાં ગવાતા ગીતો અને મોટર સાઈકલ પર સારસ્વતો સવાર હતા. ફૂલોથી શણગારેલ ખુલ્લી જીપમાં મુ.શ્રી જશીબહેનની સાથે સર્વેશ્રી ઈરાબહેન ઘોષ, જસુબહેન પટેલ, કલ્પેશભાઈ પટેલ, હરીભાઈ પટેલ, રમેશભાઈ વરીયા, ઉમાકાન્ત સુતરીયા, મનીષ પટેલ, ગફુરભાઈ દેસાઈ અને જીપના સારથી શ્રી મહેન્દ્રસિંહ રાજપૂત હતા. અન્ય વાહનોમાં સંચાલન મંડળના સભ્ય સર્વશ્રી






જ્યોતીન્દ્રભાઈ, ઉપેન્દ્રભાઈ, જયેન્દ્રભાઈ, ગૂજરાત વિદ્યાપીઠ પત્રકારત્વના પ્રોફેસર ડૉ. અશ્વિનકુમાર, પૂર્વ આચાર્યો કલ્પનાબહેન દૂધિયા, નંદુભાઈ રાવલ, હેમાબહેન ત્રિવેદી, નીતાબહેન તેમજ પૂર્વ શિક્ષકો તથા કર્મચારીગણ, પૂર્વ સારસ્વતોમાંથી ગણેશભાઈ ચૌહાણ, ડૉ. ભાવેશભાઈ ઠક્કર, અતુલભાઈ ઘાડિયા, દિલીપસિંહ સોલંકી, કમલેશભાઈ દવે, હિતાંશ જૈન, અમરીશભાઈ વૈદ્ય, મનીષભાઈ આચાર્ય, પ્રકાશભાઈ સુથાર, અમીન કાચવાલા, હોજેફા, સોનલબહેન પંચાલ, હેતલબહેન દવે તેમજ અન્ય ઉપસ્થિત રહ્યા હતા.

શુભેચ્છા રેલીનું સરસપુર-બાપુનગરના વિદ્યાર્થીઓ તથા તેમના પરિવારે ઠેર ઠેર જગ્યાએ સ્વાગત કર્યું હતું. માનવતાની મહેંકથી મહેકતી અને લાગણીસભર સંબંધોના તાણાવાણાથી જોડાયેલ વિશાળ શુભેચ્છા રેલી સરસપુર, બાપુનગર વિસ્તારમાં ફરીને પરત કેમ્પસમાં આવી હતી. વાતાવરણ ખૂબ જ આહલાદક હતું.

શુભેચ્છારેલીમાં રાષ્ટ્રીય સેવા સંઘ વતી ભૌતિક પટેલ તથા તેમના મિત્રવર્તુળ દ્વારા, સરસપુરના નાગરિકો, સરસપુરના રાજકીય-સામાજિકના આગેવાનો શ્રી શાંતાબહેન પંચાલ, મફતભાઈ પટેલ, ધીરુભાઈ બ્રહ્મભટ્ટ, હરેશભાઈ દેસાઈ, વિરુભાઈ આર્ય દ્વારા બાપુનગરમાં શુભેચ્છક અરવિંદ મિલ સંચાલિત ચંદ્રપ્રસાદ મેમોરિયલ ફાઉન્ડેશનના શ્રી કાન્તિભાઈ પટેલ દ્વારા, અમારા સારસ્વત તબીબ ડૉ. ભાવેશભાઈ ઠક્કર (સ્ટાર હૉસ્ટિપલના ચેરમેન) દ્વારા, અમારા તબીબ શુભેચ્છા ભાગ્યોદય લેબોરીટરી વાળા ડૉ. દિલીપભાઈ દવે (પ્રમુખ, ડૉક્ટર એસોસિએશન) દ્વારા, સરસપુર સેવા ટ્રસ્ટ વતી શ્રી ઉપેન્દ્રભાઈ પટેલ દ્વારા અને સરસ્વતીના પરિવારના શ્રી કલ્પેશભાઈ પટેલ, દિલીપસિંહ સોલંકી, કમલેશભાઈ દવે, મનીષભાઈ પટેલ, ગફુરભાઈ દેસાઈ, પ્રકાશભાઈ સુથાર, કિશન શુકલ, રૂપલબહેન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

શુભેચ્છા રેલીમાં આચાર્યો સર્વશ્રી તૃપ્તિબહેન, હરીભાઈ, જસુબહેન, ભારતીબહેન, ભાવનાબહેન, મીતાબહેન તથા સરસ્વતી શાળાના પ્રાથમિક વિભાગના શિક્ષકોની હાજરી નોંધપાત્ર હતી.

શુભેચ્છા રેલીના સમગ્ર આયોજન અને રેલીની સંપૂર્ણ જવાબદારી શ્રી કલ્પેશભાઈ પટેલ, મનીષભાઈ પટેલ, મીતાબહેન મહેતા, કિશનભાઈ શુકલ, મુકુંદભાઈ ત્રિવેદીએ ખૂબ જ ખંતથી નિભાવી હતી.

શુભેચ્છા રેલીના સફળ આયોજન બદલ સૌ સરસ્વતી પરિવારનો મુ.શ્રી જશીબહેન તથા શ્રી જ્યોતીન્દ્રભાઈએ આભાર વ્યક્ત કર્યો હતો.

# ધારા ત્રિવેદી
# સંગ્રામ ખેલવાની તમન્ના એ જ સાચી જિજીવિષા

**ડૉ. ઊર્મિલાબહેન શાહ**

૨૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી કલબની સામે,
એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૯૭૯૨૩૦૪૦૪

'બહેન! ધારાને લઈને તમને મળવા આવવું છે. તમે અને દિનુભાઈ સવારે મળશો ?'

'અરે! કોણ જયશંકરભાઈ? આટલા બધાં વખત પછી તમારો અવાજ સાંભળવા મળ્યો ? ધારા ક્યાં છે ? બારમું ધોરણ પાસ કરીને સ્કૂલમાંથી ગઈ પછી ભાગ્યે જ કોઈ દિવસ એના સમાચાર મળ્યાં છે ને આજે આટલા વખતે તમે કહો છો તેને લઈને મળવા આવવું છે ! કંઈ ખાસ કારણ છે કે શું ? શું સમાચાર છે ?'

'અરે બહેન ! શું વાત કરું ? સમાચાર તો ખૂબ આનંદના છે. તમે ય માની ન શકો એવી ઈશ્વરની કૃપા થઈ છે ને હવે તમારા આશીર્વાદ લેવા આવવું છે.'

'શું વાત કરો છો !'

'બહેન ! એને અમેરિકાની રોમેસ્ટર યુનિવર્સિટી તરફથી પીએચ.ડી. કરવા માટે સ્કૉલરશિપ મળી છે અને એટલે બે દિવસ પછી હું ધારાને લઈને રોમેસ્ટર જઈ રહ્યો છું.'

અને આ સાંભળી મારા આશ્ચર્યનો કોઈ જ પાર ન રહ્યો. મારી નજર આગળ લગભગ બાર તેર વર્ષ પહેલાનાં એ દિવસો. એ દૂબળી પાતળી, સૂક્કી ધારા.. નાની હતી ત્યારથી જ હ્રદયની બીમારી. બે ત્રણ વખત હ્રદયનાં વાલ્વનાં ઑપરેશન કરાવેલાં અને એટલે એની નાજુક તબીયતને કારણે તેને ખૂબ સાચવવી પડતી. પપ્પા જયશંકરભાઈ ફિઝિક્સ રિસર્ચ લેબોરેટરીમાં સાયન્ટિસ્ટ અને મમ્મી જયશ્રીબહેન ત્યાંજ લાઈબ્રેરિયન પણ બંને એટલી કાળજી કરે કે ક્યારેક તો મને પણ એમ થાય કે બંને આવી નોકરી સાથે ધારાને આટલી સારી રીતે કેવી રીતે સાચવી શકતાં હશે ! ક્યારેય સહેજ પણ હાથ માથું દુઃખે કે હું તરત ફોન કરું. હ્રદયની બીમારી, જાગૃત રહેવું જ પડે. માત્ર દસ જ મિનિટમાં મમ્મી કે પપ્પા જ્યાં હોય ત્યાંથી હાજર થઈ જ ગયાં હોય. હું ક્યારેક કહું પણ ખરી. 'ધારાને ભણવા માટે દબાણ ન કરશો. એની શક્તિ મુજબ એ જેટલું કરે એટલું જ કરવા દો...' ત્યાં તો ધારા જ હસીને કહી દે... 'ના બહેન! મને ભણવાનું તો બહું ગમે છે.' નાનપણથી આવી તબિયત છતાં ય તેનાં મોં પર મેં ક્યારેય પ્રસન્નતા ઓછી થયેલી જોઈ નહોતી.

એક દિવસ તો મારી ઑફિસમાં એનાં પપ્પાને કહે 'પપ્પા! મને એક વાર સ્વીટ્ઝરલૅન્ડ લઈ જશો ?' મારે સ્વીટ્ઝરલૅન્ડ જોવું છે... ને મને ધારાની આ આજીજી સાંભળી મારું હ્રદય હલી ગયું. જેની કાલ કેવી જશે એનો કોઈ ભરોસો નથી એ ધારાની આંખોમાં હજી સ્વીટ્ઝરલેન્ડનાં શમણાં છે. ઈશ્વર ! તું ય માણસમાં આશાવાદનાં કેવા કેવા પ્રાણ પૂરીને એને જીવન જીવવાનો પ્રાણવાયુ પૂરો પાડે છે. અને મને યાદ આવ્યું... બે ચાર વર્ષ પહેલાં, અમારી 'ધી એક્સ્પેરીમેન્ટ ઈન ઈન્ટરનેશનલ લીવિંગ'ની ઈન્ટરનેશનલ મીટ વખતે સ્વીટ્ઝરલેન્ડનાં ડેલીગેટસે સ્વીટ્ઝરલેન્ડનું બહું જ મોટું ખૂબ સુંદર ચિત્ર ભેટ આપ્યું હતું તે મેં ધારાને ભેટ આપ્યું. ને કહ્યું, 'બેટા! પપ્પા તને ત્યાં લઈ જાય ત્યાં સુધી તું તારા પલંગમાં સૂતાં સૂતાં જ સ્વીટ્ઝરલેન્ડની સફર કર્યા કરજે. આંખી મીંચી ત્યાં પહોંચી જજે' અને એના આનંદનો કોઈ પાર ન હતો. એના મોં પરનો એ અપાર આનંદ હજી આજે ય મારાથી ભૂલાતો નથી. એમાં ભારોભાર નિર્દોષતા અને નિખાલસતા હતી. એની આંખોમાં અપાર વ્હાલ હતું. એ જ ધારા બારમું પાસ

કરીને સ્કૂલમાંથી ગઈ ત્યારે તો એમ થયું કે 'ઈડરિયો ગઢ જીત્યા' કારણકે આવી તબિયતે બારમું કરવું તે કંઈ સહેલી વાત ન હતી અને એટલે એ પછી એના બહુ ખબરઅંતર મળેલાં નહીં.

પરંતુ જ્યારે એના પપ્પાનો મળવા આવવા માટે ફોન આવ્યો ત્યારે એમણે સમાચાર આપ્યાં કે એ તો બીએસ.સી.માં ખૂબ સારી રીતે પાસ થઈ હતી. ગૉલ્ડ મેડલ મેળવ્યો હતો. એમએસ.સી. પણ સરસ રીતે કરીને કૉલેજના લેક્ચરરશિપ કરતી હતી. મને આશ્ચર્ય થયું... 'આ ધારા, સાવ દૂબળી પાતળી. એ વળી લેક્ચરર બોલતાં તો હાંફી જતી હતી. એ વળી લેક્ચર કેવી રીતે આપતી હશે !' પણ ના, ધારાનું મનોબળ... ધારા ધારે તે કરે એવા મનોબળવાળી હતી અને એટલે જ તો દુનિયામાં જેનું ફિઝિક્સ સૌથી ઉત્તમ ગણાય છે એવી યુનિવર્સિટીમાંથી તેને પીએચ.ડી કરવા માટેની સ્કૉલશિપ મળે એ કંઈ નાની સૂની સિદ્ધિ ન હતી.

ધારા આવી હજી હતી તેવી ને તેવી જ નાજુક દેખાતી હતી. ઘડીભર તો મને થયું 'આ ધારા... આ બધું કેવી રીતે ખમી શકશે ? ઈશ્વરે માણસનું મગજ પણ ખરું ઘડ્યું છે ને ! મગજની તાકાત આગળ જાણે શરીરની તાકાતની કોઈ કિંમત જ નથી ! ધારાની આંખોમાં જે તેજ હતું. તેનાં મોં પરની પ્રસન્નતા. હજી પેલું બાળપણ જેવું જ નિર્દોષ હાસ્ય ને મને જોતાં જ ચરણરજ લેવા નીચે નમતી ધારાને મેં માથે ચૂમી લઈને ઊંચી કરીને છાતી સરસી ચાંપી લઈને અંતરથી આશીર્વાદ આપ્યાં. ઈશ્વર તારી બધી મનોકામના પૂરી કરે. એક પછી એક અનેક સિદ્ધિનાં સોપાનો સર કરે ને દુનિયાભરમાં શારદામંદિરને પણ ગૌરવ અપાવે. બેટા ! વિજયતે તન્નમ્ ! ખૂબ ફત્તેહ કર... ગોડ માય બ્લેસ યુ...!'

અને ત્યાં જ જયશંકરભાઈ બોલી ઉઠ્યાં, 'બહેન, તમે એ સાચું બોલ્યાં... આ બધું જ ઈશ્વરકૃપાથી જ થયું છે. તમને ખબર છે ! ધારાની તબિયતમાં જે કંઈ થયું છે તે બધું જ પ્રમુખસ્વામીની કૃપાથી જ થયું છે. એ બીએસ.સી.ની પરીક્ષા આપીને આવી. એકાદ પેપર બગડેલું. ચિંતામાં હતી. હવે મારો રેન્ક ગયો. ને બાપજી મહારાજે આશીર્વાદ આપ્યા. બેટા ! ચિંતા ન કર, ફત્તેહ તારા હાથમાં છે ને એને મેડલ મળ્યો. એની આ બધી જ કૃપાનાં સાચા અધિકારી પ્રમુખસ્વામી. બાપજી મહારાજ છે બહેન ! તમે નહીં માનો પણ તમને ચમત્કાર લાગે તેવી રીતે ધારાનાં જીવનમાં અનેક વળાંકો એમની કૃપાથી આવ્યાં છે અને હું તો હવે એમ જ માનું છું કે આપણે જે કંઈ છીએ કે જેં કઈ કરી શકીએ છીએ એ માત્ર ને માત્ર ઈશ્વરકૃપાથી જ થાય છે. જયશંકરભાઈની એક પિતા તરીકેની આ મહાનતા, નમ્રતા મને ખૂબ સ્પર્શી ગઈ પણ મને યાદ છે ધારા નાની હતી ત્યારથી તેમણે બંનેએ તેની જે કાળજી લીધી હતી. ઘરમાં માતા અને પિતા તરફથી તેને જે પ્રોત્સાહન મળતું હતું અને એ બધાં કરતાં બાળક નાનું હોય ત્યારથી એના રોલ મોડેલ તરીકે એણે એના પપ્પાને જ જોયાં હતાં. મારે પણ પપ્પાની જેમ સાયન્ટિસ્ટ થવું છે.' જીવનમાં સુખ અને દુઃખ પણ દુઃખથી જરા ય ડર્યા કે હાર્યા વિના સતત સંગ્રામ ખેલતાં ખેલતાં અને તે પણ હસતા મોંએ એ સંગ્રામ ખેલતાં ખેલતાં એ ધારા જ્યારે એની કારકિર્દીની આવી પરાકાષ્ટાએ પહોંચી ત્યારે તો મને પણ તેના માટે શીર નમાવવાનું અંદરથી મન થઈ ગયું. ધન્ય છે ધારા. તારા મનોબળને. માણસ ધારે તો શું ન કરી શકે ! વેર ધેર ઈસ ધ વિલ ધેર ઈસ ધ વે !

એ જ ધારાનાં પપ્પા જયશંકરભાઈનો હમણાં અમેરિકાથી ફોન આવ્યો, ધારાને ત્યાંથી એક ખૂબ સારી યુનિવર્સિટીમાં ફિઝિક્સની પ્રોફેસરશિપ મળી અને આશીર્વાદ લેવાં ફોન કર્યો હતો. એ સાંભળી મારા આનંદનો પાર ન હતો. આવી નાજુક તબિયતે પણ ધારાએ જે સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તે જોઈ મારાથી કહેવાઈ ગયું. 'સંગ્રામ ખેલવાની તમન્ના એ જ સાચી જિજીવિષા'.

# બાહુબળથી અદકેરું આત્મબળ

**રણછોડ શાહ**

૬૩, ભૃગુપુર સોસાયટી, ભરૂચ. સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧

સામાન્ય રીતે બાળપણમાં પડેલ ટેવો જીવન પર્યંત રહે છે. 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં' આ સનાતન સત્ય છે. જીવન ઘડતરનો આ અત્યંત નાજૂક અને અગત્યનો તબક્કો છે. આ ઉંમરે મનમાં રોપાતા વિકારોરૂપી બીજ જ ત્યારબાદ વૃક્ષ સ્વરૂપે વિકસે છે. સાચે જ અને સાચું જ કહેવાયું છે કે કુમળા છોડને જેમ વાળીએ તેમ વળે. નાનપણમાં રોપવામાં આવેલા સ્વચ્છતા, સત્ય અને સ્વાવલંબનના ગુણો જ યુવાનવયે ઉપયોગી બને છે. શાળા અને કુટુંબની એ જવાબદારી છે કે બાળકમાં ઉત્તમ ગુણોનું આરોપણ થાય તેની કાળજી રાખે. આ ઉંમરે જ નિર્ભયતા, આત્મવિશ્વાસ અને સાહસના બીજ રોપાઈ જવા જોઈએ. જો તેમ કરવામાં ચૂક થાય તો મોટપણે તે ગુણો વિકસાવવાનું ખૂબ મુશ્કેલ બને છે.

એક હાથી પાસેથી યુવાન પસાર થઈ રહ્યો હતો. તેણે હાથીનું કાળજીપૂર્વક નિરીક્ષણ કર્યું તો જોયું કે હાથી બહુ દૂર સુધી ચાલીને જઈ શકતો નથી. તેને થયું આટલું કદાવર જાનવર કેમ લાંબુ અંતર ચાલી શકતો નથી. તેણે હાથીની નજીક જઈને જોયું તો હાથીનો પગ પાતળી દોરીથી એક ખીંટી સાથે બાંધી દેવામાં આવ્યો હતો. તેથી હાથી વધારે દૂર સુધી હાલીચાલી શકતો ન હતો. અરે ! તે તેને બાંધવામાં આવેલા કમ્પાઉન્ડની બહાર ફરવા પણ જઈ શકે તેમ શક્ય નહોતું. એટલું જ નહીં પરંતુ હાથી તે દોરી તોડી શકવા સમર્થ હોવા છતાં પણ તે પ્રયત્ન કરતો નહીં. યુવાનને આ જોઈને આશ્ચર્ય થયું !

યુવાને હાથીને તાલીમ આપતા ભાઈને ત્યાં ઊભેલા જોયા. તેમને પૂછ્યું, "આ હાથી આટલી પાતળી દોરી પણ તોડી શકતો નથી ?" તાલીમ આપનાર ભાઈ બોલ્યા, "દોસ્ત, આજ તો તકલીફ છે. સાચી વાત તો એ છે કે હાથી નાનો હતો ત્યારે આ દોરીથી તેને બાંધવામાં આવ્યો હતો. તે ઉંમરે તે જરૂરી હતું. વળી તે નાનો હતો ત્યારે દોરી તોડી શકે તેવી શક્તિ ધરાવતો ન હતો. પરંતુ તે મોટો થયો પછી પણ તે તોડવા સમર્થ નથી તેવું તેના મનમાં જડબેસલાક બેસી ગયું હતું. આ તેની મર્યાદા છે."

"પાંખ હોવી એટલું કઈ પૂરતું હોતું નથી,
જોમ સાથે ઊડવાની ચાહ હોવી જોઈએ."
- શીતલ ગઢવી

યુવાન તો આશ્ચર્યચક્તિ થઈ ગયો. આટલા કદાવર હાથી માટે તો આટલી પાતળી દોરી તોડવાનું કામ તો રમત વાત હતી. પરંતુ તેની માન્યતા એવી દઢ થઈ ગઈ હતી કે તે દોરી તોડી શકશે જ નહીં અને તેથી તે દોરી તોડવાનો પ્રયત્ન પણ કરતો નહતો. નાના બાળકોને પોલીસની, બાવાની, કોઈ પ્રાણીની કે ભૂતની બીક બતાવી ધારેલું કામ કરાવી લેતા મોટેરાંઓ એ સમજવા જ તૈયાર નથી કે આ બીક તો જીવનભર ઘર કરી જાય છે. કેટલાય યુવાનો-યુવતીઓ વંદા, ગરોળી કે કૂતરાને જૂએ તો ત્યાંથી ભાગી જાય છે. નાનપણમાં બનેલ કોઈ પ્રસંગે તેમને ભયભીત બનાવ્યા હોવાથી મોટી ઉંમરે પણ તે બીક તેમના મનમાંથી દૂર થતી નથી. બાળપણમાં જ બાળકોમાં આત્મવિશ્વાસ, હિંમત અને સ્વાવલંબન જેવા ગુણો સ્થાપિત કરવા જોઈએ.

એક ઉદ્યોગપતિ મોટા દેવામાં ડૂબી ગયાં. તેમાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો તેમને મળતો નહતો. લેણદારો કડક ઉઘરાણી કરી રહ્યા હતા. તે બગીચામાં બેઠો બેઠો વિચારી રહ્યો હતો કે તેની કંપનીને બંધ થતી કેવી રીતે અટકાવી શકાય ? ત્યાં જ અચાનક એક વૃદ્ધ માણસ તેની પાસે આવ્યો અને બોલ્યો, "તમે કોઈ તકલીફમાં હોય તેમ લાગો છો ?" ઉદ્યોગપતિની મુશ્કેલી સાંભળ્યા બાદ વૃદ્ધે કહ્યું, "હું તમને મદદ કરી શકું તેમ છું." તે વૃદ્ધે દસ લાખ ડોલરનો ચેક લખ્યો અને ઉદ્યોગપતિના હાથમાં મૂકતાં બોલ્યો, "લો, આ ચેક. આજથી બરાબર એક વર્ષ બાદ તમે મને આજ જગ્યાએ મળજો. ત્યારે મને

ચેકની રકમ પરત કરજો." આટલું કહી વૃદ્ધ ત્યાંથી જતો રહ્યો. ઉદ્યોગપતિએ તેની શરત સ્વીકારી એક વર્ષ બાદ રકમ પરત કરવાનું વચન આપ્યું.

ઉદ્યોગપતિએ જોયું તો તેને દસ લાખ ડોલરનો ચેક મળ્યો હતો. ચેક ઉપર દુનિયાના સૌથી વધુ ધનિકોમાંના એક તેવા વોરેન બફેટની સહી હતી. ઉદ્યોગપતિની આર્થિક સમસ્યા ઉકલી ગઈ. ચેકને બેન્કમાં જમા કરાવવાને બદલે તે ચેક પોતાની પાસે સાચવી રાખ્યો. તેણે વિચાર્યું કે જો કોઈ કટોકટી ઊભી થશે તો તેની પાસે ચેક તો છે જ. બદલાયેલ પરિસ્થિતિમાં તેણે પુનઃકાર્યની શરૂઆત કરી. ઉત્સાહપૂર્વક સખત મહેનત સાથે પોતાનું કામ ફરીથી શરૂ કર્યું. તેને વધારે પ્રમાણમાં અને મોટા મોટા ઑર્ડર્સ મળવા લાગ્યા. થોડાક જ મહિનામાં તે દેવું ચૂકતે કરી શકાય તેટલું ધન કમાઈ ગયો. ટૂંક સમયમાં તે ધનવાન બની ગયો.

વચન આપ્યા પ્રમાણે એક વર્ષ બાદ તે ચેક લઈને બાગમાં ગયો. તેણે પેલા વૃદ્ધને ત્યાં બેઠેલો જોયો. ઉદ્યોગપતિ વૃદ્ધને ચેક આપવા જતો હતો ત્યાં જ એક નર્સ દોડતી આવી અને વૃદ્ધને પકડી લીધો. તે ઉદ્યોગપતિ તરફ જોઈ બોલી, "તમને વૃદ્ધે કોઈ તકલીફમાં તો નથી મૂક્યા ને ? તે હંમેશાં ગાંડાની હૉસ્પિટલમાંથી ભાગી જાય છે અને લોકોને કહે છે કે તે વોરેન બફેટ છે !" નર્સ વૃદ્ધને લઈને ત્યાંથી જતી રહી. ઉદ્યોગપતિએ આશ્ચર્યચકિત થઈ આંચકો અનુભવ્યો. સમગ્ર વર્ષ દરમિયાન તે એમ જ વિચારીને કાર્ય કરતો હતો કે તેની પાસે દસ લાખ ડોલરનો ચેક છે.

જીવનમાં સંપત્તિ કરતાં આત્મવિશ્વાસ મોટો ભાગ ભજવે છે. દોલત કરતાં હિંમત ઘણી વધારે ઉપયોગી બને છે. સાધન કરતાં સાધના ચડિયાતી છે. ભૌતિક બાબતો બહારથી પ્રાપ્ત થાય. પરંતુ શ્રદ્ધા અને વિશ્વાસ તો અંતરના ઊંડાણમાંથી આવે. હાર્યા વિના, હિંમતથી આગળ વધતી વ્યક્તિ વિજય પતાકા લહેરાવી જ શકે છે. ગમે તેવા અંધકારમાંથી આત્મવિશ્વાસને અજવાળે આગળ વધી જ શકાય છે.

"એક દિન તમન્નાને જિંદગી કે આંચલ મેં
સર રખ કર પૂછા
મેં પૂરી ક્યોં નહીં હોતી,
જિંદગીને મુસ્કરા કર કહા
જો પૂરી હો જાય વો તમન્ના નહીં હોતી..."

***આચમન :***

***"જેવી કરે છે કરણી, તેવી તુરંત ફળે છે,***
***બદલો ભલાબૂરાનો અહીંનો અહીં મળે છે !***
***ઊંચે ચડે છે જ્યારે સૌને જે તુચ્છ ગણતા,***
***પટકાય જ્યારે નીચે, ત્યારે ખબર પડે છે !"***

***- અજ્ઞાત***

---

## શિક્ષણનો અભિગમ બદલવો પડશે

તે માટેની મથામણ કઈ રીતે કરી શકાય તેનો રસ્તો બતાવવો તે પણ વિશ્વાસપૂર્વક, પ્રેમપૂર્વક, સહાનુભૂતિ પૂર્વકનો સહારો નહીં આપે ત્યાં સુધી તે અંદરથી પ્રગટ થવાનો નથી. આજનું શિક્ષણ આ ઊણપ વધારે ને વધારે પેદા કરી રહ્યું છે.

આજના શિક્ષણની વિચારધારા સ્મૃતિના પાયા પર ખડી થયેલ છે. કેળવણી તો વિદ્યાર્થીને અંતરથી ઢંઢોળવાનો પ્રયત્ન કરે છે. આજ શિક્ષક ગુરૂત્વથી દૂર જતો રહ્યો છે તેનું કારણ કેળવણીથી તે ભિન્ન થઈ ગયો છે. કેળવણી પ્રત્યક્ષ કર્મ થકી જ્ઞાન પેદા કરે છે. જે શિક્ષણમાં કર્મનું સ્થાન નથી તે શિક્ષણ વાંઝિયું ગણાય છે કારણ કે કર્મ એ જ્ઞાનનો પાયો છે અને જ્યારે કર્મ શ્રદ્ધાભક્તિપૂર્વક થાય ત્યારે જ્ઞાનની વાસ્તવિકતા પ્રગટ થાય છે. આવી વાસ્તવિકતા જ શિક્ષકને ખોટા આદર્શોમાંથી બચાવી શકશે. આજે વાસ્તવિક ગુરુઓની જરૂર ઊભી થઈ છે. કમ્પ્યૂટર યુગમાં આ ખોટ પૂરવા માટે શિક્ષકે શુષ્ક નહીં પણ સતત ભીંજાયેલા રહેવું પડશે. ભીંજાતો રહેનાર શિક્ષક ગુરુ બનવાને પાત્ર ગણાશે. ઈશ્વર શિક્ષકને ગુરુ બનવાની પ્રેરણા આપતો રહે એ જ અભ્યર્થના.

# ચમત્કારની કિંમત

**હરિત પંડ્યા**

૨૧, મેઘાનગર, નડિયાદ.
(મો. ૯૪૨૮૬૯૯૮૫૪)

ત્યારે ટેસની ઉમ્મર માંડ આઠેક વર્ષની. એકવાર એનો ભાઈ એન્ડ્રુ ભારે માંદગીમાં પટકાયો. ઑપરેશન વિના એ બચી શકે એમ નો'તો. એના મોંઘાદાટ ઑપરેશન માટે જરૂરી પૈસા ટેસના પિતા પાસે નો'તા. એટલી રકમ એમનાં સગાં-સંબંધીઓ પાસેથી ઉછીની મળવાની કોઈ શક્યતાય એમને જણાતી નો'તી.

''કોઈ ચમત્કાર જ આપણા એન્ડ્રુને બચાવી શકે એમ છે'' ટેસના પિતાએ પત્નીને રડમશ સૂરમાં કહ્યું.

બાજુના રૂમમાં બેઠેલી ટેસે પિતાની વાત સાંભળી. ખિસ્સા ખરચી માટે એને પિતા તરફથી મળતી રકમમાંથી એ રોજ થોડી બચાવતી. એની બચત એ જે ગલ્લામાં ભેગી કરતી એ ગલ્લો એણે કબાટમાંથી કાઢ્યો અને એમાં ભેગી થયેલી રકમ એણે ત્રણ વાર ગણી. એના ગલ્લામાં એક ડોલર અને અગિયાર સેન્ટ ભેગા થયેલા.

એ સઘળી રકમ લઈને એ તો પાછલે બારણેથી નજીકના મેડિકલ સ્ટોરે પહોંચી ગઈ અને એણે સ્ટોરના માલિકને કહ્યું,

''અંકલ, મારે એક ચમત્કાર ખરીદવો છે એ મને ઝટ આપી દો.''

''બેટી, શું કહ્યું તેં? મને કંઈ સમજ ન પડી.'' સ્ટોરના માલિકે કહ્યું

''મારો ભાઈ સખત બીમાર છે. મારા ડેડી કહે છે. એકાદ ચમત્કાર જ એની માંદગી દૂર કરી શકે એમ છે. એક ચમત્કાર કેટલામાં મળે ?'' ટેસે કહ્યું

''બેટી, અમે ચમત્કાર વેચતા નથી. હું તને કાંઈ મદદ નથી કરી શકતો એ બદલ દિલગીર છું.'' સ્ટોરના માલિકે કહ્યું.

''મારે ચમત્કાર કાંઈ મફતમાં નથી જોઈતો. એ ખરીદવા મારી પાસે પૈસા છે એ પૂરતા ન હોય તો બાકીના હું ઘેર જઈને લેતી આવીશ મને ચમત્કારની કિંમત તો કહો.'' ટેસે કહ્યું.

સ્ટોરમાં એ ટાણે ઉપસ્થિત એક સજ્જન ટેસની વાત સાંભળી રહ્યા હતા. એમણે ટેસને પૂછ્યું,

''દીકરી, તારા ભાઈને કઈ જાતના ચમત્કારની જરૂર છે ?''

''મને એની કશી ખબર નથી અંકલ, પણ મારી મા કહે છે કે ઑપરેશન વિના મારો ભાઈ બચી શકે એમ નથી. પણ મારા પિતા પાસે ઑપરેશન માટે જરૂરી રકમ નથી. એટલે મારી બચત બેંકમાં ભેગી થયેલી રકમથી હું ચમત્કાર ખરીદવા આવી છું.'' આંખમાં આંસુ સાથે ટેસે કહ્યું.

''કેટલા પૈસા છે તારી પાસે ?'' સજ્જને પૂછ્યું.

''એક ડોલર અને અગિયાર સેંટ''

''લે, તું જે ચમત્કાર ખરીદવા માગે છે એ ચમત્કાર મારી પાસે છે એની કિંમત એક ડોલર અને અગિયાર સેંટ જ છે.'' કહી સજ્જને ટેસ પાસેથી એક ડોલર અને અગિયાર સેંટ લીધા અને કહ્યું, ''તું મને તારે ઘેર લઈ જા. મારો ચમત્કાર તારા ભાઈની બીમારી દૂર કરવામાં કામ આવે છે કે નહીં તે જોઈએ.''

ટેસ સાથે વાત કરનાર સજ્જન એક જાણીતા સર્જન હતા. એમણે એન્ડ્રુનું ઑપરેશન કર્યું. ઑપરેશન સફળ રહ્યું. થોડા દિવસોમાં તો એન્ડ્રુ સાજોસમો થઈ ગયો.

''ડૉક્ટરે કરેલું ઑપરેશન એક ચમત્કાર જ હતો. એ ઑપરેશનનો ખર્ચ કોણ જાણે કેટલોય આવ્યો હોત.'' ટેસની મોમે કહ્યું એ સાંભળીને ટેસથી હસ્યા વિના ન રહેવાયું.

''મોમ તને ખબર નથી, પણ મને ખબર છે એ ચમત્કારની કિંમત એક ડોલર અને અગિયાર સેંટ હતી.'' ટેસે કહ્યું.

# દુનિયાના સૌથી ઊંચા શિલ્પના સર્જક - રામ સુતાર

રામ વનજી સુતાર - એક એવું જાણીતું નામ જેણે પોતાની શિલ્પકલાથી ભારતીય લોકોના હ્રદયમાં શાશ્વત સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભારતના જાણીતા શિલ્પશાસ્ત્રીઓમાં તેમનું નામ ખૂબ આગળ પડતું છે. આઝાદીની લડતમાં યોગદાન આપનાર હજારો સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ પડછંદ - જુસ્સાદાર રાજનેતાઓના શિલ્પો તેમણે તેમના જીવનકાળ દરમિયાન તૈયાર કરેલ છે. રાજપીપળાની નજીક સુધાબેટ ખાતે ભારતના પ્રથમ નાયબ મુખ્યપ્રધાન 'સરદાર વલ્લભભાઈ પટેલ'નું ૫૯૭ ફૂટનું શિલ્પ, દુનિયાનું સૌથી ઊંચું શિલ્પ બનાવવાનું ગૌરવ રામ સુતારના ફાળે જાય છે. પદ્મભૂષણ અને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત રામ સુતારનું ૨૦૧૬માં Ministry of Culture દ્વારા ટાગોર એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. નોઈડાના ઔદ્યોગિક ક્ષેત્રે જેમાં વિવિધ ફેક્ટરીઓ અને કારખાનાંઓ આવેલ છે તેની વચ્ચે રામ સુતારનું કાર્યસ્થળ વિવિધ જાજરમાન ઊંચા શિલ્પોથી શોભાયમાન છે. બધીજ સરકારોમાં રામ સુતાર શિલ્પી માનીતા બની ગયા છે. ભારતે આઝાદી મેળવી તે સમયથી આજ દિન સુધી મહત્ત્વના જુદા-જુદા સ્થળોએ સિમાચિહ્નો રૂપ શિલ્પો તેઓશ્રી દ્વારા બનાવવામાં આવી રહ્યા છે. રામ સુતારના શબ્દોમાં "સરકારો આવે અને જાય, પરંતુ બધી જ સરકારોનો શિલ્પો બનાવવાનો પ્રેમ હંમેશાં અકબંધ રહ્યો છે, આજ સુધી કેટલી સરકારે મને કહેણ મોકલ્યું તે યાદ નથી પરંતુ તેમના નેતાઓનું શિલ્પ બનાવવાનું કહેવામાં આવે, તેના પર હું કામ કરતો રહ્યો છું. જે તે શિલ્પ બનાવતી વખતે તે શિલ્પ સંબંધિત તેની સઘળી બાબતો મને અચૂક યાદ હોય છે માટે મારું દરેક શિલ્પ એક અનોખું પ્રદાન બને છે." તેમને જ્યારે પૂછવામાં આવ્યું કે તમને ક્યું શિલ્પ સૌથી પ્રિય છે ? મહાત્મા ગાંધીનું પ્રથમ શિલ્પ અને તાજેતરમાં બનાવેલું સરદાર વલ્લભભાઈ પટેલનું શિલ્પ તેમના ઘણાં પ્રિય શિલ્પોમાંના છે તેમ તેમણે જણાવ્યું. તેમની સાથેની વાતચીતમાં જુદાજુદા મહાનુભાવોના શિલ્પ અંગેની માહિતી અત્રે પ્રસ્તુત છે.

● સરદાર વલ્લભભાઈ પટેલ :

રામ સુતારના કાર્યસ્થળ પર ત્રણ ફૂટનું સરદાર વલ્લભભાઈ પટેલનું શિલ્પ બનાવવામાં આવેલ છે. જેના પરથી તાજેતરમાં દુનિયાનું સૌથી ઊંચું શિલ્પ બનાવવામાં આવેલ છે. પટેલનું પ્રથમ શિલ્પ તેમણે ૧૯૯૮માં બનાવ્યું હતું. જે ૧૮ ફૂટ ઊંચું તાંબાનું શિલ્પ હતું જેને ભારતની સંસદમાં સ્થાપિત કરવામાં આવ્યું છે તે જ શિલ્પની આબેહૂબ પ્રતિકૃતિ ૨૦૧૧માં અમદાવાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સ્થાપિત કરવામાં આવેલ છે. ૨૦૧૫માં ગુજરાતનાં એક ગામમાં ૩૦ ફૂટની આબેહૂબ પ્રતિકૃતિ સ્થાપિત કરવામાં આવેલ છે.

● લાલ બહાદુર શાસ્ત્રી :

લાલ બહાદુર શાસ્ત્રીનું માથાથી ધડ સુધીનું શિલ્પ જેને અંગ્રેજીમાં 'Bust' કહેવામાં આવે છે તે પ્રથમ વખત તેમના દ્વારા બનાવવામાં આવી રહ્યું છે. જે ૪ ફૂટનું છે. જેને વારાણસીમાં 'લાલબહાદુર શાસ્ત્રી એરપોર્ટ' પર મૂકવામાં આવશે. આ કાર્ય ટૂંક સમયમાં જ પૂર્ણ થશે.

● ભીમરાવ આંબેડકર :

૧૯૯૫માં રામ સુતારે ડૉ. ભીમરાવ આંબેડકરનું પ્રથમ શિલ્પ બનાવ્યું હતું. જે ૯ ફૂટ ઊંચું છે તેને જમ્મુમાં સ્થાપિત કરવામાં આવેલ છે. બીજું શિલ્પ ૧૮ ફૂટ ઊંચું છે જે તેમના દ્વારા ૧૯૮૭ માં બનાવવામાં આવેલ હતું. જે આપણી સંસદમાં સ્થાપિત છે. ૨૦૦૧માં તેમના દ્વારા બનાવેલ ત્રણ ફૂટ ઊંચું તાંબાનું શિલ્પ દિલ્હીની ભીમરાવ આંબેડકર કૉલેજમાં સ્થાપિત કરવામાં આવેલ છે.

● મહાત્મા ગાંધી :

૧૯૪૮માં મહાત્મા ગાંધીનું પ્રથમ શિલ્પ તેમના દ્વારા બનાવવામાં આવ્યું હતું. જેનું સ્થાપન મહારાષ્ટ્રના ધૂલિયામાં આવેલી સરકારી શાળામાં કરવામાં આવેલ

**અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર**

# આપણું વિશિષ્ટ બંધારણ

**પાલખીવાલા અમિતા મનુભાઈ**

ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય

૨૬મી જાન્યુઆરી ભારતનો પ્રજાસત્તાક દિવસ. દેશનો ઇતિહાસનો સોનેરી દિવસ. વર્ષ ૧૯૫૦માં આ દિવસે ભારતનું બંધારણ અમલમાં આવ્યું હતું. આ વાતથી આપણે વાકેફ છીએ. પરંતુ બંધારણ એટલે શું ? તે કેવી રીતે બન્યું ? તેમાં કઈ વિશેષતા છે ? જેવા પ્રશ્નો થાય તે સ્વાભાવિક છે.

બંધારણ એટલે લખ્યો કે વણલખ્યો મૂળભૂત ધારો, અથવા એવા ધારાઓનો કે સિદ્ધાંતોનો સમુચ્ચય, જેને અનુલક્ષીને ઘડવામાં આવેલા નિયમો પ્રમાણે સરકારની રચના કરવામાં આવી હોય અને વિશાળ દેશનો રાજ્ય વહીવટ સરકાર દ્વારા ચાલતો હોય. બંધારણ રાષ્ટ્રજીવનનો પ્રત્યેક ધબકાર ઝીલે છે. તેમાં દરેક બાબતો અને સમસ્યાઓનો ઉકેલ છે. બંધારણ રાષ્ટ્રનો અરીસો છે; તેમાં રાષ્ટ્રનું પ્રતિબિંબ ઝીલાય છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા તૈયાર થયેલ, ભારતના બંધારણનો મુત્સદ્દો, 'પ્રથમ અને સર્વપ્રથમ' સામાજિક દસ્તાવેજ છે.

ભારતની એક અબજ ઉપરાંતની વસ્તીને એક તાંતણે બાંધતા કાયદા-કાનૂન અને નીતિ-નિયમોનો વિસ્તૃત ગ્રંથ એટલે બંધારણ. પણ આ બંધારણની વિશેષતાઓ કઈ છે ? ભારતીય બંધારણની મુખ્ય વિશેષતા એ છે કે તે વિશ્વનું લાંબામાં લાંબુ, અતિવિસ્તૃત અને લેખિત બંધારણ છે. ભારતના બંધારણના પાયામાં ઘણાં બધાં દેશોનાં બંધારણ અને કાયદાઓ છે. દુનિયાના વિવિધ દેશોના બંધારણોમાંથી ભારતે લીધેલી પ્રેરણા એ જ તેની વિશેષતા છે. અમેરિકાના બંધારણમાંથી મૂળભૂત અધિકારો, સુપ્રીમ કોર્ટની સ્થાપના, સોવિયેત સંઘમાંથી નાગરિકોની મૂળ ફરજો, જર્મનીમાંથી કટોકટી સંબંધી જોગવાઈઓ, ફ્રાંસમાંથી પ્રજાસત્તાકનો મુત્સદ્દો, બ્રિટનની સંસદીય લોકશાહીની પ્રણાલીઓ, વિશેષાધિકાર આપણે અપનાવ્યા. કેનેડા, ઑસ્ટ્રેલિયા તથા આયર્લૅન્ડના બંધારણોમાંથી રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો તથા 'કાયદાની સ્થાપિત પ્રક્રિયા' નો ખ્યાલ જાપાનના બંધારણમાંથી લેવામાં આવેલ છે. ઉપરાંત ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા એક્ટ ૧૯૩૫માંથી ન્યાયતંત્ર, સમવાયી તંત્ર, કટોકટીની સત્તાઓ લેવામાં આવી. જ્યારે બંધારણ સુધારાની પ્રક્રિયા દક્ષિણ આફ્રિકાના બંધારણમાંથી સ્વીકારાયેલ છે.

ભારતીય બંધારણની અન્ય મુખ્ય વિશેષતા એ છે કે તે વિશ્વનું સૌથી મોટું, અતિ વિસ્તૃત, લાંબામાં લાંબુ લેખિત બંધારણ છે. બંધારણ સભાએ તેને લોકશાહી ઢબે ઘડ્યું છે. વિશ્વના બંધારણના ખ્યાતનામ અભ્યાસી સર આઈવર જેનિંગ્ઝ પણ આ વાતનું સમર્થન કરે છે. એક અંદાજ પ્રમાણે ભારતનું બંધારણ અમેરિકાના બંધારણ કરતાં પાંચગણું મોટું છે. આપણા લેખિત બંધારણમાં ૩૯૫ કલમો, ૨૪ ખંડ અને ૧૨ અનુસૂચિ (પરિશિષ્ટો) છે. તથા ૧,૧૭,૩૬૯ શબ્દો છે. બંધારણ લેખિત હોવાથી તેની કામગીરી ચોક્કસ અને સ્થાયી રહે છે. આપણું લેખિત બંધારણ મુખ્યત્ત્વે જુદા જુદા ભાગો ધરાવે છે. તેમાં...

(૧) આમુખ છે. (૨) બંધારણના ૧ થી ૨૨ પેટા વિભાગો છે. જેમાં ૧ થી ૩૯૫ કલમોનો સમાવેશ થાય છે. (૩) તેમાં ૧ થી ૧૨ પરિશિષ્ટો છે. (૪) પુરવણી છે. આમાં ભાગ ૯ મો પંચાયતો અંગેનો છે.

બંધારણ સૌથી મોટું હોવા માટેનાં કેટલાંક કારણો છે. (૧) આપણાં બંધારણના ઘડવૈયાઓએ દુનિયાનાં બધાં જ જાણીતા બંધારણોમાંથી પ્રાપ્ત કરેલ અનુભવનો તેમાં સમાવેશ કરવાનો અને ખામીઓ ટાળવાનો પ્રયાસ કરેલ છે. (૨) બંધારણમાં માત્ર કેન્દ્રનો નહીં, પરંતુ રાજ્યોના બંધારણનો પણ સમાવેશ કરાયો છે. (૩) વહીવટી વિભાગોની જોગવાઈ માટે ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા એક્ટ,

૧૯૩૫ ના કેટલાંક ભાગોનો પણ સમાવેશ કરાયો છે. (૪) સમવાયી સંબંધોને લગતી વિસ્તૃત જોગવાઈઓનો બંધારણમાં સમાવેશ કરાયો છે. (૫) દેશની વિશાળતા અને લોકોની વિવિધતા ધ્યાનમાં લેતાં બંધારણમાં કેટલીક વિસ્તૃત જોગવાઈઓ કરવાની જરૂર પડી છે. દા.ત., એન્ગ્લો ઈન્ડિયન, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો, રાજ્ય સભા વગેરે.

આમ બંધારણ ઘડાયું ત્યારના વિશિષ્ટ સંજોગો, મૂળભૂત અધિકારો ઉપરાંત નીતિદર્શક સિદ્ધાંતોનો અલાયદો ઉલ્લેખ અને લઘુમતીઓનાં હિતોના રક્ષણ માટેની વિશિષ્ટ જોગવાઈઓનો સમાવેશ થયો છે. આ બધાંનો સમાવેશ સવિસ્તાર અને ચોકસાઈપૂર્વક કરવા જતાં બંધારણનું કદ વિસ્તૃત બને છે તે સ્વાભાવિક છે.

સર્વોપરિતા એ બંધારણની અન્ય વિશેષતા છે. બંધારણની સર્વોપરિતાનો ખ્યાલ અમેરિકન બંધારણમાંથી સ્વીકારાયો છે. આ સિદ્ધાંત પ્રમાણે સંસદ બંધારણનું સર્જન હોવાથી સંસદ બંધારણની ઉપરવટ જઈ શકે નહિ. આમ સર્વોપરિતા સંસદની નહીં, પરંતુ બંધારણની છે.

ભારતીય બંધારણ પરિવર્તનશીલ છે. સમય સાથે તાલ મિલાવી શકે તે માટે લિખિત બંધારણમાં ફેરફાર કરવાની જોગવાઈ સામેલ કરવામાં આવી છે. ભારતના બંધારણમાં સુધારાની ત્રણ પદ્ધતિઓ સૂચવવામાં આવી છે.

(૧) સાદી બહુમતીથી સુધારો કરવાની પદ્ધતિ. (૨) સંસદના બંને ગૃહોમાં હાજર અને મતદાન કરવા સભ્યોની ૨/૩ બહુમતીથી સુધારો કરવાની પદ્ધતિ. (૩) હાજર અને મતદાન કરતાં સભ્યોની ૨/૩ બહુમતી મેળવવામાં આવે છે અને તે સાથે સુધારાના ખરડાને કુલ રાજ્યોની સંખ્યાના અડધાં રાજ્યોની મંજૂરી પણ મેળવવામાં આવે છે.

વળી ભારતીય બંધારણમાં સરમુખત્યારશાહી નથી. એટલે કે રાજ્યની સર્વસત્તા કોઈ એક વ્યક્તિમાં સ્થાપિત થયેલી હોતી નથી. કોઈ એક જ વ્યક્તિ સર્વ સત્તા ભોગવે તો તે સરમુખત્યારશાહી કહેવાય.

આમુખ બંધારણનો પ્રારંભિક ભાગ છે. બંધારણના મૂળ પાઠમાં ભારતને સાર્વભૌમ, લોકશાહી અને પ્રજાસત્તાક બનાવવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો. બધા નાગરિકોને ન્યાય, સ્વાતંત્ર્ય, સમાનતા પૂરી પાડવાનું અને તેમનામાં ભાઈચારો પેદા કરવાનું લક્ષ્ય તે તાકે છે. ૧૯૭૬માં મંજૂર થયેલ ૪૨મા બંધારણીય સુધારા દ્વારા પાછળથી 'સમાજવાદી' અને 'બિનસાંપ્રદાયિક' શબ્દો ઉમેરવામાં આવ્યા છે. તે મુજબ હવે ભારતને સાર્વભૌમ, સમાજવાદી, ધર્મનિરપેક્ષ, લોકશાહી, પ્રજાસત્તાક જાહેર કરવામાં આવેલ છે.

આપણું બંધારણ દેશને સંપૂર્ણ પ્રજાસત્તાક બિનસાંપ્રદાયિક અને સાર્વભૌમ રાજ્ય ઘોષિત કરે છે. પ્રજાસત્તાકનો અર્થ થાય કે રાજ્યની આખરી સત્તા પ્રજા ભોગવે છે. આપણે બ્રિટનની માફક સંસદીય લોકશાહી અપનાવેલ હોવા છતાં બ્રિટિશ પ્રણાલિકા મુજબ રાજ્યના વડાનો વારસાગત હોદ્દો તેના વારસદારોને વારસામાં મળે છે. જ્યારે ભારતમાં રાજ્યના વડાનો હોદ્દો વારસાગત નથી હોતો. ભારતની લોકશાહી શાસન વ્યવસ્થામાં દેશનો સર્વોચ્ચ વડો-રાષ્ટ્રપ્રમુખ-પરોક્ષ ચૂંટણી દ્વારા ચૂંટાઈને હોદ્દો ધારણ કરે છે. સામાન્ય રીતે દર પાંચ વર્ષે પ્રમુખની ચૂંટણી થાય છે. આમ દેશનો સર્વોચ્ચ વડો ચૂંટાઈને હોદ્દો ગ્રહણ કરે ત્યારે તે પ્રજાસત્તાક રાજ્ય બને છે.

બંધારણના ૪૨મા સુધારા દ્વારા તેમાં બિનસાંપ્રદાયિકતા અથવા ધર્મનિરપેક્ષતા અને સમાજવાદી આ બે શબ્દો ઉમેરવામાં આવ્યા છે જે આપણા બંધારણની એક આગવી વિશિષ્ટતા છે. આપણા બંધારણથી રાજ્યે પોતાનો કોઈ ધર્મ સ્વીકારેલ નથી. ધાર્મિક અગર કોમી પક્ષપાતી વલણથી બંધારણ સંપૂર્ણ પર છે. દેશના લોકો દ્વારા સ્વીકારવામાં આવેલા વિવિધ ધર્મોને રાજ્ય દ્વારા સમાન ગણવામાં આવે છે. રાજ્ય કોઈ ધર્મને ટેકો કે તરફેણ કરી શકે નહીં. દરેક વ્યક્તિને ધર્મ સ્વાતંત્ર્ય બક્ષવામાં આવ્યું છે. ધર્મને કારણે જાહેર સ્થળો કે નોકરીઓમાં કોઈ

ભેદભાવ દર્શાવવામાં આવતો નથી. નાગરિક-નાગરિક વચ્ચે પણ ભેદભાવ દર્શાવવામાં આવતો નથી. બંધારણ ઘડવાના સમયે વિભાજનના કારણે ભયંકર કોમી હિંસા ફાટી નીકળી હતી. તેથી એક તબક્કે એવો વિચાર પણ રજૂ કરાયો કે ભારતે હિન્દુ રાષ્ટ્ર બનવું જોઈએ. પરંતુ બંધારણના ઘડવૈયાઓએ દૂરંદેશીપણું વાપરીને રાજ્ય માટે ધર્મનિરપેક્ષતા અથવા બિનસાંપ્રદાયિકતા અપનાવેલ છે. રાજ્ય સાર્વભૌમ હોય એનો અર્થ એ કે તે આંતરિક રીતે સર્વસત્તાશીલ છે. તેમજ બાહ્ય અંકુશોથી મુક્ત છે.

ભારતમાં વિવિધ ભાષાઓનો ઉપયોગ થાય છે આથી પ્રજાના વિવિધ વર્ગો વચ્ચે વિચાર વિનિમય થઈ શકે તે માટે રાષ્ટ્રભાષાની અનિવાર્યતા છે. બંધારણે દેવનાગરી લિપિ ધરાવતી હિંદીને રાષ્ટ્રભાષાનું સ્થાન બક્ષ્યું છે. તે સાથે પ્રાદેશિક ભાષાઓનો વિકાસ પણ ચાલુ રહે તે માટે ૧૮ પ્રાદેશિક ભાષાઓને માન્ય ભાષા તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે.

આપણા બંધારણની અન્ય વિશેષતાએ તેમાં દર્શાવેલા મૂળભૂત અધિકારો અને ફરજો છે. મૂળભૂત અધિકારો મૂળ અમેરિકન બંધારણનો ખ્યાલ છે. મૂળભૂત અધિકાર એટલે કે વ્યક્તિને તેના વિકાસ માટે જરૂરી સ્વાતંત્ર્યની ખાતરી, એ કોઈપણ લોકશાહી સમાજની મહામૂલી મૂડી છે. મૂળભૂત અધિકારો નાગરિકોને વિવિધ પ્રકારનું સ્વાતંત્ર્ય બક્ષે છે. સમાનતા, હરવાફરવાનો, વાણી, વિચાર સ્વાતંત્ર્ય, સભા-સરઘસો, વેપાર, વ્યવસાય કરવાનું સ્વાતંત્ર્ય, ધર્મ સ્વાતંત્ર્ય, કેળવણી અને સાંસ્કૃતિક વિષયક અધિકાર, મિલકતનો અધિકાર વગેરે બંધારણમાં મૂળભૂત અધિકારો તરીકે સ્વીકારાય છે. (ભાગ ૩ માં) વ્યક્તિ સ્વાતંત્ર્યને કારણે રૂકાવટ વિના નાગરિકના વ્યક્તિત્વનો વિકાસ થઈ શકે અને તે રીતે સમાજની પ્રગતિમાં તે પોતાનું યોગદાન આપી શકે. નાગરિકોને આપવામાં આવતાં મૂળભૂત અધિકારોના રક્ષણની જોગવાઈ પણ બંધારણ કરે છે. રાજ્ય પણ નાગરિકના અધિકારો પર તરાપ મારી શકતું નથી. આમ મૂળભૂત અધિકારો રાજ્યની સત્તા પર મર્યાદા આંકે છે.

પુખ્ત મતાધિકાર, એ પણ ભારતીય બંધારણની વિશેષતા છે. ધર્મ, શિક્ષણ, આવક, ઉંમર વગેરે કે એવા કોઈ કારણસર ભેદભાવમુક્ત પુખ્ત મતાધિકારની જોગવાઈ આપણાં બંધારણમાં કરેલ છે. ૧૮ વર્ષની વ્યક્તિ પોતાની પસંદગીના પ્રતિનિધિને મત આપવાનો અને તે દ્વારા લોકશાહી પ્રક્રિયામાં ભાગ લેવાનો અધિકાર ધરાવે છે. બંધારણમાં પુખ્તવય મતાધિકાર માટે શરૂઆતમાં ૨૧ વર્ષની વય માન્ય કરવામાં આવી હતી. પરંતુ ૧૯૮૯માં ૬૧ મા બંધારણીય સુધારા દ્વારા પુખ્તવયનું ધોરણ ઘટાડીને ૧૮ વર્ષનું કરવામાં આવ્યું. પુખ્ત મતાધિકારથી બે બાબતો સિદ્ધ થાય છે (૧) પ્રજા જ સર્વોચ્ચ છે. (૨) પ્રજાને શાસકો પસંદ કરવાનો અધિકાર છે. આ સંદર્ભે ભારત વિશ્વનો મોટામાં મોટો લોકશાહી દેશ છે. આપણે લોકશાહી પદ્ધતિનો સ્વીકાર કર્યો છે. જેથી તેમાં પ્રત્યેક પુખ્તવયનો નાગરિક મતાધિકાર દ્વારા સામાન્ય રીતે પાંચ વર્ષ માટે સરકારની પસંદગી કરે છે.

ભારતીય બંધારણ તેના સ્વરૂપ પરત્વે સમવાયી હોવા છતાં, સમગ્ર દેશ માટે એક જ નાગરિકતાની તેમાં જોગવાઈ કરાયેલ છે. સમવાયી (fedrel) તંત્રમાં સામાન્ય રીતે બેવડું નાગરિકત્વ હોય છે. સમવાયી પ્રથામાં રાજ્ય અને કેન્દ્ર એમ બે કક્ષાએ સરકારો કામ કરતી હોય છે. રાજ્યકક્ષાની સરકારોને પોતાની અલગ વિધાનસભા અને કારોબારી હોય છે. જ્યારે દેશ વિશાળ કદ ધરાવતો હોય અને વ્યાપક વૈવિધ્ય ધરાવતો હોય ત્યારે આવી સમવાયી પદ્ધતિ વધારે અનુકૂળ નીવડે. પરંતુ ભારતે બેવડું નાગરિકત્વ સ્વીકાર્યું નથી. તેથી ભારતની સમવાયી પ્રથા 'વિશિષ્ટ' બની રહે છે.

દા.ત.: અમેરિકામાં સમવાયતંત્રમાં દરેક વ્યક્તિ યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાનું અને પોતે જે રાજ્યમાં વસવાટ કરે તે રાજ્યનું એમ બેવડું નાગરિકત્વ હોય છે.

આમ કેન્દ્ર અને રાજ્યની નાગરિકતા અલગ અલગ હોય છે. જ્યારે ભારતમાં રાજ્યની નાગરિકતા જેવું કંઈ હોતું નથી. આમાં ભારતની એકતાને પ્રાધાન્ય આપવાનો ઈરાદો છે. જો કે પરદેશમાં વસતા મૂળ ભારતીયોને પણ નાગરિકતા આપવાની જોગવાઈ થઈ છે ખરી ! ભારતે બંધારણમાં સમવાયી પદ્ધતિનો સ્વીકાર કરવા છતાં તે એક જ નાગરિકત્વ સ્વીકારે છે. ભારતના પ્રત્યેક રાજ્યનો નાગરિક સમગ્ર ભારતનો નાગરિક ગણાય છે.

સ્વતંત્ર ન્યાય પાલિકાની વ્યવસ્થા અને સંસદીય પ્રકારની પદ્ધતિનો અમલ એ ભારતીય બંધારણની અન્ય વિશેષતા છે. આધુનિક અર્થમાં લોકશાહી એટલે પ્રજાના પ્રતિનિધિઓનું શાસન. આ અંગેની પદ્ધતિમાં ફેર હોઈ શકે. જેમકે બ્રિટનમાં સંસદીય પદ્ધતિની લોકશાહી સરકાર છે. ભારતે બ્રિટનનું આ બાબતમાં અનુસરણ કરેલું છે. સંસદીય પદ્ધતિની સરકારમાં પ્રધાનમંડળ ધારાગૃહને જવાબદાર હોવાથી જવાબદાર સરકાર રચાય છે. બંધારણના ઘડવૈયાઓએ બ્રિટિશ શાસનથી ટેવાયેલી પ્રજાને સંસદીય પદ્ધતિ અનુકૂળ પડશે એમ લાગતાં કેન્દ્ર તથા રાજ્ય બંને સ્તરે સંસદીય પદ્ધતિની લોકશાહી અપનાવી છે. સંસદ જ સર્વોપરી છે. સંસદમાં બે ગૃહ છે. ઉપલું ગૃહ-રાજ્યસભા અને નીચલું ગૃહ-લોકસભા કહેવાય છે.

ભારતીય બંધારણની અન્ય વિશેષતા તે તેના રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો છે. જે નીતિદર્શક સિદ્ધાંતો તરીકે પણ ઓળખાય છે. દેશના શાસન માટે મૂળભૂત મહત્ત્વ ધરાવતાં 'માર્ગદર્શક સિદ્ધાંતો' તેને બંધારણ ઓળખાવે છે. આયર્લૅન્ડ અને સ્પેનના બંધારણમાં આવા પ્રકારના સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાંથી ભારતે પ્રેરણા લીધી છે. ભાવિ સરકારો માટે આ સિદ્ધાંતો દીવાદાંડીની ગરજ સારે છે. આ સિદ્ધાંતોની જોગવાઈઓમાં રાજ્યની ફરજો અને તેવી ફરજોમાંથી ઉદ્ભવતા લોકો દેશોનો પણ સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી, રાજ્યો વચ્ચે માનભર્યા સંબંધોની જાળવણી, આંતરરાષ્ટ્રીય કાનૂન અને સંધિ-કરારો પ્રત્યે આદર તથા આંતરરાષ્ટ્રીય તકરારોનું નિવારણ લવાદી દ્વારા કરવું તેવા ઉદ્દેશો પણ સામેલ કરવામાં આવ્યા છે.

આમ, ભારતની પરંપરા, વિવિધતા અને જરૂરિયાતો વિશે વિચારણા કર્યા બાદ વિવિધ વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે તે ભારતીય બંધારણની વિશેષતા છે.

---

**સ્મરણયાત્રા**

કેળવણી ખાતાના અધિકારીઓ સાથે અમારે નાની-મોટી ચર્ચાઓ થતી. આ અધિકારીઓ અમારી શાળાને ઓળખતા. જાણતા. ઈન્સ્પેકશન વખતે તેઓને અમારી નાની મોટી અનેક પ્રવૃત્તિઓનો અનુભવ મળતો. તેથી તેઓના મનમાં એટલો તો વિશ્વાસ હતો કે અમે જે રીતે શાળા ચલાવીએ છીએ એમાં કેળવણીનું દૃષ્ટિબિંદુ કદીયે દૂર થતું નહિ. એટલું જ નહિ તે કેન્દ્રમાં રહેતું. કેળવણી અને બાળકોનું ભવિષ્ય હંમેશાં વિચારીને કામ કરતાં એવો વિશ્વાસ તેઓને હતો. એટલે અમારી આ ઉપરની પરીક્ષાપદ્ધતિને એ લોકોએ સ્વીકારી લીધી. આજે તો આ જ પ્રકારની પદ્ધતિ ઉપર ઘણી શાળાઓમાં પરીક્ષાઓ લેવાય છે. એટલું જ. શિક્ષણ વિભાગે સૂચવેલી કાર્યરીતિ પણ લગભગ આ પ્રકારની છે. આ પ્રમાણેની મંજૂરી આખરે અમને મળી ગઈ. આ પત્ર અમને મળ્યો તે દિવસે અમારા સંસ્થાના પ્રમુખ હરભાઈ અમારી સાથે જ હતા. પત્ર વાંચીને કહે, "રઘુભાઈ, લ્યો તમારી મહેનત ફળી. પરીક્ષાને હળવી બનાવવાના તમારા પ્રયત્નોમાં તમે સફળ થયા. એ સફળતા માટે કેળવણીખાતાને પણ સંમત કરી શક્યા એ માટે તમને અભિનંદન. વર્ષો સુધી વિદ્યાર્થીઓ તમને આશીર્વાદ આપતા રહેશે. આપણી શાળાએ પરીક્ષાપદ્ધતિમાં એક નવો ચીલો પાડ્યો છે." શાળાના બગીચામાંથી એક ફૂલ ચૂંટી હરભાઈએ રઘુભાઈને આપ્યું.

# વસિયતનામું

**પંડ્યા પ્રમોદકુમાર મુકુન્દચંદ્ર**

૧૬૬, મહર્ષિ બંગ્લોઝ, ઝાડેશ્વર ચોકડી પાસે,
તવરા રોડ, ભરૂચ-૩૯૨૦૧૧. મો. ૭૪૦૫૩૪૧૯૭૮

માજી આ આપના નવા ભાડુઆત. જુઓ આ શ્રીમાન હેમેન પંડ્યા અને એમના પત્ની હેમાક્ષીબહેન. ઠીક છે. એમની સાથે ભાડાની વાત બરાબર કરી છે ને ?ભાડા કરારની વાત અને બધી માહિતી તે આપી છે ને ? પછી જો-જે પહેલાના જેવી ગરબડ ના થાય !

હા, માજી હા. અહીંના નિયમો અને તમારા સ્વભાવ અને તમારા વિશેની બધી જ બાબતો મેં જણાવી દીધી છે. બરાબરને હેમેનભાઈ ?

હા...હા, માજી અમને બધુ જ મંજૂર છે. તમે તો અમારા બા તુલ્ય છો અમને કંઈ પણ વાંધો નથી.

જો ભાઈ ! શું નામ તમારું ? હા, હેમેનભાઈ, તમે મારા આ મકાનના ભાડુઆત છો બસ ! આ લાગણીવેડા રહેવા દો ! ભાડું દર મહિને કહ્યું તે મુજબ પહોંચતુ કરજો. મોડું થયું તો બીજા જ મહિનાથી..... અને હા, બીજી વાર આ લાગણીવેડા પ્રદર્શિત ના કરો તો સારું ? કંઈ પણ કામ હોય તો બપોરે ૧૨ થી ૧ માં અને સાંજે ૫ થી ૬ માં, એ સિવાય મને મજબૂર ના કરશો ?

ભાઈ ! ભાવેશ આ બધું જણાવ્યું છે ને... હું વળી ક્યાં પાછી લપ્પન-છપ્પનમાં પડી ! લ્યો તારે લાવો બે ભાડા એડવાન્સ. રોકડા ૨૦,૭૦૦/- પૂરા. એટલે હું ઘર ભેગી.

માજી, લ્યો આ ગરમ-ગરમ ઢેબરા, તમારા માટે. અરે ! બહેન મેં કહ્યું હતું ને ક્યા સમયે આવવું, આવા લાગણીવેડા ના કરવા. લઈ જાવ પાછા. માજી લ્યો ને તમે તો મારા.... બસ ! આગળ ના બોલશો ! બીજી વાર આવું ના થાય.

માજી ! ચરણ સ્પર્શ, આર્શીવાદ આપો અમને, આજે અમારી લગ્નતિથિ છે. હા સુખી રહો ! પણ ભાઈ ! શું નામ તમારું, ભૂલી ગઈ.... હેમેન.... હા.. હા... હેમેનભાઈ પંડ્યા. મેં પહેલા જ દિવસે તમને કહ્યું હતું ને, કે મને આવા લાગણીવેડામાં કોઈ રસ નથી. તમે ફરી-ફરીને કેમ આમ કરો છો ? હવેથી ધ્યાન રાખજો, જાઓ.

માજી, આવીએ કે ? કોણ ? હું હેમેન અને હેમાક્ષી. હા આવો, બોલો શું કામ છે ? મકાનમાં કંઈ તકલીફ છે ? ના... ના... એવું કંઈ નથી ? તો, આજે માતૃદિન છે ને એટલે તમને પગે.... રહેવા દો. તમને વારં-વાર કહેવા છતાં તમે આવા લાગણીવેડા શા માટે કરો છો ? બસ માજી, એટલા માટે કે તમારા જેવા અમારે કોઈ પણ વડીલ નથી એટલે. તમારામાં મને મારી 'બા' દેખાય છે. એટલે ! લાગણીવશ આમ વારેઘડીએ થઈ જાય છે. તમને સારું ના લાગ્યું હોય તો માફ કરશો ! તમારો પુત્ર જાણી ભૂલ-ચૂક અવગણશો. લો, આ મહિનાનું તમારું ભાડું. હા લાવો. બીજી વાત હવે પછીથી બરાબર ધ્યાન રાખજો. મારા પુત્ર કે પૌત્ર બનવાની અને આવા લાગણી પ્રદર્શન ટાળજો. નહિતર આ મકાનમાં છેલ્લો મહિનો સમજજો, સમજ્યા ! હા.... હા.... ક્ષમા કરજો.

બા, જયશ્રી કૃષ્ણ, ક્યાં જાવ છો ? બહેન મેં તમને કહ્યું છે ને કે 'બા' નહીં 'માજી'. અને હું ક્યાં જઉં છું એ તમારે જાણીને શું કરવું છે ? ના... ના... માજી, મેં તો આમ જ અમસ્તું જ પૂછ્યું ? માજી એક વાત કહું, આપને જો યોગ્ય લાગે તો. મારે ઉતાવળ છે, જલ્દી બોલો શું વાત છે ? આજે સાંજે અમારે ત્યાં શ્રી સત્યનારાયણ ભગવાનની કથા રાખી છે. તો આપ આવશો તો મને અને હેમેનને આનંદ થશે. માજીએ કટાક્ષ કર્યો; આમ તો હું આ રીતે કોઈ પણ અજાણ્યા સાથે પરિચય કેળવવા ઈચ્છતી નથી. ક્યાંય જતી પણ નથી. છતાં જોઈશ ! હેમાક્ષી હેતાળ નજરે 'બા' આંખોથી ઓઝલ થયા ત્યાં સુધી એ તરફ જોતી રહી.

એ સાંજે પંડ્યા દંપતિ રાહ જોતું રહ્યું, પણ ધરમના, મનથી માનેલા 'બા', પથ્થર હ્રદયના માજી કથામાં આવ્યા

નહીં. છતાં પણ એમના હ્રદયમાં માજી પ્રત્યેના ભાવમાં કંઈ પણ ફરક પડ્યો નહીં. રાત્રે બંને પ્રસાદ આપવા માટે ગયા. ફરી પાછો માજીનો એ જ વ્યવહાર. શા માટે આવવાનું થયું ? એ તો 'બા'... માજી... પ્રસાદ આપવા માટે આવ્યા છીએ. હા ઠીક છે. આ ટેબલ પર પ્રસાદ મૂકો. હું પછી લઈ લઈશ. બોલો, છે કંઈ બીજુ કામ ? ના...ના... બસ ! આ તમે કથામાં ના આવ્યા એટલે પ્રસાદ આપવા જ આવ્યા હતા. સારું, ચાલો ત્યારે, હવે મારો સૂવાનો સમય થઈ ગયો છે. ભલે, માજી - 'જય શ્રી કૃષ્ણ.'

હેમેન અને હેમાક્ષી એમના આવા રુક્ષ સ્વભાવ અને વર્તન-વ્યવહારની પાછળ શું કારણ હશે એ વિચારતા પોતાના ઘરમાં પાછા આવ્યા. હેમેન આ વિચારમાંને વિચારમાં રાત્રે મોડે સુધી પડખા બદલતો રહ્યો. એને 'માજીના' ભૂતકાળને જાણવાની તીવ્ર ઈચ્છા થઈ. એણે મનોમન નક્કી કર્યું કે હું મકાન ભાડે અપાવનાર ભાવેશભાઈને મળીને એ જાણવાનો પ્રયત્ન કરીશ.

'માજી' હા સુમિત્રાબહેન પાઠક. એમને તો હું સમજણો થયો ત્યારથી ઓળખું છું. ખૂબ જ પ્રેમાળ સ્વભાવના, લાગણીશીલ પણ એટલા જ અને ભોળા. શું વાત કરો છો ભાવિનભાઈ ! હમણાંનો એમનો સ્વભાવ જોઈને લાગતું નથી. તે ના જ લાગે ને. સુમિત્રાબા - એ હ્રદયને પથ્થર બનાવી દીધું છે પથ્થર ! એમને પથ્થરહ્રદય બનાવનાર એમના જ પુત્રો પ્રમેશ પાઠક અને પ્રજેશ પાઠક. માજીના પતિ સુકેતુ પાઠક, શહેરના મોટા વેપારી, બંનેએ મળીને છોકરાઓને ખૂબ જ લાડકોડથી ઉછેર્યા, ભણાવ્યા અને લગ્ન કરાવ્યા. મોટો પ્રમેશ એમ.ડી. થયો. કેનેડામાં પ્રતિષ્ઠિત ડૉક્ટર છે. નાનો પ્રજેશ પિતા સુકેતુનો વેપાર સંભાળે છે ને અહીં જ આ શહેરમાં રહે છે. પતિ સુકેતુ આંતરિક ખટરાગને કારણે હાર્ટ એટેકમાં ગુજરી ગયા. સુમિત્રાબાના નામે આ બે મકાનો અને બીજી અન્ય સંપત્તિ કરી ગયેલા માટે જાજરમાન બાને અન્યના સહારે, નમાલા, અપમાનિત થઈને જીવવું યોગ્ય ના લાગ્યું. પુત્રોએ બાના તરફ ધ્યાન આપવું ઓછું કરી દીધું. બા માટે બંનેમાંથી કોઈ પાસે સમય નથી. સ્વાભિમાની બાએ કોઈના આસરે રહેવા કરતાં સ્વમાનપૂર્વક એકલા રહેવાનું નક્કી કર્યું. પ્રજેશ સમાજની શરમના કારણે વર્ષે - દહાડે આવે છે.

આ ઉપરાંત પેટના પુત્રોથી દુઃખી બાને પારકા ભાડુઆતોએ પણ આકરા ઘા આપ્યા હતા. બામાં આવેલા આ પરિવર્તનને હું મારી આંખોથી જોતો આવ્યો છું. પરિસ્થિતિ, સંજોગો માણસમાં કેવું પરિવર્તન લાવે છે તેનો હું મૂક સાક્ષી છું.

હેમેને પોતાનું મકાન લઈ લીધું હતું. માટે હવે આ ભાડાના મકાનમાં એમનો છેલ્લો મહિનો હતો. એક દિવસ અચાનક સુમિત્રાબા સોફા પર બેશુદ્ધ હાલતમાં પડ્યા છે. હલ્લો, ભાવેશભાઈ હું...હું... હેમેન. બા બેભાન હાલતમાં છે. હું એમને લીલાવતી હૉસ્પિટલમાં લઈ જઉં છું. તમે ત્યાં આવી જાઓ. હેમેન તાત્કાલિક એમને હૉસ્પિટલમાં લઈ ગયો. દિવસ-રાત હેમેન-હેમાક્ષીએ હૉસ્પિટલમાં રહીને બાની સેવા-સુશ્રૂષા કરી. દવાની અસર અને દંપતિની સેવા-પ્રાર્થનાથી સુમિત્રાબાની તબિયતમાં સુધાર થવા લાગ્યો. આ સમય દરમિયાન પ્રજેશ દિવસમાં ૧૫-૨૦ મિનિટ ખબર લઈ જતો.

ભાવેશભાઈએ પણ ખૂબ જ દોડધામ કરી. પરંતુ પંડ્યા દંપતિની તન,મન અને ધનની સેવાના કારણે દસમાં દિવસે એમને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી. મહિનો પૂરો થયો હોવા છતાં હેમેન અને હેમાક્ષી એમના સંપૂર્ણ સાજા થતાં સુધી ત્યાં જ રોકાયા.

માજી, હવે અમે જઈએ ! જય શ્રી કૃષ્ણ. ભૂલચૂક થઈ હોય તો તમારો પુત્ર અને પુત્રવધૂ સમજી માફ કરશો. આ અમારા નવા ઘરનું સરનામું છે. ક્યારેક એ તરફ આવવાનું થાય અને આવશો તો અમને સારું લાગશે. અમે તો આવતા જ રહીશું. આવજો..... સુમિત્રાબા, ઓહ ! માજી.....!

સુમિત્રાબા કંઈ જ બોલ્યા નહીં. એમના ગયા પછી

**અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર**

# શિક્ષક છીએ, આટલું કરીએ...

આ અઠવાડિયામાં ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપકોના ઓરિએન્ટેશન કોર્સમાં એકેડેમિક સ્ટાફ કૉલેજમાં વ્યાખ્યાન આપવા જવાનું થયું. મોટાભાગના અધ્યાપક ભાઈ-બહેનો યુવાનવયના હતા. તેમની સાથેની ચર્ચા ખૂબ જ જીવંત રહી. તેમનામાં કશુંક કરી છૂટવાની ધગશ-તમન્ના દેખાઈ આવી. સાથે સમાજ કે સરકાર પાસે રાખેલ અપેક્ષા નહીં સંતોષાતા કેટલીક નિરાશા પણ ડોકાતી હતી. એકંદરે ખૂબ જ આત્મવિશ્વાસ ભભૂકતો હતો. આશાવંત આવા અધ્યાપકો સાથેની ચર્ચા ખૂબ જ ફળદાયી બની રહી. શિક્ષણકેડી પર હજુ જેમને લાંબો પંથ કાપવાનો છે તેવા આ સૌ મિત્રોને સફળ શિક્ષક બનવા માટે કરેલ સૂચનો તેમજ શૈક્ષણિક મૂલ્યોનો કરાવેલ અહેસાસ અહીં વાગોળું છું.

શિક્ષકનું કામ વર્ગખંડમાં જઈને માહિતી આપવાનું નથી. જો શિક્ષણ દ્વારા માત્ર માહિતી કે જ્ઞાન જ આપવાનું હોય તો શાળા-કૉલેજોના મકાનો પાછળ અબજો રૂપિયાનો ખર્ચ કરવાની જરૂર નથી. આ કામ તો તેના મમ્મી-પપ્પા-મામા-માસી-કાકા-પાડોશી વગેરે વાલી કે ટ્યૂશન કલાસીસ પણ કરી શકે છે. શિક્ષકનું કામ વિદ્યાર્થીમાં કૌશલ્ય ખીલવવાનું છે. સાથે સંસ્કારનું સિંચન પણ કરાવવાનું છે. હા... સંસ્કારના સિંચનની શરૂઆત વાલી તરફથી થવી જોઈએ અને તે સંસ્કારમાં વધારો કરવાની અને મજબૂત કરવાની જવાબદારી શિક્ષકે નિભાવવાની છે. જો શિક્ષક સમાજ પાસે કેટલીક અપેક્ષા રાખતો હોય તો સમાજ પણ શિક્ષક પાસે કેટલીક અપેક્ષા રાખે જ. અપેક્ષા સંતોષવાની શરૂઆત શિક્ષક પક્ષેથી થવી જોઈએ.

આજના વિદ્યાર્થી અને તેને ભણાવતા શિક્ષકના જ્ઞાનની સરખામણી કરજો. મારી દૃષ્ટિએ તે બંનેમાં વિદ્યાર્થી વધુ જ્ઞાની હશે. કારણ કે, શિક્ષક તો જે વિષય ભણાવે છે તે વિષયનું જ જ્ઞાન તેની પાસે હોય છે. જ્યારે વિદ્યાર્થી પાસે તો તે ભણે છે તેવા સાત વિષયનું જ્ઞાન છે. (આ વાત કરતો હતો ત્યાં એક અધ્યાપકે દલીલ કરેલી કે, સાહેબ અમે પણ તે સાત વિષય ભણ્યા હતાં. ત્યારે મારી દલીલ હતી કે, તેમાંથી તમને આજે કેટલું યાદ છે ? તે અધ્યાપકે કબૂલ્યું હતું કે, મોટાભાગનું ભૂલી ગયા છીએ.) આજનો વિદ્યાર્થી ઈન્ટરનેટ પર બેસીને જ્ઞાનના ઢગલા પોતાના રૂમમાં ઠાલવે છે. તેને જે માહિતી જાણવાની કે મેળવવાની ઈચ્છા થાય તે તમામ માહિતી તે ઈન્ટરનેટ દ્વારા મેળવતો થઈ ગયો છે. આજના કેટલાક વિદ્યાર્થી તેમના કેટલાક શિક્ષકો કરતા વધુ પ્રમાણમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરતા હશે. માટે સફળ શિક્ષક બનવા માટે ઈન્ટરનેટને નજીકનો મિત્ર બનાવો. દરેક શિક્ષકના ઘેર ઈન્ટરનેટનું કનેકશન હોવું જ જોઈએ. તેનો વપરાશ પણ હોવો જોઈએ. તેના પરથી મેળવેલ માહિતી વર્ગખંડ સુધી પહોંચવી પણ જોઈએ. આજે હાઈ સ્કૂલ કે કૉલેજમાં એવાં ઘણાં વિદ્યાર્થીઓ હશે કે જેમને પોતાના બ્લોગ હશે. તો શિક્ષકોએ પણ પોતાના બ્લોગ બનાવવા પડશે. જો તમે બ્લોગ નહીં બનાવો તો બ્લોક થઈ જશો. આજે દરેક શિક્ષકે ઈન્ટરનેટ પર સરેરાશ બે-ત્રણ કલાક સર્ફિંગ કરવાની આદત કેળવવી પડશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ ટીવી કે અન્ય માધ્યમો દ્વારા ઘણું બધું જ્ઞાન મેળવે છે. શિક્ષકે પણ આવા દરેક માધ્યમોનો ઉપયોગ કરવો પડશે. નહીં તો વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે અંતર ઘટતું જશે. જેમાં વિદ્યાર્થી જ આગળ દોડતો હશે.

આજે વર્ગખંડમાં નવું નવું શીખવવા જતો શિક્ષક જૂનું જૂનું લઈને જાય છે. શિક્ષકે સફળ બનવા માટે વાસી ખોરાકનો ત્યાગ કરવો પડશે. શીખવવાનું વિષયવસ્તુ ભલે અભ્યાસક્રમ મુજબનું જ હોય, પણ તેમાં પણ વિવિધતા, ઊંડાણ લાવીને દર વર્ષે નવું બનાવશો તો જ તમને કે

વિદ્યાર્થીને તાજગી આવશે. શિક્ષણએ માત્ર દિમાગની પ્રક્રિયા નથી, દિલની પ્રક્રિયા પણ છે. જેથી શિક્ષણનું કામ કરતી વખતે માત્ર દિમાગનો જ ઉપયોગ ન કરતાં દિલનો ઉપયોગ પણ કરો. શિક્ષકે માત્ર સવેતન કામ નથી કરવાનું. સંવેદન સાથે કામ કરવાનું છે. સાથે એટલું યાદ રાખો કે, શિક્ષકે જેવા છે તેવા નથી દેખાવાનું, પણ જેવા હોવા જોઈએ તેવા દેખાવાનું છે.

શિક્ષક નાસ્તિક નહીં, પણ આસ્તિક હોવો જોઈએ. એટલે કે શ્રદ્ધાળુ હોવો જોઈએ. તેને મુખ્ય ત્રણ બાબત પર શ્રદ્ધા હોવી જોઈએ. પોતાની જાત પર, પોતાના કામ પર અને પોતાના વિદ્યાર્થી પર. જો તમને જ તમારી જાત પર વિશ્વાસ નહીં હોય તો બીજા લોકો તમારી પર કેવી રીતે વિશ્વાસ મૂકશે ? જો તમે વિદ્યાર્થી પર વિશ્વાસ નહીં મૂકો તો વિદ્યાર્થીઓ તમારી પર વિશ્વાસ ક્યાંથી મૂકશે ? દરેક શિક્ષકે એ બાબત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે, શિક્ષકનું કામ માત્ર સંભળાવવાનું નથી, સાંભળવાનું પણ છે. આજે ઘણાં શિક્ષકો ફરિયાદ કરે છે કે, વિદ્યાર્થીઓ અમારું સાંભળતા જ નથી. ત્યારે કહેવાનું મન થાય કે, અરે ભાઈ, તમે વિદ્યાર્થીઓનું સાંભળશો તો વિદ્યાર્થી તમારું સાંભળશે. વર્ગખંડમાં આવતો વિદ્યાર્થી માત્ર સાંભળવા જ નહીં, કશુંક કહેવા કે પૂછવા પણ આવે છે. તે ધ્યાનમાં રાખીએ, જે શિક્ષક બોલીને ભણાવે છે તેના કરતાં કરીને ભણાવે તે સારો શિક્ષક અને કરાવીને ભણાવે તે ઉત્તમ શિક્ષક. આ રીતે આજના શિક્ષકે પોતાની જાતમાં પરિવર્તન લાવવાની જરૂર છે. હું જ બોલું, હું જ કરું તેમાંથી બહાર નીકળી જઈએ અને વિદ્યાર્થીને જ વધુ બોલવા દો, વધુ કરવા દો. આમ કરતાં બંને પક્ષે ફાયદા થશે. વિદ્યાર્થીઓનો સારી રીતે વિકાસ થશે અને શિક્ષકને આરામ મળશે, તાજો જ રહેશે. હા... અહીં એક ચેતવણી પણ છે કે, આમ કરતાં શિક્ષક સાથે માત્ર જ્ઞાનાત્મક જ નહીં પણ સંવેગાત્મક સંબંધ પણ હોવો જોઈએ. માત્ર વિદ્યાર્થીને જ નથી માટે જ અપેક્ષા હોય છે. આ શ્રદ્ધા તૂટવા ન દો. તેની અપેક્ષા સંતોષવી તે દરેક શિક્ષકની ફરજ છે. હોમવર્કમાં ત્રણ બાબતો હતી. (૧) આજે પણ તમે તમારા કોઈ શિક્ષકને હકારાત્મક રીતે યાદ કરતા હશો. તેમના માટે આજે પણ તમારા દિલમાં ચોક્કસ લાગણી-માન હશે. તો એ શિક્ષકના એવા કયા છે, ગુણો તે કેળવજો. (૨) તમારા એવા પણ શિક્ષક હશે કે, જેમના માટે તમારા દિલમાં કોઈ જ માન નથી. તો એવા શિક્ષકના કયા અવગુણોને કારણે તમે તેમને નફરત કરતા હતા. શું એવો કોઈ અવગુણ તમારામાં તો નથી ને ? જો હોય તો તેને દૂર કરજો. (૩) તમે તમારા બાળકના શિક્ષક પાસે શું અપેક્ષા રાખો છો ? (આંખ બંધ કરીને બે મિનિટ માટે વિચાર કરો.) શું તેવી અપેક્ષાઓ આપણે શિક્ષક તરીકે સંતોષીએ છીએ ખરા ? આ ત્રણ બાબતોનો દિલ સાથે વિચાર કરીને અમલ કરવામાં આવે તો સફળ શિક્ષક બનવા બીજું વધારે કશું જ કરવાની જરૂર નથી.

---

**મેલ કરવત...**

આ પહેલા ઉમેદવારની ફી ખાસ કિસ્સા તરીકે માફ કરવામાં આવી. આ પછી નિર્ધારિત દિવસે મજકૂર ફાજલ ટીચરને 'કરવત-ગૃહ' માં લઈ જવામાં આવ્યા. કરવત એન્જિનિયર કરવત માટેના કી-બોર્ડ પર આંગળી મૂકે એટલે તરત એનેસ્થેટિક ઈમ્પોર્ટેડ કરવત ગળા પર મુકાઈ જાય અને કશીયે વેદના વગર કરવતેચ્છુ જીવાત્માનું ગળું કપાઈ જાય, એવી અદ્‌ભુત વ્યવસ્થા હતી. કરવત એન્જિનિયરે મજકૂર ફાજલ શિક્ષક - ઉંમર વર્ષ એંશી - ને પૂછ્યું.

'જીવાત્મા, ભાઈ જીવાત્મા આવતા ભવે તમે કયું ક્રીચર (પ્રાણી) ?'

જીવાત્માએ જવાબ આપ્યો, 'કરવતિયા ભાઈ કરવતિયા, આવતા વર્ષે અમે ફાજલ ટીચર.' - અને કરવત એન્જિનિયરે કરવતના કી-બોર્ડ પર આંગળી મૂકી.

# હું માસ્તર બન્યો

હું માસ્તર બન્યો એનો સાફ મતલબ છે કે લાંબી બુદ્ધિ ન જ હોય, પણ આટલી ઓછી બુદ્ધિમાંએ મને એટલી ખબર પડે છે કે ગુજરાતનું પ્રાથમિક શિક્ષણની હાલત ભુંડણાંએ તરબૂચ તોડી નાખ્યું હોય એવી થઈ ગઈ છે. શિક્ષકને નટ બજાણીયાના કુતરા જેવા કરી દીધા છે. નટીયો વસ્તુ ફેંકે એ લેવા ક્યારે ને ક્યાં હડી કાઢવી ? શિક્ષા કરવી નહીં, નાપાસ કરવા નહીં, હાજરી ગણવી નહીં... સત્તા શૂન્ય જવાબદારી હજાર. પછી કુલડીમાં સાંઢીયો પુરવા જેવી વાત થઈ. અપવ્યય (drop out) લગભગ શૂન્ય થયો નામાંકન સો ટકા થયા તો એના માટે સરકાર અને શિક્ષણના ઉચ્ચ અધિકારીઓ એકબીજાની પીઠ થબથબાવે છે. બીજી બાજુ શિક્ષણનું સ્તર કથળ્યું તો જવાબદાર માસ્તરો.!! વાહ રે... આ બધાને શું કહેવા શિક્ષણના બુટલેગરો? પણ એમ કહેશું તો બુટલેગરો અને દારૂડીયાઓને અપમાન લાગશે. શિક્ષણના ચાંચિયા કહેશું તો સોમાલીયાવાળા મોઢું બગાડશે. માટે માનનીય શિક્ષણવિ(વા)દો કહીશું.માત્રને માત્ર શિક્ષકોના કારણે બગડેલ શિક્ષણમાં પણ સાત ધોરણ ભણેલ છોકરાંને પણ એટલી ખબર તો પડે જ છે કે ન આવડે એને નાપાસ કરવા જોઈએ.. આ વાતને આપણા શિક્ષણવિ(વા)દો ને સમજતાં સાડા નવ વરહ લાગ્યાં..! પાછો એમાં વળી એવો નિર્ણય લેવાય રહ્યો છે કે ઈન્સટોલમેન્ટમાં નાપાસ કરવા. માત્ર ત્રીજા, પાંચમાં અને આઠમાં ધોરણમાં છઠ્ઠા ધોરણનું ન આવડે એનેય આઠમાંમાં લઈ જવાનો લ્યૌ...પણ જે તે ધો. માં નાપાસ તો નહીં જ કરવાના. આ લોજિક સમજાય તો મને કાગળ લખજો, નો સમજાય તો આપણાં શિક્ષણખાતાને લખજો, એને સમજાણું હશે તો તમને સમજાવી દેશે ગમે તેમ કરીને...

રહી વાત શિક્ષણના અખતરાઓની.. મારા પરમ મિત્ર નાગાજણભાઈ માસ્તરે એક સરસ કોમેન્ટ કરેલી કે જ્યારથી જીવદયાવાળાએ ઉંદર, સસલા ને ભૂંડ પર પ્રયોગો કરવાની ના પાડી ત્યારથી તમામ પ્રયોગો પ્રાથમિક શિક્ષણમાં શરૂ કર્યા. છોકરાંવ જેવું કામ આદર્યુ, બીજ વાવે પછી દર કલાકે ખોદી ને જોવે ઉગ્યું કે નહીં. હમણાં હમણાં તો હદ થઈ ગઈ.. કોઈ એક શિક્ષણના સુપર માનવે એવો ધડાકો કર્યો કે શિક્ષકોની પરીક્ષા લેવાશે.! હું ગેરેન્ટી આપુ એકેય શિક્ષક નાપાસ નહીં થાય. કારણ કે અમે તો ભણાવવાનું મૂકી ને ભણવાનુ ચાલુ કરશું એ પણ અગિયારથી પાંચમાં.. પણ આખરે ભોગ વિદ્યાર્થીઓનો લેવાશે. આવા ગુણોત્સવો આવ્યા પછી જ પ્રાથમિકના બાળકોને ચોરી કરતાં આવડયું છે. બાકી આ બાળકોને ખબર જ નહોતી કે પેપરમાં ચોરી પણ કરવાની હોય.. અને એ અમારી માસ્તરૂની મજબૂરી કે એવુ પણ શીખવવું પડ્યું. હવે આમાંથી ઈજનેર બનશે, કોઈ કંપનીના સીઈઓ બનશે, આઈએએસ બનશે, મુખ્યમંત્રી પણ બનશે.. પણ મારી લેખિત ગેરેન્ટી એક પણ ગાંધીજી, ભગતસિંહ કે બાબાસાહેબ નહીં જ બને. કારણ આ બધા મહા પુરૂષોના આદર્શોના મર્ડર અભણે જ કર્યા છે કે કરવા પડ્યા છે. અહીં ફક્ત ગુણ (માર્ક) જોવાય છે ગુણ (મૂલ્ય) નથી જોવાતાં.

જે શાળાઓમાં જેમની માથે પંદર પોલીસ કેસ થયા હોય એવા ચાર ચોપડી ભણેલ નેતાઓ છોકરાઓની હાજરીમાં ચાણક્યોને ખખડાવતા હોય. આ દ્રશ્ય જોનાર વિદ્યાર્થી શું બનશે? ગુણોત્સવમાં આવનાર સનદી અધિકારીઓ ગુરૂઓનું મૂલ્યાંકન કરે છે પણ પોતે તેમાંથી કેટલા ઈમાનદાર હશે? જો કે મોટાભાગના સારા અધિકારીઓને ગુરૂઓની કસોટી કરવી નથી ગમતી. પણ બધાની મજબૂરી હોય.. હમણાં મને એક ખાનગીશાળાના અભણ સંચાલકે પૂછ્યું : શિક્ષણ કથળવાનું કારણ શું હશે? મેં કહ્યું : તમારા મોબાઈલમાં ફ્રન્ટ કેમેરો કેટલા મેગા પિક્સલનો છે જુઓ તો?

કથળેલ પ્રાથમિક શિક્ષણ માટે જવાબદાર..!!

**એક શિક્ષક..???**

# વિદ્યાર્થી આલમ

## "વિસરાયેલી યાદો"

**જાદવ મિતાલી વિ.**
**ધોરણ : ૧૦ (ક), જે. એન. બાલિકા**

બાળપણને યાદ કરવા બેસીએ તો આખો દિવસ અને રાત પણ બેસી રહેવાનું કહે તો બેસી રહેવાનું મન થાય. આપણે જ્યારે મોટા થઈએ છીએ ત્યારે બધી જૂની યાદો યાદ કહીને એવું મન થાય છે કે કાશ ! આપણે અત્યારે પણ નાના જ હોત.

નાના હતા ત્યારે આખો દિવસ બધા બાળકોની સાથે આપણે રમીએ તો પણ આપણને કોઈ બોલતું નહિં. બગીચામાં જતા હતા. હીંચકામાં ઝૂલતા હતા. અરે ! ક્યારેક તો હીંચકા માટે પણ ઝઘડતા હતા. પડતા હતા. રોતા હતા, હસતાં હતા અને બાળપણની મજા માણતા હતા.

ત્યારે આપણે ખો-ખો, કબડ્ડી, લંગડી, દોડ-પકડ, ઘર-ઘર, સંતાકૂકડી, લખોટી, બરફ પાણી, આંધળો પટ્ટો, લીંબુ ચમચી, સાપસીડી વગેરે જેવી રમતો રમતા હતા. પણ અત્યારે તો જ્યાં જોઈએ ત્યાં બસ મોબાઈલ જ હાથમાં જોવા મળે છે. ત્યારે મમ્મી કહેતી હતી કે બેટા ! ઘરે આવી જા અંધારું થયું અને હવે મમ્મી કહે છે આખો દિવસ બસ ઘરમાં જ બેસી રહે છે આ મોબાઈલ લઈને.

આ યુગ ટૅક્નૉલૉજીથી ભરપુર યુગ કહેવાય. જેમ જેમ નવી નવી ટૅક્નૉલૉજીનો ઉદ્ભવ થાય છે તેમ તેમ આપણો અને આપણા દેશનો વિકાસ થઈ રહ્યો છે અત્યારે સૌ કોઈ પોતાના ભવિષ્યને લક્ષ્યીને આગળ વધતા હોય છે તે પ્રમાણે કામ કરતા હોય છે. આ દોડ-ધામવાળી જિંદગીમાં આપણે આપણા જૂના દિવસો યાદ કરતા જ નથી. કોઈને સાથે બેસીને હસી-મજાક કરવાનો પણ ટાઈમ હોતો નથી. ઘરમાં પણ જ્યારે મમ્મી અને પપ્પા બંને નોકરી કરતા હોય છે. તો પોતાના બાળક માટે પણ ટાઈમ નીકાળી શકતા નથી અને એ બાળકને પણ ટાઈમ મળતો નથી કે એ પોતાના મમ્મી પપ્પા સાથે બેસીને વાતો કરી શકે.

પણ આજે ખબર નહીં કેમ ? મારી પાસે એ થોડો સમય છે કે હું તમારી સાથે જૂની યાદોને યાદ કરી શકું. હું તમને બાળજીવનના થોડા વિસરાયેલા ગીતો યાદ કરાવી શકું.

મને આશા છે કે તમને બધાને પણ પોતાના બાળપણની યાદ જરૂર આવશે.

તો,

(૧) વારતા રે વારતા
ભાભો ઢોર ચારતા
ચપટી બોર લાવતા
છોકરાઓને સમજાવતા
એક છોકરો રિસાણો
કોઠી પાછળ ભિસાણો
કોઠી પડી આડી
છોકરાએ રાડ પાડી
અરરર માડી !

(૨) એક બિલાડી જાડી
તેણે પહેરી સાડી
સાડી પહેરી ફરવા ગઈ
તળાવમાં તે તરવા ગઈ
તળાવમાં તો મગર
બિલ્લીને આવ્યા ચક્કર
સાડીનો છેડો છૂટી ગયો
મગરના મોઢામાં આવી ગયો
મગર બિલ્લીને ખાઈ ગયો.

(૩) મામાનું ઘર કેટલે ?
દીવા બળે એટલે
દીવા મેં તો દીઠા
મામા લાગે મીઠા
મામી મારી ભોળી
મીઠાઈ લાવે મોળી

મોળી મીઠાઈ ભાવે નહીં
રમકડાં તો લાવે નહીં.

(૪) અડકો દડકો
દહીંનો દડકો
દહીં દૂજે, દરબાર દૂજે
વાડી માંહીનો વેલો દૂજે
ઉલ મૂલ ધતૂરાનું ફૂલ
ખાઈ જા શેરડી ને ખજૂર.

હવે લાગે છે કે તમને તમારા બાળપણની યાદ આવી ગઈ હશે. તો હવે આપણે જે મગજને કસીને જીવનમાં આગળ વધવા માટે ભણી-ગણીને તૈયાર થઈ રહ્યા છીએ ત્યારે તેમાંથી થોડો સમય નીકાળીને પોતાના મિત્રો સાથે જૂની બાળપણની વાતો યાદ કરીએ અને થોડીવાર મોબાઈલને બાજુમાં મૂકીને ઘરની બહાર જઈને એવી રમતો ને યાદ કરીને રમીએ કે જેને આપણે સૌ ભૂલી ગયા છીએ. જેનાથી આપણને આપણા તણાવ ભર્યા જીવનમાંથી શાંતિ પ્રાપ્ત થાય.

# પિતા

**જાદવ મિતાલી વિનોદભાઈ (ધો. ૧૧-ગ)**
**જે. એન. બાલિકા વિદ્યાલય**

થાક ઘણો હતો ચહેરા પર પણ
અમારી ખુશી માટે અનહદ પરિશ્રમ કરતા જોયા છે,
આંખમાં ઉંઘ હતી ઘણી છતાં પણ
ચિંતામાં જાગતા જોયા છે
તકલીફો ચારે બાજુથી હતી પણ,
હિંમત હાર્યા વગર એકલા હાથે લડતા જોયા છે,
કોઈને તકલીફ વર્ણવતા ન હતા, પણ
અડધી રાતે ખૂલી આંખે,
અમારા ભવિષ્યના સપના સજાવતા જોયા છે,
પાઈ પાઈ ભેગી કરી અમારી ખુશીને ખરીદતા જોયા છે,
એ ખુશી માટે પોતાના સપનાઓને છુપાવતા જોયા છે,
પોતાની પસંદગીને ના પસંદ કરી,
અમારી પસંદગીને અપનાવતા જોયા છે.
વ્યક્તિ એક હતા પણ,
વિશેષતાઓ અનેક હતી,
પિતા, પપ્પા અને Dad સ્વરૂપે,
અમારા સર્જનહારને જોયા છે.

---

**પેરેન્ટિંગ ઉર્ફે માતાપિતાનું પ્રશિક્ષણ**

(૩) અન્યને અવળે પાટે ચડાવી શકાય, એમાં જરાય વાંધાજનક નથી.
(૪)પોતાના સ્વાર્થ ખાતર અન્યને છેતરી શકાય, એમાં જરાય ખોટું થતું નથી.
(૫)બીજા સાથે દગો કરવો. એમાં કશુજ ખોટું નથી.

આને પરિણામે બાળકનાં ચિત્તમાં સ્થાયીભાવનો જે પિંડ રચાય છે તે ઉંમર વધતાં વિકસતો જાય છે.તેનું પરિણામ આપણે આપણી નરી આંખે સમાજમાં જોઈ શકીએ છીએ....દરેક સ્થળે છેતરવાનો ધંધો પૂરબહારમાં ખીલ્યો છે. તેથી લાખો ને કરોડોના ગફલા કરનારા એમ માનીને લીલા લહેર કરે છે કે આવી છેતરામણ તો કરાય, એમાં કશો વાંધો નહિ. તેનાથી માબાપ તદ્દન બેખબર હોય છે. પછી અપ્રત્યાશિત રૂપે જયારે માબાપ સમક્ષ ઉદ્ઘાટિત થાય છે ત્યારે માબાપ આકાશમાંથી ઉંધેકાંધ પછડાય છે. દીકરો વંઠી ગયો , દીકરો હાથથી ગયો. એવા ભાવ સાથે નિરાશાની ગર્તામાં ધકેલાઈ જાય છે. પરંતુ એવું  નથી વિચારતાં કે આ તો જેવું વાવ્યું છે તેવું લણી રહ્યાં છીએ. માટે જ બાળપણને સદ્ગુણોનું ધરૂવાડિયું કહ્યું છે.

આ પ્રકારની મનોવૃત્તિ તો સમાજને લાગેલી ઉધઈ છે. તે સમાજને કોરી ખાશે....ખોખલો બનાવી દેશે. શું તેને અટકાવવાની જરૂર નથી? લાગે છે ? તો વિચારો......આ બાબતે શું થઈ શકે? આ મનોવલણનાં બીજારોપણ કરનાર આપણે જ છીએ કે? તો તેના નિરાકરણની શરૂઆત આપણે જ કરવી જોઇશે ને?

નોંધ: આ સવાલ સમાજમાં તરતો મૂક્યો છે અને અપેક્ષા છે કે માતાપિતા પોતાના વિચારો આગળ આપેલ સરનામે મોકલશે.

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**

સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

● **મિશન વિદ્યામાં ધો.૩ના વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકે :** સરકાર દ્વારા મિશન વિદ્યાનો અમલ ધોરણ ૬થી ૮માં કરાયો હતો. સરકારને મિશનને પરિણામે હકારાત્મક પરિણામ મળતાં હવે ધોરણ-૩માં પણ મિશન વિદ્યાનો અમલ થઈ શકે છે. મિશન વિદ્યા દરમિયાન ધોરણ ૬ થી ૮ના નબળાં વિદ્યાર્થીઓને ખાસ ટ્રેનિંગ આપવામાં આવી હતી. સરકારના મતે આ મિશન વિદ્યાને કારણે બાળકોના લેખન, ગણન અને વાંચનમાં ફેર પડ્યો છે. વિદ્યાર્થીની બુદ્ધિ વિકસી છે. જેથી આ મિશનનો લાભ અન્ય ધોરણના નબળા વિદ્યાર્થીઓને પણ મળે તેમ સરકાર ઈચ્છે છે.

● **ધો.૧૦ની માર્કશીટમાં સુધારા હવે ગાંધીનગરથી થઈ શકશે :** ધોરણ-૧૦ની માર્કશીટ કે પ્રમાણપત્રમાં નામ, અટક અને જન્મતારીખના સુધારા ગાંધીનગર ખાતે આવેલી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરી ખાતે આવેલી વિદ્યાર્થી સેવા કેન્દ્રની કચેરીમાં થઈ શકશે. આ પહેલા વિદ્યાર્થીઓને આવા સુધારા કરવા માટે વડોદરાની કચેરીનો સંપર્ક કરવો પડતો હતો. પરંતુ હવે ધીરે ધીરે ધોરણ ૧૦ની પ્રક્રિયાઓને ગાંધીનગર ખાતે લઈ જવામાં આવી રહી છે. આમ થવાને કારણે ધો.૧૦ અને ધો.૧૨ના તમામ કામો એક જ સ્થળેથી થઈ શકશે.

● **૮૦ ટકા હાજરી ધરાવનારા વિદ્યાર્થી જ ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષામાં બેસી શકશે :** રાજ્યની શાળામાં થયેલા શૈક્ષણિક કાર્યના ૮૦ ટકા હાજરી ધરાવનારા વિદ્યાર્થી જ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-એપ્રિલ-૨૦૧૯માં લેવાનારી ધો.૧૦ અને ધો.૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં બેસી શકશે. વાજબી કારણ હશે તો ૧૫ ટકા સુધીની હાજરીની તૂટ માફ કરવાની સત્તા બોર્ડના અધ્યક્ષને રહેશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ પરીક્ષાના નિયમોમાં સુધારો કર્યો છે. તે મુજબ શૈક્ષણિક કાર્યના ૮૦ ટકા દિવસોની હાજરી હશે તેવા ઉમેદવારો જ માર્ચ એપ્રિલની પરીક્ષામાં બેસવા માટે લાયક ગણાશે.

● **રાજ્યના નિષ્ણાત શિક્ષકોના લેક્ચરના વીડિયો યુ-ટ્યુબ ઉપર મૂકવામાં આવશે :** ગ્રામીણ વિસ્તારોમાં સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલોમાં અપૂરતા સ્ટાફના કારણે વિદ્યાર્થીઓને પોતાના પ્રશ્નોના સોલ્યૂશન ગુજરાતના જાણીતા વિષય નિષ્ણાત શિક્ષકો પાસેથી મળી રહે તે માટે સેકન્ડરી અને હાયર સેકન્ડરી બોર્ડ આ શિક્ષકોના લેક્ચરને યુ-ટ્યુબ ઉપર મૂકશે. વિદ્યાર્થીઓ યુ-ટ્યુબ ઉપરના વીડિયો જોઈને જરૂરિયાત મુજબ શીખી શકશે. આ પ્રયોગથી ૧૦ લાખ વિદ્યાર્થીઓને લાભ થશે. બોર્ડ ધો. ૯ અને ૧૧ના વિવિધ વિષયોના લેક્ચર પણ મૂકશે. ધો.૧૦-૧૨ના વિષયોના લેક્ચર આવતા વર્ષે મુકાશે.

● **એન્જિનિયરિંગનો અભ્યાસ છોડનારા વિદ્યાર્થીઓ :** ડિગ્રી ઈજનેરી કૉલેજમાં પ્રવેશ મેળવ્યા પછીથી કોર્સ અધૂરો લાગતા અધૂરો અભ્યાસ છોડીને ચાર વર્ષમાં બીએસ.સીની કૉલેજોમાં આશરે ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન યુનિવર્સિટી સંલગ્ન ૧૨થી વધુ બીએસ.સી કૉલેજોના આશરે ૧૫૩થી વધુ વિદ્યાર્થીઓ એવા છે જેમણે ઈજનેરીનો અભ્યાસક્રમ છોડ્યો છે. યુનિવર્સિટીની સાથે સંકળાયેલી ૨૫ બીએસ.સી કૉલેજમાં ૮૦૦૦થી વધુ બેઠકો ભરાઈ ગઈ છે. જ્યારે

૫૦૦થી વધુ બેઠકો ખાલી રહી છે.

● **રાજ્યની ૪૦ સરકારી કૉલેજને ટૂંક સમયમાં પ્રિન્સિપાલ મળશે :** રાજયની પ્રિન્સિપાલ વગરની ૪૦ સરકારી કૉલેજોને ટૂંક સમયમાં નવા પ્રિન્સિપાલ મળશે. જીપીએસસીએ સાયન્સ, કૉમર્સ, આર્ટ્સ, લૉ એજ્યુકેશન સહિતની વિદ્યાશાખાની ૪૦ કૉલેજોમાં પ્રિન્સિપાલની નિમણૂક માટેની ભલામણ કરી છે. જે અંતર્ગત ટૂંક સમયમાં રાજ્ય સરકાર દ્વારા પ્રિન્સિપાલ માટે લાયક ઉમેદવારોના ડૉક્યુમેન્ટ વેરિફિકેશન સહિતની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ નવા પ્રિન્સિપાલની નિમણૂક કરવામાં આવશે.

**ટૂંકાવીને...**

● રજા ઉપર ૧ વર્ષથી વિદેશ ગયેલા શિક્ષકો સસ્પેન્ડ થઈ શકે છે. ડીઈઓ કચેરીએ કરેલો આદેશ.

● યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં વાંચનનો સમય અઢી કલાક વધારાયો. વિદ્યાર્થીઓને વધુ સમય મળી રહે તે માટે લેવાયેલ નિર્ણય.

● સર્વ શિક્ષા અભિયાન કચેરીનો શાળાઓને નિર્દેશ કરવામાં આવ્યો છે કે વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે પ્રાથમિક શાળાને ગ્રાન્ટ મળશે.

● ૧ થી ૧૫ વિદ્યાર્થીઓની સંખ્યા માટે ૧૦ હજાર.
૧૫થી ૧૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા માટે ૨૫ હજાર.
૧૦૦થી ૨૫૦ વિદ્યાર્થીઓની સંખ્યા માટે ૫૦ હજાર
૨૫૦થી ૧૦૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા માટે એક લાખ

## દુનિયાના સૌથી ઊંચા શિલ્પના સર્જક - રામ સુતાર

છે. જે રામ સુતારનું જન્મસ્થળ પણ છે. આ શિલ્પ ૪ ફૂટ ઊંચું છે અને તેને સિમેન્ટથી બનાવવામાં આવ્યું છે. ત્યારબાદ લગભગ ૩૫૦ જેટલા મહાત્મા ગાંધીના શિલ્પો તેમના દ્વારા બનાવવામાં આવેલ છે. આ શિલ્પો વિવિધતાસભર છે. જેમકે, ગાંધીજી ચાલતા હોય, ધ્યાનમાં બેઠા હોય, બે બાળકો સાથે ચાલતા હોય, તેવા જુદી જુદી મુદ્રાવાળા શિલ્પોનો સમાવેશ થાય છે. ગાંધીજીના શિલ્પોનું સ્થાપન ભારતની મહત્ત્વની જગ્યાઓ ઉપર કરવામાં આવેલ છે. જેમકે, આપણી સંસદમાં ૧૬ ફૂટ ઊંચું શિલ્પ જે ધ્યાનની મુદ્રાનું છે, ૪ ફૂટ ઊંચું કાંસ્ય શિલ્પ જે પ્રગતિ મેદાનમાં છે, ૧૩ ફૂટ ઊંચું બે બાળકો સાથેનું ગાંધીજીનું શિલ્પ D.P.S. નોઈડા ખાતે મૂકવામાં આવેલ છે.

● જવાહરલાલ નહેરૂ :

રાજીવ ગાંધીની સરકાર વખતે બનાવવામાં આવેલું પંડિત જવાહરલાલ નહેરૂનું ૧૨ ફૂટ ઊંચું કાંસ્ય શિલ્પ ૧૯૮૫માં જયપુરના રામનિવાસ બગીચામાં સ્થાપિત કરવામાં આવેલ છે. ૧૯૮૭માં મનાલીના Mall Road પર તેમનું શિલ્પ સ્થાપિત કરવામાં આવેલ છે. આ ઉપરાંત, ૧૯૯૧માં લખનૌના જવાહરપાર્કમાં ચાચા નહેરૂનું શિલ્પ સ્થાપિત કરવામાં આવેલ છે.

## વસિયતનામું

આંખમાંથી હૂંફાળા આંસુઓની ધાર વહેવા લાગી. પોતાને હવે તેઓ નિઃસહાય અને નિરાધાર સમજવા લાગ્યા. ત્યારપછી એમણે આજ દિન સુધી એ મકાન કોઈને ભાડે આપ્યું નથી.

હેમેન જુઓ તો આ કુરિયર આવ્યું છે. શેનું છે ? ક્યાંથી આવ્યું છે ? લાવ, હેમાક્ષી.... આ જો, શું થયું ? શું લખ્યું છે એમાં ? અરે....રે ! સુમિત્રાબા મૃત્યુ પામ્યા..... બા.....! આગળ, બીજા વસિયતના કાગળ છે, એમણે પોતાની બધી સંપત્તિ મારા નામે.... કરી દીધી છે. એનો આ કાગળ અને વસિયતનામું છે. અરે ! બા, આ શું થઈ ગયું. એમાં લખ્યું છે હું સુમિત્રાબહેન પાઠક (હેમેનની બા) મારા પૂરા હોશ-હવાશમાં, રાજી-ખુશીથી, કોઈ પણ પ્રકારની ધાક-ધમકી વગર, સભાનતાપૂર્વક મારી તમામ સંપત્તિ શ્રી હેમેન પાઠક(પંડ્યા) ના નામે કરું છું. સહી - સુમિત્રાબહેન પાઠક.

લગભગ બે દશકા પછી પણ આ સંપત્તિ બાના જેવી જાજરમાન વડીલોની સેવા માટે અને બંને મકાનોમાં એ દંપતિ તેઓને સ્વાભિમાનપૂર્વક રાખે છે.

સને ૧૯૧૮ 100 સને ૨૦૧૭ વર્ષ

શતાબ્દી વંદના

મુ.શ્રી જશીબહેન નાયક • સરસ્વતી વિદ્યામંડળ

# શુભેચ્છા રેલી

75 ૧૯૪૪ ૨૦૧૮

અમૃત પર્વ



Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા • ડિસેમ્બર-૨૦૧૮ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- • વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

“ પ્રજાને તાબે કરવાનું કામ
લશ્કર દારૂગોળાથી કરે છે;
પોલીસખાતું દંડાથી કરે છે;
કાયદો દંડ અને કેદનો ડર બતાવીને કરે છે;
ધર્મ આ લોક અને પરલોકનું મનોહર કે
ભયાનક ચિત્ર બતાવીને એ કામ કરે છે;
માત્ર કેળવણી જ બુદ્ધિને જાગ્રત કરીને,
ટેવો પડાવીને કે બદલાવીને અને
સેવાની વૃત્તિ ખીલવીને જીવનમાં
કાયમનું પરિવર્તન કરીને કરે છે. ”

**કાકાસાહેબ કાલેલકર**

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.